
Barcode : 99999990874386
Title - Sorathi Santo.
Author -
Language - gujarati
Pages - 144
Publication Year - 1939
Barcode EAN.UCC-13
9 999999 087438




:: ભાગ પહેલો ::



गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजराती कॉपीराअिट विभाग ]

अनुक्रमांक ૧૪૭૫૨ वर्गांक

पुस्तकनुं नाम સોરઠી સંતો

विषय A ૨૨૧ ૭ ૨૧

# સોરઠી સંતો


# સૌરાષ્ટ્રનાં પુસ્તકો

| | |
|---|---|
| લગ્ન-ગીતો | ચુંદડી (૧-૨) |
| વ્રતકથાઓ | કંકાવટી |
| લોકગીતો | રઢીયાળી રાત (ત્રણ ભાગ) |
| પ્રેમશૌર્યની કથાઓ | સૌરાષ્ટ્રની રસધાર (૧ થી ૫)<br>સોરઠી બહારવટીયા (૧-૨) |
| રૂપકથાઓ | ડોસીમાની વાતો<br>દાદાજીની વાતો |
| નાટકો | રાણા પ્રતાપ<br>શાહજહાં |
| જીવન ચરિત્રો | ઝંડાધારી<br>સત્યવીર શ્રદ્ધાનંદ<br>શિવાજી મહારાજ<br>દેશબંધુ |
| મોગલવારાની કરુણ કથાઓ | બુઝાતો દીપક (૧-૨) |
| અન્ય પ્રજાઓનાં સ્વાતંત્ર્ય-યુદ્ધો | હંગેરીનો તારણહાર<br>એશિયાનું કલંક<br>અમર મહાજનો (છપાય છે.) |

મૂલ્ય માટે લખો : સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિર, રાણપુર.

# સોરઠી સંતો

:: ભાગ પહેલો ::



ઝવેરચંદ મેઘાણી

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૧૪૭૫૨

મુદ્રક અને પ્રકાશક
અમૃતલાલ દલપતભાઈ શેઠ

આવૃત્તિ પહેલી
પ્રત ૨૦૦૦
સપ્ટેમ્બર ૧૯૨૮

આવૃત્તિ બીજી
પ્રત ૧૦૦૦
મે ૧૯૨૯

મૂલ્ય
કાચું પુંઠું : દસ આના
પાકું પુંઠું : ચૌદ આના

મુદ્રણસ્થાન
સૌરાષ્ટ્ર મુદ્રણાલય : રાણપુર

# સાંકળિયું


| | | | |
|---|---|---|---|
| ૧ | પ્રવેશક | ... | ૧—૨૦ |
| ૨ | પાંચાળનું ભક્તમંડળ<br>મેપો, રતો, જાદરો<br>તથા ગોરખો | ... | ૧—૨૮ |
| ૩ | દાના ભગત<br>વીસામણ ભગત<br>ગીગો ભગત | ... | ૨૯—૬૯ |
| ૪ | વેલો બાવો<br>રામ બાવો | ... | ૭૦—૧૧૨ |

# નિવેદન

જાહેરાત કર્યા પછી ઘણે લાંબે ગાળે આ 'સંતો'ની જીવન-કથાઓ હાથમાં લઇ શકાય છે. વાંચનારાં ભાઇઓ બ્હેનોની સહાય હશે તો હવે પછીના ખંડો આટલા વિલંબને આધીન બની નહિ પડયા રહે એની ખાત્રી આપું છું. હજુ આવા બીજા ચારેક ખંડ થશે.

આ વૃત્તાંતોમાં વર્ણવાએલા પરચાઓની સામે ઘણા વાચકોને કદાચ મનદુઃખ થશે એમ માનું છું. એ પરચાને લગતી મારી જે વિચારણા તેમજ જે ફરજ મેં પ્રવેશકમાં સમજાવી છે, તે વાંચી ગયા પછી જ વૃત્તાંતોમાં ઉતરવાની સર્વેને મારી વિનતિ છે,

સોરઠી કથા વાર્તાના સાહિત્યમાં મને સહુથી પ્રથમ પ્રવેશ કરાવનાર વ્યક્તિ તે હડાળા દરબારશ્રી વાજસૂરવાળા છે. 'રસધાર'ના આરા પર એ માનવંત નામ પ્રથમથી જ અંકિત થઇ ચૂકયું છે. પરંતુ તેમાં યે 'આ 'સંતો'ના પ્રદેશમાં મને તેડી જવાનો તેમનો ઉપકાર તો વિશિષ્ઠ છે. એમના મધુર સહવાસથી જ આ બધો રસ લાગી શકયો છે અને એમની ખંત થકી જ આમાંની ઘણી ઘણી સામગ્રીઓ એકઠી કરી શકાઇ છે. એમનો આભાર માનું તો એમના આત્મીય ભાવને મેં અપમાન્યો ગણાય. આ બધું સાહિત્ય લખવાની ઉમેદ તેમની જ હતી. પોતે પ્રવૃત્ત પણ થયા હતા. પરંતુ આખરે તો એમણે નિર્લેપ ભાવે મને જ પોતાની સવાતું મધ્ય દ્વાર–Medium–બનવા દીધો છે. આ લખાવટ મારી પોતાની છે. લખીને હું એમની નજર તળેથી આ કથાઓને કઢાવી નથી શકયો. એટલે ભાષા વગેરેના જે દોષો રહી ગયા હોય તેનો જુમ્મેદાર મને એકલાને જ સમજવો.

બીજો આભાર સૌરાષ્ટ્ર કાર્યાલયના સ્નેહભીના તંત્રી મંડળનો માનવો રહે છે. ભાઇશ્રી કકલભાઇ કોઠારી, ભાઇશંકર દ્વિવેદી તથા હરગોવિંદદાસ પંડિત મળીને ત્રણે બંધુઓએ પોતાની માહેતી, વિચારણા અને વિવેક દ્રષ્ટિ વડે મારા કાર્યમાં જે મીઠો સાદ પૂરાવ્યો છે, તેનાં મૂલ મારે મન ઓછાં નથી.

| | |
|---|---|
| સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિર<br>ભાદરવા શુદ ૮<br>સં. ૧૯૮૪ | **સંપાદક** |

# નિવેદન : બીજી આવૃત્તિ

આ પુસ્તકનો ઉઠાવ ત્વરાભેર થયો છે; અને એના પ્રવેશકમાં 'પરચાઓ'ની ભ્રમણા ટાળવા માટે લેવાએલી મહેનત ફળી છે. પરચાના જૂઠા મહિમા અને પરચાને નામે ચાલતા ઢોંગ પરત્વે આટલું સ્પષ્ટ લખાણ થવાથી વાચકોએ પુસ્તકને સવિશેષ લાગણીથી વધાવ્યું છે. એ બદલ અમે આભારી છીએ. વાચકોને પુનઃ પણ એ જ વિનતિ છે કે સંતો મહંતો પ્રત્યેનું લોક–વલણ બુદ્ધિયુક્ત અને વિશુદ્ધ બનાવવાના પ્રયત્નો ચાલુ રાખજો. અંધશ્રદ્ધાએ આપણો દાટ વાળી દીધો છે.

પૂસ્તકનાં પાનાં વધવાને પરિણામે તેમજ બીજાં કારણે મૂલ્યમાં વધારો કરવામાં આવ્યો છે.

વૈશાખી પૂર્ણિમા : ૧૯૮૫ — પ્રકાશક

# પ્રવેશક

શૈવી, વૈશ્નવ, જૈન, અથવા સ્વામીપંથીઃ એવા કોઇ એક સંપ્રદાયની અંદર મહિમા પામેલા ધર્મગુરૂઓનાં આ વૃત્તાંતો નથી. આહીં સંઘરવામાં આવ્યાં છે તે અને હવે પછી સંઘરાશે તે તમામ તો લગભગ બીનસંપ્રદાયી અને ગ્રામ્ય વસતીના નીચામાં નીચા પડ સુધી ઉતરેલા ઇશ્વરપ્રેમી ને સેવાભાવી સામાન્ય સંતોનાં બયાનો છે. એનું 'લોક–સંતો' એવું નામ બરાબર અર્થવાહી લાગે છે. કેમકે તેઓ લોકોને રંગે રંગાયા હતા, અને લોકો તેઓને રંગે. લોક–સમાજના નજીકમાં નજીકના ચોકીદારો તેઓ જ હતા. સાંપ્રદાયિક સંતો પૈકી જેઓ જેઓ આ કક્ષામાં આવી શકશે, તેઓને પણ બેશક અત્રે સંઘરવામાં આવશે.

## ધાર્મિક વાતાવરણ

'સૌરાષ્ટ્ર' એટલે મિલન–ભોમઃ શૂરાઓની તેમજ સંતજનોનીઃ સૌરાષ્ટ્ર એટલે પ્રણય–ભોમઃ સાંસારિક તેમજ પરમેશ્વરી પ્રેમિકોનીઃ સૌરાષ્ટ્ર એટલે સમરાંગણઃ ધરાકામી તેમજ મુક્તિકામી, બન્ને જાતિના લડવૈયાઓનું. આ રસકસભરી ભોમ પર લોભાઇને જેમ ત્રણ દિશાએથી ક્ષત્રિકુલો ખડગ વીંઝવા આવ્યાં, ડુંગરિયાળ ગૌચરો અને અખંડ વહતી નદીઓથી નજરાઇને જેમ આહિર ચારણ ને ભરવાડ રબારી માલધારીઓ ગોધન ઘોળી ઉતર્યા, તેમ ગરવા ગિરનાર, સોમનાથ અને દ્વારામતીને ધર્મ–આકર્ષણે

ભરતખંડના ખુણે ખુણેથી સંતો પધાર્યા. ગિરનાર એટલે ગુરૂ દત્તની નવ નાથ અને ચોરાસી સિદ્ધોવાળી તપસ્વી–સેનાનું બેસણું: અરધ ગુપ્ત અને અરધ પ્રગટ એવું એક તપોવનઃ પહાડનો પોતાનો જ દેખાવ કોઇ પલાંઠી વાળી યોગાસને બેઠેલા ત્રિકાલાતિત યોગી જેવો : પાષાણ પાણી અને વનસ્પતિના ત્રિગુણ પ્રભાવ તે ગરવા ગિરનારના : જૈન તીર્થંકર નેમીનાથ, હિન્દુ દેવતા દત્ત ગુરૂ, મુસ્લીમ ઓલીઆ જમીયલશા અને શક્તિ જોગણી અંબાજી: એવાં સર્વેનું એ સૈયારૂં સંગમ–તીર્થ : એની સર્વદેશીય અસર સારા યે ભરત-ખંડ પર ગરવા ગિરનારે છાંટી.

સૌરાષ્ટ્રના આથમણા મહાસાગરને કિનારે સોમૈયોજી સ્થપાયા. કૃષ્ણચંદ્રના ઉતારા પણ સાગર–તીરે મંડાયા. એ બન્ને તીર્થોએ દીધું દરિયાઇ વાતાવરણ. અને આ ભરતખંડમાં વિરલ એવી સૂર્યદેવની તીર્થ–સ્થાપના પણ સોરઠને પાંચાળ–પ્રાંતે 'સૂરજ દેવળ' નામે પ્રખ્યાત થઇ. કોઇને ન નમનાર એવા કાઠી–કુલે ત્યાં જઇ એ આકાશી દેવની સન્મુખ શિર નમાવ્યાં.

લોભાઇ લોભાઇને દૂરદેશવાસી ભક્તજનો સોરઠમાં ઉતર્યા: ને એણે પર્યટનનો માર્ગ સમુદ્રના કિનારે કિનારે લીધો. આપણે ઉગમણે કિનારે જોતા જાઓ : ત્યાં યાત્રિકોની કેડી પડી છે: તળાજા, કોળીઆક, ખારી મીઠી વીરડી, ગોપનાથ, પીપાવાવ, મૂળ દ્વારકા, ઉપરગાળે આવેલાં ગુપ્ત–પ્રયાગ, તુલસીશ્યામ, પ્રભાસ-પાટણ, સુદામાપૂરી અને ત્યાંથી દ્વારામતી: એ મહાયાન પર તીર્થગામીઓનો સંઘ કૈં સેંકડાથી ચાલ્યો જ આવે છે. ભક્ત પીપાજી, રહીદાસ, તુળસીશ્યામના દૂધાધારી સ્થાપક વગેરે ઘણા ઘણા ત્યાં થઇને આવ્યા ને માર્ગે જ્યાં જ્યાં મન ઠર્યાં ત્યાં ત્યાં ધર્મશાળા, સદાવ્રતો કે ગૌશાળાનાં તોરણ બાંધતા ગયા. અનેક ખાખી બાવાઓનાં બેસણાં પણ એ જ રીતે આંહી બંધાયાં. શ્રીમત્ વલ્લભાચાર્યના દેશ–પર્યટન દરમ્યાન પાવન થયેલી ગણાતી ચોરાસી 'બેઠકો' પૈકી એક સામટી આઠેક બેઠક તો આંહી સૌરા-ષ્ટ્રમાં જ ગણાવાય છે.

પરંતુ આપણે તો તેથી યે જરા જૂની તવારીખમાં ડોકીયું કરીએ: સૌરાષ્ટ્ર પર મહાન અસર પાડીને અહિંસાને રંગે રંગનારો બૌધ ધર્મ એકવાર આંહી કેવળ રેવતાચળની જ આસપાસ નહિ, પણ છેક પુર્વ ખૂણામાં તળાજા સુધી પ્રવર્ત્યો હશે. એભલ–મંડપ શાં ખંડિયેરો એની સાક્ષી પૂરે છે.

આમ કેટલાં કેટલાં ધર્મ તત્ત્વોનો પાસ સોરઠનાં લોકોનાં અંતઃકરણો પર બેઠો હશે એ સમજી શકાય છે. યોગીઓના યોગ તત્ત્વનો, સોમનાથ–પ્રેમીઓનાં શૈવ તત્ત્વનો, બૌદ્ધમતના દયાતત્ત્વનો, અને ઇસ્લામની એકોપાસનોઃ ને આ બધી ભાત્ય ઉઠી તેનું કારણ સૌરાષ્ટ્રની જન–પ્રકૃતિઃ મુખ્યત્વે પશુધારીઓ લક્ષ્મીનાં લાલચુ ઓછાં, કુદરતનાં સંગીઓ, સ્વપ્નાવસ્થ, ઉર્મિભર્યાં, ભાવઘેલડાં, શ્રદ્ધાળુ, અંધશ્રદ્ધાળુ, અને વ્હેમી પણ સારી પેટે! વળી દેહ મનથી જેમ યુદ્ધ વૈર અને પ્રેમમાં જોરાવર, તેમઅથવા તેથી જ ત્યાગ, આસ્થા અને ભક્તિ પરત્વે પણ ઉગ્ર આવેશમય. એવી ભોં ઉપર ભક્તિનાં બીબાં ધાટાં ઉઠયાં. જેમ લક્ષ્મીના ઢગલામાં લોટી લોટીને થાકેલાં અમેરિકાવાસીઓ કોઇ ધર્મ કલા કે સાહિત્યના વ્યાખ્યાન તરફ અથવા આધ્યાત્મિક વાતો તરફ તૃષાતૃરોની ધખનાથી ઢળે, તેમ લડાઇઓ, ધાડાં, રક્તપાત વગેરે બીનસલામતી જીવનક્રમમાં પીટાતાં સૌરાષ્ટ્રવાસીઓ ધર્મની શાંતિ તરફ સહેલાઇથી વળતાં હતાં.

## કેટલી જાતના સંતો

એ રંગોમાં રંગાઇને પ્રવર્તેલા સંતોની હવે આપણે વ્હેંચણ કરવી જોઇશે. હું એ સમુદાયના આટલા ભાગ પાડું છું.

૧. લંગોટધારી, ભભૂતધારી ગિરનારીઓઃ ખાખી બાવાઓઃ જેનાં મુકામો મુખ્યત્વે કરીને ગિરનાર ફરતાં મળે છે. ધુંધળીનાથ, સિદ્ધનાથ, કરેણીનાથ, વગેરેની 'પટ્ટણ સો દટ્ટણ' જેવી અલગારી કથાઓ આંહી પ્રચલિત છે. તેઓ સદંતર ત્યાગીઓ હતા. વસ્તીથી નિરાળા ગુફાવાસી કે તરૂછાયાના નિવાસી હતા. તપસ્વીઓ હતા.

દુર્વાસાના વારસદાર–ક્રોધી પણ હોવા જોઇએ. આજ એનો પંથ અતિ જાલીમ બન્યો છે. એ ગામડાંને શોષે છે.

૨. બીનભજનિક, ધંધાર્થી, સંસારભોગી સત્પુરૂષોઃ ભેખ પહેરીને એકાંત તપશ્ચર્યા માટે અરણ્યમાં કે પર્વતોમાં ચાલી નીકળેલા નહિઃ પણ ગૃહ–સંસાર ચલાવતાં ચલાવતાં અથવા તો ફક્કડ અવસ્થામાં રહ્યે રહ્યે સુકૃત્યો–લોક સેવાનાં કૃત્યો કરે, વિકારોને જીતવા મથે.

૩. ત્રીજો સમુદાય તે ભજનિક સંતોનોઃ

૪. ચોથો સમુદાય વાડીના સાધુઓનોઃ એટલે કે અંત્યજ ભક્તોનો, જેમાં રહીદાસ ચમાર, ત્રીકમ ને ભીમ મેઘવાળ, જીવણદાસ ચમાર વગેરે નામો ઝળુકે છે. એ વેલ્ય તો બહુ ફુલી ફાલી છે. એની ફોરમો સહુથી અનેરી છે. એની વાણીની તો જાણે 'ગુપત ગંગા' ફુટી નીકળી છે. 'દાસી જીવણ'નાં ભજનો મીરાંના પદોની બરાબરી કરે છે. એનો પણ અલાયદો જ વિભાગ કરીશું.

## બીનભજનિક સંતો

તેઓને ખાસ કોઇ પંથ સંપ્રદાય નહોતો. ખાસ કોઇ દેવપૂજા, ક્રિયાકાંડ, ધ્યાન કે સમાધિ નહોતાં. ભક્તિ–રસમાં તેઓ તન્મય બનેલા નહોતા. ભજનસાહિત્યના પણ બહુ ભોગી નહોતા. તેથી જ મોટે ભાગે ભજનની વાણીનો અભાવ. અથવા દાના ભગત અને શાદુલ ભગતની વચ્ચે ઘટના બની ગયેલી (જુઓ પાનું ૪૯મું) તે પ્રમાણે વાણીની બહુલતા પ્રતિ કટાક્ષ પણ ખરો–એટલી સંસ્કારિતા પણ ઓછીઃ મોટે ભાગે કર્મપ્રધાન હોવાથી વ્યવહાર–કુશળતા વાપરી જાણે. તદન પ્રભુમય ન હોવાથી રાગદ્વેષને કવચિત આધીન બની દુભાય, અંતરમાં ઘવાય, છુપો શાપ પણ આપી બેસે ખરા. એને 'સંતો' કરતાં 'સમાજ–સેવકો' કહીએ તો ચાલે.

એમનાં સુકૃત્યો ખાસ કરીને કયાં કયાં? ગૌ–સેવા અને અન્નદાન.

## ગૌ-સેવા

'કામધેનુઓની ટેલ' એ પ્રત્યેક સંતને દેવામાં આવતો ગુરૂમંત્ર હતો. નાનપણથી જ 'વાછરૂ પારવું'ને ધોળી ચારવા લઇ જવા આપવામાં આવતી 'લાકડી' એ સંતના ધર્મદંડ સમી લેખાતી. ગાયોનાં છાણુ વાસીદાં ઉપાડવાનો સૂંડો એની દીક્ષાના પ્રથમ પ્રભાતથી જ એનો સંગાથી બનતો. જાદરા, દાના અને ગીગા કે વીસામણુ જેવા દરેક સિદ્ધિવંત ગણુાતા સ્થાપકનો જીવન-પ્રારંભ ગાયોની જ ચાકરીથી થયેલો. દિવસ અને રાત્રિ ગાયોનાં જ ચરણો, જળાશયો વગેરેની ચિંતા એ લોકોને બાલ્યાવસ્થાથી જ ચોંટાડવામાં આવતી. એ ગૌસેવા જ તેઓની ત્યાગ વૈરાગ્યની કસોટી ગણુાતી. ગીગા જેવા ભક્તનું જીવન એ તા'માં તવાઇને જ શુદ્ધ કુંદન બન્યું હતું. અને તેઓનો ગાયો પ્રત્યેનો પ્રેમ કેટલી કોટિએ પહોંચ્યો હશે તેના દૃષ્ટાંત રૂપે આપણે ગોરખા ભગતના જીવનમાં વાંચીએ છીએ કે જ્યારે મોરબીના દરબારી માણુસો પાંચાળમાંથી એની જગ્યાની ગાયો લુંટી ગયાં, ત્યારે ગોરખાએ કહ્યું કે "ભાઈ, વાંસે વાછરૂ સોત દઇ મેલોઃ નીકર બાપડી કામધેનુ દૂવાશે!"

## અન્ન-દાન

ગૌસેવા જેટલું જ તીવ્ર લાગણીભર્યું કર્તવ્ય તે સદાવ્રતો તેમજ રાંધ્યું ધાન આપવાનું હતું. પોતાને આંગણે આવેલા હરકોઇ ક્ષુધાતૂરોને આહાર દેવો એ સર્વ ધર્મથી પરમ ધરમ ગણુાતો. જગ્યાઓના આદ્ય સંસ્થાપકો પ્રથમ તો ઝોળી લઇને રોટલાના ટુકડા માગવા નીકળી પડતા. એમ કરતાં કરતાં તેઓને આંગણે અનાજનાં ગાડાંની ભેટો આવવા લાગતી, પછી વસ્તી પોતાના શિર પર લાગા નાખીને દાણુા પૂરા પાડતી અને પછી ધીરે ધીરે જગ્યાઓને જમીનો પણુ અર્પણુ થતી ગઇ. આ બધી આવકને ભક્ત રાંધ્યા ધાન રૂપે ખેરાતમાં દઇ દેતો. પોતે ભૂખ્યાંને રામ-રોટી આપે છે એ એનો મોટો આત્મ-સંતોષ હતો. એ આપવામાં લાયક નાલાયક ન જોવાતાં. અન્નદાનમાં ભેદબુદ્ધિ નહોતી રખાતી. કતીકડા જેવા પ્રમાદી બાંવાઓ, નિરધાર ઘરડાં લૂલાં

પાંગળાંઓ, કે ચેપીલાં કોઢીઆં રક્તપીતીઆંઓ, સહુ સમાન ભાવે આ પોષણ પામતાં. પરનાતીલાંની કે રોગીયાંની સૂગ રાખવી એ આવી ધર્મજગ્યાઓમાં નામંજૂર હતું. કોઢીઆં પીતીઆં રસોઇમાં કામે લાગે અથવા પિરસવા ઉઠે, તો કોઇથી મ્હોં બગાડી શકાતું નહિ.

## ભજનિક સંતો

એને આપણે કવિ–ભક્તો કહીશું: ખાસ કરીને કબીર સાહેબની વાણીની અસર તળે આવેલા એ મીરાં અને નરસિંહના અનુગામીઓ હતા. લોક–સેવાને બદલે સાહિત્ય–સર્જન એમનો મનપસંદ વિષય હતો. ઊર્મિના આવેશ અનુભવી અપાર્થિવ મસ્તી–ecstacy–માં ચડી જઇ એ ભજનિકો કવિતા જોડતા. અલખ, અગમ, ગગન–જ્યોત, બ્રહ્મ–ઝાલરી, વગેરે તત્ત્વનું ચિંતન કરનારા એ શોધકો–Seekers હતા. અથવા બધા જ કાંઇ શોધકો નહોતા; શાબ્દિક અનુકરણ કરનારા પણ હતા. અગમનિગમની ન સમજાય તેવી ઘણી વાતો તેઓનાં કાવ્યોમાં ઉતરતી. એ પોતે પણ કદાચ સ્પષ્ટ ન સમજે તેવી શબ્દ–રચના તેઓ કાવ્યોમાં આણતા. એ કવિતા એકલાં શુષ્ક વૈરાગ્યની નહોતી. જીવનની અસારતાનાં જ એ એકલાં કલ્પાંતો નહોતાં. પરંતુ એમાં તો આત્માની સમાધિના સૂર સુદ્ધાં હતા. બ્રહ્મના ભેદ પામવાની તાલાવેલીના, વિરહાકુલ ગોપીના, સુફી દિલ્સુફના તેમજ વ્યવહારગામી સુજ્ઞના સૂરોનું એમાં એકીકરણ હતું.

એ કાવ્યમાં કોઇ પંથનો આગ્રહ નથી. કોઇ એક દેવતાની સ્તુતિ નથી. પણ શરણાગતી, મસ્તી, આનંદ–ઉદ્રેક ને પ્રભુ-વિરહના ભાવો ગવાયા છે. જીવનની લોલૂપતા, સ્વાર્થાંધતા, ને જડતા ઉપર મર્મપ્રહારો પણ છે. ગુરૂભક્તિ પણ સવિશેષ છે.

આ પ્રથમ ખંડમાં તો આપણે ફક્ત એ પ્રદેશની કોર જ ‘વેલા બાવા’ના વૃત્તાંતમાં દેખીએ છીએ. એના ખરેખરા વિહાર તો હવે પછીના ખંડોમાં કરીશું.

આ ભજનિક–સંતોના સંઘમાં કેટલાક તો ઉદ્યમવંત ઘર-બારીઓ જ હતાઃ જેવા કે મીઠો ઢાઢી, ભોજો ભગત વગેરે.

બાકી ઘણા ખરા ઘરબારી છતાં પણ બીનરોજગારી, કેવળ વસ્તીની સહાય પર રહેનારા હતા : જેવા કે ભાણુ સાહેબ, ખીમ સાહેબ, રવિ સાહેબ વગેરે : કબીરજીની માફ઼ સંસાર-વાસીઓ હતા, છતાં ભેખધારી કહેવાતા.

## તેઓનો ફિલસુફી

આ સોરઠી સંતોની જીવન–ફિલસુફી શી હતી ? તેઓના ચિંતનમાંથી કયો ધ્વનિ ઉઠતો ?

પ્રથમ તો તેઓની દૃષ્ટિમાં ન્યાત જાતોનું ઉંચનીચપણું નાશ પામ્યું હતું. સર્વે મનુષ્યો પ્રભુ પિતાનાં અને પૃથ્વી માતાનાં સંતાનો હતાં. સર્વેને ધર્મ આચરવાનો, ઉપદેશ દેવાનો, મૂક્તિ મેળવવાનો અધિકાર હતો. તેથી જ આપણે તેઓના સંઘમાં આહિર, ચારણ, ગધઇ, કુંભાર, કાઠી, અધમ મનાતા અંત્યજ કોળી, વગેરે તમામ જાતના સંતોનો બેધડક સમાવેશ જોઇએ છીએ. મોટા નાનાની મારામારી મચ્યાનો બહુ ઇતિહાસ આપ-ણને મળતો નથી.

એજ ઉદાર વલણ પાપીઓ અને પતિતો પ્રત્યે અંગીકાર થયેલું જોવાય છે. ઘોરમાં ઘોર પાપાત્માની સામે પણ પરિ-ત્રાણનાં દ્વાર બંધ થઇ નથી જતા એ આ સંતોનો સૂર છે. રામડો શિકારી, જાદરો ચોર, વીસામણ લુંટારો, જારકર્મ કરી બેસનારી ગધઇ નારી લાખુ, અથવા ગરીબોનાં ગળાં કરનાર વ્યાજખાઉ વાણીઓ રવિદાસ : એ તમામને તરી જતાં ક્ષણ માત્રની પણ વાર નથી લાગી. તેઓને કોઇ સંતે શાપ આપી નરકવાસની વાટ દેખાડી નથી. પણ પરિપકવ થયેલા ફળની માફક, તેઓનાં પાપાચરણની મધોમધમાં પસ્તાવાની એક જ ઘડી અવતાં તેઓને ચુંટી લીધા છે. સમાજ પોતાની મરજાદી રૂઢી-ઓના મિથ્યાભિમાનમાં ચકચૂર થઇ જ્યારે ગધઇ યુવતી લાખુને એક જ ચારિત્ર્ય–દોષને કારણે તિરસ્કાર દઇ કુવામાં ધકેલતો હતો ત્યારે એ જ વસ્તીમાં રહેનાર, વસ્તીની જ સખાવત પર નિભ-નાર અને જૂના યુગના સંસ્કારો ધરાવનાર ભગત દાનાએ દુનિ-

વાની તમન્ના રાખ્યા વિના એ અબળાને ઉગારી, આશરો દીધો, ગર્ભ-પાલન કર્યું, સુવાવડ કરી, ગીગલા બેટાને રમાડયો અને છેવટે સંત પદ દીધું. પોતે એ ગધઇ માતાની રાંધેલી રસોઇ એના સાથે એક જ થાળીમાં બેસીને જમ્યા.

એવી જ રીતે આપા દાનાએ ન્યાતની નિર્દય રૂઢીચૂસ્તતા સામે ઉગ્ર લડત કરી બે રાજગર બાળકોને ન્યાતમાં લેવરાવ્યા. વટાળના સાંકડા વિચારો એનાથી સહન ન કરી શકાયા. આ રીતે તેઓ દુનિયાની અંદર રહ્યા રહ્યા પણ દુન્યવી · સમાજના સાંકડાપણાની સામે ઉઠેલા હતા.

ત્રીજું : સૌરાષ્ટ્રની ઉતરતી જાતિઓમાં દેવી-પૂજાની ઓથે જીવ હિંસા પ્રચલિત હતી. અને કાઠી રજપૂત જેવી જાતિઓમાં માંસાહાર, સૂરા-પાન વગેરેનું જોર હતું. એ મેલાં દેવ-દેવીની પૂજા ત્યજાવી પ્રભુભક્તિ અને સદાચરણ પર ઘણા મોટા સમૂહને લઇ જનાર પણ આ સંત વર્ગ જ હતો. જીવહિંસાનું જોર તેઓએ ઘણે મોટે અંશે તોડયું હતું. પશુઓનાં બલિદાન, ભૂવાનાં ધૂણવાં, દોરા ને ધાગા, વગેરે વ્હેમો ટાળી ' ટાકર ' અને ' દયાદાન ' પર પ્રીતિ નીપજાવવાનો તેઓનો પ્રયત્ન હતો.

ચોથું : મોટાં મોટાં મંદિરો ચણાવી, દિવસ રાત પત્થરની પ્રતિમાઓને સાજ શણગાર કરાવવા : દિનમાં આઠ વાર આરતી, શયન કે ઉત્થાનનાં દર્શન કરાવવાં : અન્નકૂટ પૂરવા : પ્રતિમાઓનાં વસ્ત્રાભૂષણ પર દ્રવ્યની છોળો ઉરાડવી: એ બધા બાહ્ય આચાર આ વર્ગમાં બહુ ભાગે નજીવા જ જોવામાં આવે છે. તેમ સામાન્ય રીતે પોતાની નિરક્ષરતાને કાણે, તેમજ કર્મમાર્ગી જીવનનાં રોકાણોને પરિણામે, શાસ્ત્રાભ્યાસ, પુરાણ કથાનાં કથન વગેરે તો ભાગ્યે જ તેઓનાં વૃત્તાંતોમાંથી નીકળે છે. જે કાંઇ વાણી હતી તે અનુભવની. નિરીક્ષણની અને વહેવારની જ હતી; ધર્મના અવગાહનની નહોતી. ઉલટું વિદ્યાભ્યાસ તેમજ વિધિ ક્રિયાકાંડ સામે તો તેઓના ભજન-સાહિત્યમાં ઘણા ઉગ્ર કટાક્ષો ઠેર ઠેર નજરે પડે છે : સ્થૂલ ધર્મવહેવારને તેઓ ઘણી વાર

ભાવનારૂપે જીવી કાઢીને ક્રિયાકાંડ પ્રતિ બેપરવાઇ કેળવતા:
જેમ કે

ઘટડામાં ચાંદો, ઘટડામાં સૂરજ,
ઘટડામાં નવલખ તારા રે
કાચી કેણે ઘડેલી મોરી કાયા.

અથવા

ગરવાનાં ત્રાવર મારે રોમે રોમે રોપાણાં,
શિખરૂ રોપાવેલ મારે શિષે જી.
નવસો નવાણું નદીયું અંગડે ઉલટીયું રે
ગંગા જમના સરસતી જી.

ગંગા-યમુના કે કાશી કેદારની યાત્રાઓ ન થાય તો કશી ફિકર નહિ: સદાચરણ પાળનારને તો અંતઃકરણમાં જ ગંગા છે, અને ખુદ ગંગાને પણ પોતાના મળ ધોવા સંતોને ચરણે આવવું પડે છે, એવાં સદાં જીવન-સૂત્રો તેઓ લોકોને શીખવી ગયા છે.

## મેળા

મેળાઓની પ્રથામાં સંતોએ ઘણું જીવન મેલી દીધું હતું. મેળાને તીર્થસ્થળો સાથે સંધાડી દઇ, તીર્થસ્થાન, ભજનકીર્તન, અન્નદાન અને પોતાની હાજરી વગેરે વડે ધાર્મિક વિશુદ્ધિનો પાસ આપવાનો એ પ્રયત્ન હતો. એવા નિર્ભય વાતાવરણને લીધે નર તેમજ નારી, બન્નેનાં વૃંદ ઉમટતાં. એ શુદ્ધ વાતાવરણની ઓથે સાહિત્ય, કળા, રમતો, શરીરબળ, હટાણાં, પશુપાલન વગેરે પોષાતાં. મેળાઓની આજે ઝડપભેર જે અધોગતિ થતી જાય છે, તે પરથી ગમ પડે છે કે જો આ લોક-સંતોની જીવન-વિશુદ્ધ મેળાઓમાં ન સીંચાણી હોત, તો તેમાં સારાં તત્ત્વો ખીલી શકયાં જ ન હોત.

## સંતોની જગ્યાઓ

પ્રથમ સાદી પર્ણકુટી કે માટીનું સાદું ભીંતડું: પંથીઓને અથવા પશુઓને માટે પાણી પીવાની ને ન્હાવાની કૂઇ કે અવેડી:

નિરાધાર ક્ષુધાતૂરોને માટે રોટલા માગી લાવવાની એક ઝોળી : એકાદ દૂબળી 'કામધેનુ' : આ રીતે જગ્યાનો પાયો રોપાય. પાંચ પાંચ સાત સાત ગાઉ સુધી સંતો ઝોળી ફેરવે. ટુકડા ઉઘરાવે. સહુ સાથે બેસીને ખાય.

પછી લોકો પોતાનાં ખેડ વેપાર પર લાગા કરી આપે : સદાવ્રત ચાલુ થાય : પરજાુ ને ઉદ્યમી પ્રજા પોતાની કમાઇ-માંથી ધર્માદાનો હિસ્સો કાઢી અનાજની ગુણીઓ કે ગાડીઓ ઠલવી જાય. રસોડાં વ્હેતાં થાય. ધેનુઓ વધે. કામ કરનારા વધે.

તે પછી સંત પુરૂષની સિદ્ધિનો મહિમા દાખવારા બે ત્રણ પરચા ચમત્કારો બહાર પડેઃ વસ્તીની આસ્થા વધેઃ ઇષ્ટ ફળની સિદ્ધિ માટે માનતા માની હોય તે પરિપૂર્ણ થતાં લોકો પોતાનાં ગાયો, ઘોડાં, નિર્વંશીઓની ઘરવકરી વગેરે જગ્યામાં અર્પણ કરી જાય.

એટલે જગ્યાએ ધર્યાં બે રૂપઃ એક અનાથ—આશ્રમનું અને બીજું ગૌશાળાનું. અપંગો, કોઢીયાં પીતીયાંઓ, નમાયાં ને નબાપાં, નિરધારો ને બુઢ્ઢા, અશક્તો, સાચા ત્યાગીઓ અને જૂઠા એદીઓ બધાંનો ત્યાં આશરો બંધાયો. રાજ, સમાજ કે વ્હાલામાં વ્હાલું સગું પણ જેને ન સાંચવે તેને આ જગ્યાઓ સાંચવતી. વિના સુગાયે એનાં પાસ પરૂ ને મળમૂત્ર આંહી ધોવાતાં.

પછી રાજદરબારોએ તો આસ્થાને વશ બની જમીનો આ-પવા માંડી. પણ મૂળ સ્થાપકો આ પ્રલોભનનું બુરૂં પરિણામ સમજતા હતા. તેથી જ આપા દાના જેવા ડાહ્યા પુરૂષે આખાં ને આખાં ગામડાંનાં દાન સ્વીકારવાની પણ ના પાડેલી. છતાં બહોળી લોક—સેવાની અભિલાષાએ આવા ગરાસો આખરે સ્વી-કારાયા. એટલો સેવાનો પરિગ્રહ વધ્યો.

એનું મેલું ફળ મૂળ સ્થાપનારના મૃત્યુ પછી તુર્ત જ આવ્યું. સ્થાપકોએ કાં તો પોતાના અથવા ભાઇ ભત્રીજાના વંશમાં એ જગ્યાની સોંપણી કરી, અથવા કોઇ સુપાત્ર ચેલાને બેસાડવાની પ્રથા પાડી.

નવા સંતો સેવક મટીને ગાદીપતિ બન્યા. છડી, પધરામણી ને સામૈયાંની જાળમાં ફસાયા. પૂર્વજે કરેલી કમાઇને જોરે અંધ-શ્રદ્ધાળુઓમાં પોતાના જૂઠા પરચાની વાતો ફેલાવી. મૂળ સ્થાપકની દીન મઢૂલીની સન્મુખ જ મોટા મહેલો ખડા કર્યા. મંદિરોનાં ઇંડાં પણ આસમાને ચડાવ્યાં. વાહનો, રૈયાસતો, ને વૈભવવિલાસો વધારી રાજદરબારોની હોડ કરી. જગ્યાને વંશ પરંપરાની જાગીરો બનાવી, ને કાં તો જગ્યાના વારસા માટે લડતા ચેલાઓએ અદાલતે ચડી લાગતી વળગતી રાજસત્તાઓનાં આધિપત્ય સ્વીકાર્યાં. ભેખને નામે કેવળ ભગવા રેશમની ધજા રહી. ગૌશાળામાં ગાયો ઉપવાસ કરતી ખીલે બંધાઇ રહી. ઘોડહારમાં ઘોડાં લાંઘણ કરી કરી મુવાં ને કાં અમલદારોને જ ખપમાં આવ્યાં. અને ધર્મઘેલડાં અંધશ્રદ્ધાળુ લોકોએ તો "ગાયના દૂધ સામું જોઇએ, ગાયના ઓખર સામું કાંઇ જોવાય?" એવાં નાદાન સૂત્રો પકડી રાખી આ પાપનાં થાનકોને પોતાની સખાવતો વડે પોષ્યે જ રાખ્યાં. એટલે જ આજે 'આપા વીસામણ' જેવાની જગ્યાઓ બધા ધર્મકર્મથી પરવારી બેઠી છે, આપો વીસામણ તો કાઠીઓને કેવળ જૂઠા સોગંદ ખાવા પૂરતો જ રહ્યો ને ભીમનાથ જેવા સ્થળો પર મહંત નામધારી પામર માનવી વ્યસન, બહુપત્નીત્વ વિલાસ વગેરેમાં ડૂબી ગયો છે ત્યાં સુધી પણ લોકોએ પોતાની સખાવતોના લાગા બંધ નથી કર્યા. આપા દાનાની જગ્યા તો કેવળ કુટુંબી જાગીર જ બની ગઇ છે. સંત દેવીદાસની પરબ-વાવડીની જગ્યા પર એક અજાણી બાઇએ કુટુંબનું સ્વામીત્વ જમાવ્યુ છે. વીરપુર જલા ભગતની જગ્યા એના કુટુંબીઓને વારસામાં ઉતરી છે. બચી હોય તો અપવાદ રૂપી એકાદ પીપા-વાવ જેવી પુનિત જગ્યા. ત્યાંના મહંત આજ પણ સાચા સેવક જ રહ્યા છે. બાકીના ઘણા ઘણા સંત મહંતોના મઠોનો ઇતિ-હાસ વધતો ઓછો શોચનીય છે.

## પરચાનાં સત્યાસત્ય

હવે આપણે સોરઠી સંતોના એક શોચનીય, ભ્રમણાજનક

અને અનર્થકારી અંગ ઉપર આવીએ છીએ, એ અંગ છે પરચાનું–ચમત્કારોનું. ચમત્કારોના થર કેવળ સોરઠી સંતોના જ નહિ, પણ દુનિયાના લગભગ તમામ પ્રદેશોના પુરાતન સંતોની તવારીખ પર બાઝેલા જોવાય છે. ખુદ ઇસુખ્રસ્તથી માંડી, અથવા તેની યે પૂર્વના યહુદી સંતોથી આરંભી, ખ્રીસ્ત ધર્મના અનેકાનેક ઓલીઆઓ–કે જેને saints કહેવામાં આવે છે તેઓના ચમત્કારો સુવિખ્યાત છે. ઇસ્લામના ઓલીયાઓનાં ચારિત્રોમાં પણ "કરામતો"ની બાજુ હાસ્યજનક હદ લગી ગયેલી વર્ણવાય છે. દક્ષિણ હિન્દના તામિલ તેમજ મહારાષ્ટ્રી સંતોના ચમત્કારો પુસ્તકોમાં સંઘરાયા છે. આપણે ઘર આંગણે મીરાનું વિષપાન, પ્રભુ–પ્રતિમા સાથે મીરાંની પ્રેમગોષ્ઠિઓ, નરસિંહ મહેતાની હુંડીનો શામળા ગિરધારીએ કરેલો સીકાર, કુંવરબાઇનું મામેરૂં પૂર્યાનો, કારાગૃહમાં રત્નહાર પહોંચાડયાની, મલ્લાર રાગિણીના જોરે મેઘ વરસાવ્યાની વગેરે વાતો આવે છે, ને સાહિત્યમાં એ બધી હકીકતો સત્ય જેવી બની વણાઇ ગઇ છે. એ જ રીતે આ સોરઠી સંતોના પહેલા જ પાના પરથી પરચાની શરૂઆત થાય છે અને તે છેલ્લે સુધી આવ્યા જ કરે છે.

આ ચમત્કારો ને પરચાઓ શું છે? એ કેવળ નિર્મૂલ છે? મેલી જાદુગરી છે? નજરબંદી છે? કે શુદ્ધ સત્ય વસ્તુસ્થિતિ છે? વાદળીના ધોધમાર વર્ષણ વચ્ચે કોરાં નળીઆં રાખી દેવાં, મરેલાને પાછા પ્રાણ આપવા, એક નિઃશ્વાસ અથવા શાપ વડે લીલાંને સૂકાં કરી દેવાં, જળાશયનાં નીરમાં અદલાબદલી આણવી, દાતણની ચીર વાવી વડલો ઉગાડવો અથવા પીપળાની ડાળી કુદરતી રીતે ન કોળે છતાં તેને કોળાવવી, સૂકી ધરતીનાં પડોમાંથી પાણી ખેંચી પીયાવા રચવા, પશુને વાગેલી ગોળીનાં વીંધ પોતાના દેહમાં અનુભવવાં, એ સર્વ સૃષ્ટિમાં શો ભેદ સમાયલો છે?

એનો ભેદ પામવાના પ્રયાસો આ યુગે–વિજ્ઞાનનાં નક્કર સત્યો પર પોતાના પાયા ચણીને બુદ્ધિનું શુદ્ધ આરાધન કરનાર આ યુગે પણ કરી જોયા છે. આ મહાયુગની સત્યશોધક વૃત્તિએ કોઇ પણ વસ્તુને કોઇના ભરોસા પર ન સ્વીકારતાં, પરંપરાની પૂજની-

યતાને ઠોકરે વધાવી, દરેક સત્યને પોતાની બુદ્ધિ–તુલાએ ચડાવી જોખી જોયું છે, અને એ તુલામાં બેસીને જોખાવાની ના પાડનાર ચાહે તેવી પ્રતિષ્ઠાવંત વસ્તુને પણ ફગાવી દીધી છે. પરંતુ પ્રત્યેક માન્યતા અથવા વસ્તુની આવી ઉગ્ર હાજરી લેવાના હક્કદાર આ મહાયુગે સાથેસાથ પોતાની ચકાસણીનાં સાધનો પણ બની શક્યાં તેટલાં સૂક્ષ્મ, પારગામી ને બહોળાં વસાવ્યાં છે. એણે પોતાની કોઇ શોધને કે પોતાના કોઇ પણ નિર્ણયને છેલ્લા નથી માની લીધાં. આ પંચમહાભૂતોના કેવળ સ્થૂલ સ્વરૂપ સુધીજ પોતાની દૃષ્ટિમર્યાદા ન માનતાં એણે તો અણદીઠ, અગોચર, ગેબી લેખાતી દુનિયાનાં દ્વાર પણ ખખડાવ્યાં છે, ને ક્લેરવાયન્સ, ઑકલ્ટીઝમ, મેસ્મેરીઝમ વગેરે ચાવીઓ શોધી કાઢી એ ગેબનાં તાળાં ઉઘાડવા મથ્યું છે. એ શોધકો શ્રદ્ધાળુ ધર્મિષ્ઠો નથી, પણ કડક કઠોર વૈજ્ઞાનિકો છે. એ આર્યાવર્ત જેવા પ્રભુઘેલડા ને ધર્મઘેલડા દેશનાં નિવાસીઓ નથી પણ પશ્ચિમના બુદ્ધિપ્રધાન જડવાદમાં જન્મેલા, ઉછરેલા, નિર્દય સત્યશોધકો છે. ને તેવાઓની શોધકતા આસ્તે આસ્તે પોકારે છે કે આ પંચમહાભૂતનું પૂતળું જે માનવ–શરીર તેને અને બાહેરની પ્રચંડ પંચભૂત–સૃષ્ટિને ઘાટો સંબંધ છે. માનવ-દેહમાં રમતી માનસિક ને આત્મિક શક્તિઓ એ પંચમહાભૂતની રચના પર અદૃશ્ય કાબુ મેળવીને પોતાની ઇચ્છા અનુસાર એની ઘડભાંજ કરી શકે છે. superhuman અથવા supernatural એવી એ સિદ્ધિ નથી. એ કોઇ આકાશવાસી ઇષ્ટદેવના આરાધન વડે સાંપડેલી જડીબુટ્ટી અથવા મંત્રસિદ્ધિ નથી. પરંતુ સારા ને નરસા સહુ માણસોની આંતરિક ઇચ્છા-કેળવવાથી, સાંકળવાથી, કુદરતના ગુપ્ત નિયમોનું જ્ઞાન પામવાથી અટલ પરિણામ તરીકે પ્રાપ્ત થતી સિદ્ધિ છે–વૈજ્ઞાનિક સિદ્ધિના જેવી જ એ સિદ્ધિ છે! વીજળી, વરાળ, પાણી, વાયુ, અગ્નિ વગેરે પર વિજ્ઞાનના જાણભેદુએ જે કબ્જો મેળવી કાઢયો, તે જ પ્રકારના કબ્જાની આ બધી માનસિક સિદ્ધિઓ છે. તફાવત માત્ર એટલો જ છે કે વિજ્ઞાનવીરોએ પોતાના પરિમિત વિજ્ઞાનના નિયમોને રીતસર ગોઠવી સર્વગમ્ય ને સર્વસુલભ બનાવી લીધાં,

જ્યારે આ ગેબી વિજ્ઞાનને એવા બંધારણપૂર્વકના નિયમ પર ગોઠવવાનું કાર્ય એ શોધકો હજુ કરી શક્યા નથી. આ બધા વિષયને લગતું સાહિત્ય થીઓસોફીના ક્ષેત્રમાં ખેડાયું છે, અને બીજા ઘણાઓ એને ઉકેલી રહ્યા છે. જીજ્ઞાસુઓએ એ સર્વ શોધી લેવું રહ્યું છે. આંહી તો એના આટલા ઉલ્લેખથી જ આપણું કાજ સરે છે.

## પરચા અને સંતો

હવે સંતોને તથા આવી ગેબી સિદ્ધિઓને શો સંબંધ હોઇ શકે? એ સવાલ ઉઠે છે. આના જવાબમાં આપણને જ્ઞાનીઓ એવી સમજ આપે છે કે સંતો બે પ્રકારના હોય : એક ત્યાગી ને બીજો યોગી. ત્યાગીનું લક્ષ્ય બહારની કોઇ શક્તિ સિદ્ધિઓ મેળવવાં ન જતાં કેવળ પોતાના જ મનની શુદ્ધિ કરી લેવાનું, કામ ક્રોધ મદ મોહ આદિ વિકારો પર વિજય મેળવવાનું છે; જ્યારે યોગીનો મનોરથ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સિદ્ધિઓ પ્રાપ્ત કરી પ્રભુને પામવાનો હોય છે. ત્યાગી સાત્ત્વિકતાને આરાધે છે, યોગી રાજસી તત્ત્વને ભજે છે. ત્યાગી તો વિકારમૂક્ત બની જગતને ચરણે ચગદાઇ જવા પણ તત્પર રહે છે, જ્યારે યોગી સત્તા પ્રાપ્ત કરી પોતાને દમવા આવનાર દુનિયાને ડારે પણ ખરો. ત્યાગી મૂક્તિનો કામી છે. યોગી શક્તિનો કામી છે. ગૌતમ બુદ્ધ ત્યાગીની કોટિમાં સંચર્યા હતા, અને તે પછીના ઘણા બૌધ સાધુઓ શક્તિને માર્ગે વળી તાંત્રિકો બન્યા હતા. જૈન તીર્થંકરો ત્યાગીઓ હતા, જૈન સાધુએ સદા ત્યાગના જ માર્ગો રહી જીતેન્દ્રિય બનવાનું છે; પણ તેમાં યે યોગનો, તંત્રનો શક્તિનો ઉપાસક યતિવર્ગ નીકળ્યો હતો. મહાત્મા ગાંધી ત્યાગધર્મી છે, અરવિંદ ઘોષ યોગને પંથે શક્તિના ઝરા શોધે છે. દયાનંદ સહજાનંદ વગેરે કેવળ ત્યાગી યે નહિ, પણ બન્નેના મેળ મેળવનારા હતા. દયાનંદનું વૈરાગ્ય જ્યાં જ્યાં એના વ્યક્તિત્વની છાપ પાડવા અશક્ત નીવડયું હતું, ત્યાં ત્યાં એણે પોતાનાં નેત્રોનાં તેજ વડે, અવાજના પ્રતાપ વડે, નકકર ઇચ્છાશક્તિની મદદથી

માણસોને ડાર્યા છે, ને પોતાનાં વર્ચસ્વ સ્થાપ્યાં છે. સહજાનંદ ત્યાગમય હતા, છતાં ઘણા મોટા અને જડ, પાખંડી સમુદાય પર પોતાનું પરિબલ પાથરવા માટે એણે ચમત્કારો બતાવ્યા.

આ સોરઠી સંત મંડલની અંદર પણ ત્યાગ અને યોગ ઉભયનું મિશ્રણ આપણી નજરે ચડે છે. ખરેખરા વૈરાગ્યમાં ગળી જઇ પ્રભુઇચ્છાને માર્ગે પોતાનું શુદ્ધ સમર્પણ કરી દેનારા નિર્વિકારી જીતેન્દ્રિયો તમામ તો એ નહિ જ હોય. પોતાની ઇચ્છાશક્તિને–Will powerને–હિંસક પણ બની જાય એટલી હદ સુધી કેટલાકોએ કેળવી હશે. એટલું પોતાનામાં પ્રભુત્વ–ઇશ્વરી તત્ત્વ વસેલું હોવાનો કદાચ પોતાનો જ એ ભ્રમ હશે. જન્મથી જ અથવા તો કહો કે પૂર્વજન્મથી જ ઇચ્છા શક્તિના–will forceના અથવા soul forceના એવા બળીયા મનુષ્યોનું અસ્તિત્વ માનવું કઠિન નથી એ માની શકાય એવી વાત છે. એમાં આત્મશ્રદ્ધા ને પ્રભુશ્રદ્ધા બન્નેની શક્તિ કામ કરી રહી હોય છે. એ શક્તિની વ્યવસ્થિત કેળવણી તેઓને કદાચ ન યે આવડી હોય. એ કેળવણી કુદરતી રીતે જ થઇ ગઇ હોય, અને પોતે એ શક્તિની પ્રાપ્તિને ઇશ્વરી પ્રસાદ રૂપ જ સમજી લીધી હોય. આ દેહે અને ચાહે તે કોઇ માનવીને માટે એ સાધ્ય છે તેવું તેઓ ન યે માનતા હોય. અને આવા અજ્ઞાનને પ્રતાપે જ કદાચ તેઓએ પોતાની સિદ્ધિઓનો સ્ફોટ જગતની સન્મુખ નહિ કર્યો હોય.

એટલે જ આ ચરિત્રોમાં કેટલાક ચમત્કારો ચાહીને અમુક કાજ સાધવા માટે બુદ્ધિપૂર્વક અજમાવેલા લાગે છે, કેટલાકમાં ચમત્કારનો અંશ ઓછો અને ઇચ્છાશક્તિ, કરૂણા ભાવના તથા કાંઇક વિજ્ઞાનતત્વ, એ ત્રણેનો અંશ અધિક છે. દષ્ટાંત તરીકે દાના ભગતે કણબીની દીકરીનાં માથું ચાટી લઇને ઉંદરીનો વ્યાધિ મટાડયો, એ ઘટનામાં કશી અપ્રાપ્ય ને ઇશ્વરી સિદ્ધિનું આરોપણ કરવાની જરૂર નથી. એક તો થૂક પોતે જ સામાન્ય રીતે અકસીર ઔષધિનાં તત્વો ધરાવનાર વસ્તુ છે. તેની અંદર એ ચાટનાર પુરૂષની અનંત કરૂણા રેડાણી. અખૂટ પ્રભુશ્રદ્ધા પણ

સીંચાઇ ગઇ. અનુકમ્પા અને આસ્થા તો લગભગ દરેક માનવના જીવનમાં કેવા બળવાન ઉપચારની ગરજ સારે છે તે આપણા સહુના અનુભવની વાત છે. એ પ્રબલ ઉપચાર–શક્તિ સામાન્ય જીવદયાના પ્રસંગ કરતાં દાના ભગતવાળીઆ ઘટનામાં સહસ્ર-ગણી પ્રબળ બની ગઇ હોવી જોઇએ. નહિ તો જીભે ચાટવાની ઉર્મિ કદિ ન આવે. ને આટલા પ્રાબલ્યની તાત્કાલિક અસર એ છોકરીના માથાના વ્યાધિ પર નીપજે તેમાં કશો યે અચંબો નથી.

તે જ મિસાલે દાના ભક્તે ઘોડાની જીભ સાંધ્યાનું દૃષ્ટાંત સમજીએ: શરીર–શાસ્ત્રીઓ કહે છે કે શરીરના સર્વ ભાગો કરતાં જીભનાં પરમાણુઓની રૂઝણ–શક્તિ ઘણી વધુ ત્વરિત છે. એનો જખ્મ ઝડપથી મળી જાય છે. તે ઉપરાંત ઘોડાની જીભના ટુકડાના રેવણ વખતે સંત દાનાની દયાશક્તિ પણ તીવ્રતાથી એ જીભનાં પુદ્ગલોને જોડાવાનું ગુપ્ત જોર આપી રહી હશે એ કલ્પવું કઠિન નથી. જગતના કોઇ પણ સ્થલ સાધન કરતાં આંતર્વૃત્તિનું કૌવત ઘણું અધિક હોય છે એ સુવિદિત છે. અંતઃકરણની શુદ્ધ દુવા, પ્રભુપ્રાર્થના, ઇત્યાદિનો પ્રભાવ માનવ–શરીર પર પડે જ છે, એમ બધા કબૂલશે. અને એવો જ પ્રભાવ વનસ્પતિ કે પશુ–જીવ પર પણ પડવો જ જોઇએ એમ માનવું, જગદીશ બોઝની શોધ પછીના આ સમયમાં લગારે કઠિન નથી. પંચ મહાભૂતોના હૃદય–તાર પરસ્પર રણઝણી રહ્યા છે. એક તાર પર જરી કમ્પ થતાં જ અન્ય અનેક તારોને એનાં આંદોલનો હલાવી શકે છે. માત્ર એ હલનમાંથી સુસંવાદી સંગીત જન્માવવું હોય તો જેમ તારોની ગોઠવણ આવડવી જોઇએ, તેમ પ્રકૃતિનાં તમામ તત્ત્વોમાં આપણા હૃદય–સૂરોના ધ્વનિ જગવવા માટે પ્રકૃતિ અને આપણ બન્નેના આતમ–તારોની સૂરીલી ગોઠવણ જ આવશ્યક છે.

એ ગોઠવણ તદન સાદી છે. દૃષ્ટાંત લઇએ: રતા ભક્તને ખોળે રમવા સાવઝ આવ્યા. હિંસકોએ હિંસા મેલી સંતના ચરણ ચાટયા. એમાં કશો ચમત્કાર નથી. ભ્રાતૃભાવના તારોએ ત્યાં

મધુરો મેળ લઇ લીધો. એજ રીતે દાનાના આતમ–તાર પૃથ્વીનાં પડ તળે વહેતી સરવાણી સાથે કાં ન મળ્યા હોય? પછી એ સરવાણી બહાર નીકળી પ્રતિધ્વનિ કાં ન પાડે? એમાં જાદુ કે ચમત્કાર કશું ય નથી. વિશ્વતત્ત્વોની રચના કોઇ ઘણા તારો વાળા વાદ્ય જેવી છે. એ તારો એક બીજાની પડખોપડખ છે. અનુકમ્પાયમાન છે. પણ એનો મેળ નથી મળ્યો હોતો. મેળ મળે ત્યારે બેશક એ મનધાર્યું પરિણામ આપે. અજ્ઞાનીઓ એને પરચા કહે.

## ચમત્કારોનાં પરિણામ

આટલે સુધી તો ચમત્કારનું વૈજ્ઞાનિકપણું આપણે ચર્ચ્યું. અને દલીલ ખાતર અથવા શ્રદ્ધાપૂર્વક માની પણ લઇએ કે કેટલાક સોરઠી લોકસંતોએ પ્રકૃતિના નિયમો સાથે આટલી હદ સુધીની એકતાનતા સાધી હશે. પરંતુ તેથી શું એ સિદ્ધિનો ચમત્કારરૂપે ઉપયોગ થવો ઘટિત હતો? ઇષ્ટ હતો? એનું પરિણામ કેવું આવ્યું છે? પ્રજાના માનસ પર એની અસર કેવી માઠી નીવડી છે?

સંતોનાં વૃત્તાંતો વાંચતાં પરચાને લગતી આટલી વાતો તરી આવે છે:

૧. એક પછી એક દરેક માણસે પોતાના ગુરૂનો કાંઇક ચમત્કાર જોયા પછી જ એનું શિષ્યપદ સ્વીકાર્યું છે. તે સિવાય એ શિષ્યને ખરો વૈરાગ્ય આવ્યો જ નથી. ગુરૂના એકલા ચારિત્રના ગુણો દેખીને કોઇ ચેલો ખરેખરો ગળ્યો નથી.

૨. લોક સમુદાય પણ સંતોના નર્યા શિયળ–તપને અથવા ત્યાગ–સંયમને નમ્યો નથી. સંતની એકલી સમજાવટ કદિ વસ્તીએ માની નથી. એકલા જ્ઞાનને હૃદયપૂર્વક કાન દીધા નથી. એકલી નિર્વિકાર જીવન–દશા જોઇને જનતા પીગળી નથી. પણ એના એકાદ પરચા થકી અંજાઇ જઇ માથું નમાવ્યું છે. કાં તો એના કોપનું બુરૂં પરિણામ કલ્પી ભય સેવીને સીધાં આચરણ કર્યાં છે, અથવા એની માનતા માનવામાં ઇષ્ઠ ફળની સિદ્ધિ થવાથી એનો પ્રતાપ અંગીકાર કર્યો છે. પરિણામ એવું આવ્યું કે

૧. સંતજીવનની ત્યાગમયતા, નિર્વિકારતા અને તપશ્ચર્યા કરતાં વધુ મોટો મહિમા પરચા બતાવવાની નીચેરી સિદ્ધિને મળ્યો. લોકોને ન સમજાયું કે પરચા તો પાર્થિવ વસ્તુ છે, એક જાતનું માનસિક સત્તાબળ છે, મુક્તિનું સાધન નથી. અને જેમ એક પાપી માણસ પણ કસરત કરીને અંગબળ ખીલાવી શકે છે, તેમ પાપી અથવા સામાન્ય ચારિત્રનો માણસ પણ પરચાની સિદ્ધિની પ્રાપ્તિ પ્રયત્નો વડે કરી શકે છે. આ વસ્તુ સદંતર વિસરાઇ ગઇ. પરચા–શક્તિને પ્રજાએ પ્રભુદત્ત માની લીધી.

૨. ગુરૂશ્રદ્ધાનું મંડાણ શિયળમય જીવન પર નહિ પણ ભય અને લાલચ પર મંડાયું: "ભાઇ! કયાંઇક આપણું ધનોત પનોત કાઢી નાખશે! અથવા તો દીકરા દેશે. રોગ મટાડશે! માટે પગે પડો!" આ હતું લોક–માનસ.

૩. પરચા આપવાની શક્તિ મહિમા–પદે સ્થપાયા પછી તો ચાહે તેવા પતિત પુરૂષના નામ સાથે પણ કલ્પિત પરચાઓ જોડી લોકોમાં તેનો પ્રચાર કરવાની કુનેહો વપરાવા લાગી. અમૃક સંતે અ ક માણસને અમૂક જાતનો પરચો બતાવ્યો એવી ગપ અત્યંત સ્હેલાઇથી ગળી જવાની પ્રકૃતિ ગ્રામ્ય પ્રજામાં રૂઢ થઇ ગઇ છે. એટલે 'પરચા' સિદ્ધિની વસ્તુ મટી પાખંડની વસ્તુ બની ગયા. અને એનું સત્યાસત્ય ચકાસવાનું કોઇ સાધન જ હોઇ શકે નહિ તેથી પાખંડ જોશભેર પ્રવર્ત્યું.

ઉપર કહ્યા અનર્થોનો વિચાર કર્યા પછી આપણો સ્પષ્ટ નિર્ણય એક જ હોવો જોઇએ કે પરચા–એ સાચા હોય અથવા ખોટા-અંતિ અનિષ્ઠ વસ્તુ છે. એ ભલે સિદ્ધિ હોય, ભલે કેળવી શકાય તેવી હોય, છતાં એ ભ્રામક, વ્હેમપોષક અને વિપથગામી મનો-દશાની માતા હોવાથી આપણને ન ખપે. પરચા–શક્તિના પડદા આડે પાપાચાર ચલાવનાર સિદ્ધોની નહિ, પણ પરચા–શક્તિ વિનાના ચારિત્ર્યવંત અને પ્રભુપરાયણ ભકતોની જ આપણને જરૂર છે. અથવા તો પરચા–શક્તિ વડે પ્રજા પર અનેકાનેક ઉપકારો કરી શકાતા હોય–જેવા કે દાના ભકતે કર્યા–તો તે ઉપ-કારોને પણ આપણે જતા કરવા જોઇએ, કેમકે એ વ્હેમને તેમજ

અંધશ્રદ્ધાને ઉત્તેજે છે. તેમજ એ અનર્થ માટે વપરાવાનો પણ ભય છે.

ગોરખો ભગત પોતાના જ ઉપર ત્રાસ વર્તાવનાર દરબાર નાજા કરપડાને, એના પરાજયને સમે એને નગ્નદશામાં પડેલો સાંભળી, લુગડાંની પોટલી લઈ એને પહેરાવવા ગયા, અથવા પોતાની ગાયો ચોરી જનારાઓને વાછરડાં પણ મોકલી દેવાની સૂચના કરી; એવી એની ક્ષમા–ભાવનાની પડખોપડખ જ્યારે આપણે સાંભળીએ છીએ કે એણે હોકાની નળી ફુંકાવીને થાનમાં બેઠે બેઠે મોરબીનો ગઢ પાડયો, ઘોડહાર તોડી તથા કુંવરને પછાડયો, ત્યારે આપણને બે જાતનો અફસોસ થાય છે : એક તો પોતાની સિદ્ધિના આવા દુરૂપયોગ માટે, ને બીજો આવા કૂડા સામર્થ્યને નમન કરનારા લોકોને માટે. ગોરખાની સંત તરીકેની મહત્તા તો પેલા ક્ષમાના પ્રસંગોમાં ઝલકે છે, એ વૈર લઇ શકનારી સિદ્ધિમાં નહિ.

એજ દષ્ટિથી જાદરા ભગતને તપાસીએઃ મેપા ભક્તની ચાટકેરણીના પ્રહારો ખાઇને પણ એણે મારનારના ચરણો ચૂમ્યા. એ એની મહાનુભાવતા : રાગદ્વેષાદિ શત્રુઓ પરનો એનો વિજયઃ પછી એણે બકરી જીવતી કરવાના કે મોઘરી સાટે ગાયો આપવાના પરચા ન બતાવ્યા હોય તો પણ એનું સંતપણું ઝાંખું નથી જ પડતું.

સાચા કે જુઠા, પરચા ન જ જોઇએ. સંસારમાં નંદન વન ઉતારે તો પણ ન જોઇએ. પ્રભુએ પાંચાલીનાં ચીર ન પૂર્યાં હોત તો તેથી શું એ સતીનું સતીત્વ નિસ્તેજ થઇ જવાનું હતું ? પાંચાલીની હજારો પુત્રીઓની શિયળ–લુંટને સમયે શ્રી પ્રભુ નથી પધારતા તેનું શું ? એ વસ્ત્રહરણનો જવાબ ઇશ્વરી વસ્ત્ર–પૂરણથી નહિ પણ ભીમની ગદા વડે અથવા અર્જુનના ગાંડિવ વડે થવો જોઈતો હતો.

નરસિંહ મહેતાને કારાગૃહમાં હાર ન મળ્યો હોત તો ? અથવા કુંવરબાઇનું મામેરૂ પ્રભુએ ન પૂર્યું હોત તો ? તો શું નરસિંહની ભક્તિમાં ન્યૂનતા ભણાત ?

મીરાંના વિષ–કટોરા અમૃતમય ન બન્યા હોત તો શું ઇશ્વરનું અસ્તિત્વ અને મીરાંનું સતીત્વ ખોટું પડત?

ના. એની નિરાધારતામાં અને શહીદીમાં જ સંતો તો અમર બને છે. દયાનંદ કે શ્રદ્ધાનંદને પરચા પૂરવાની જરૂર નથી પડી. ગૌતમ બુદ્ધે પણ કહ્યું હતું કે મારો પ્રભાવ લોકો પર બેસારવા માટે મારે Jugglery (જાદુગીરી) કરવાની જરૂર નથી.

પરચા આપણને ઠગે છે. શુદ્ધાત્મા ન હોય તે પણ એ સિદ્ધિ પામી શકે છે, મેલાને પણ મળે એવી એ વિદ્યા છે. ચારિત્ર્યને બદલે ચમત્કાર આપણી તુલનાનું ધોરણ બને છે. એનાથી ઉત્પન્ન કરેલી શ્રદ્ધા તે શ્રદ્ધા નથી, ભય છે, સ્વાર્થની લાલચ છે.

આ ચોપડીમાંના ચરિત્રો આલેખવા બેસતાં, પરચાઓ મારાથી છોડી શકાયા નથી. કંઠસ્થ ઇતિહાસ–સાહિત્યને વફાદાર રહેવા માટેની મારી એ ફરજ થઇ પડી હતી. સલાહકારોની સલાહ પણ એવીજ પડી. અન્ય પ્રાંતોમાં ને દેશોમાં થએલા આવા સંગ્રહોમાં પણ એ જ પ્રણાલી જોવામાં આવી. એટલે લાગ્યું કે કંઠસ્થ સાહિત્યના સંપાદકે પોતાની વિવેકબુદ્ધિ પોતાના પ્રવેશકમાં જ વાપરવી રહી. વસ્તુના સંગ્રહકાર્યમાં તો એના હાથ અમુક રીતે બંધાયેલા જ હોય છે. વળી 'પરચા' એક શાસ્ત્રીય વિષય છે, અભ્યાસનું અંગ છે. અનભ્યાસી એની સાથે મન-ફાવતી રમત રમી શકે નહિ. એના ઉપર ખાસ અભ્યાસી જનોના નિર્ણયો મેળવ્યા પછી જ એનું સાચ જૂઠ નક્કી થઇ શકે. માટે જ મેં એ બધાને આંહી સંઘરેલા છે.

છતાં એક છૂટ મેં લીધી છે. પરચાઓના થર પર થર ચડેલા છે. તેમાંથી હું આ સંતોની નક્કર જીવન–મહત્તા વીણી લેવા મથ્યો છું. પણ કેટલીક મહત્તાનું સુવર્ણ એ માટીની સાથે એવું તો એકમેક થઇ રહ્યું છે, કે સાચા કીમીઆગર થકી જ એ જૂદું પાડી શકાય. હું એ નથી કરી શકયો. છતાં નરી માટીને તો મેં ફેંકી જ દીધી છે. જેટલી ધૂળ સોના સાથે ભળેલી છે, તેટલી જ મારે રાખવી પડી છે. જેટલા પરચા સંતોની જીવ દયા ને જન–સેવાનાના દ્યોતક છે, એટલા જ આંહી સંઘર્યાં છે.

**સંપાદક**

# ાંચાળનું ભક્તમંડળ

૧. આપો મેપો
૨. ,, રતો
૩. ,, જાદરો
૪. ,, ગોરખો

(૧)

"એલા મેપા ! આ આભમાં વાદળી ચડી. તારાં નળીઆં ઝટ ઝટ ઢાંકી વાળ્ય. નીકર હજારું ીયાંનું પાણી થઇ જાશે."

"આપા રતા ! આમાં નળીયાં ઢાંક્યાં રે' એમ નથી. ;ળ તૂટું તૂટું થયું છે ત્યાં, ઠાકર વિના બીજું કોણ આડા થ દઇ શકે એમ છે ? આવડો પથારો શે ઢંકાય ?"

"માળા મૂરખ ! ઠાકર તારો ક્યાંય સૂઇ રે'શે. આ બીજા કુ કુંભારૂંએ પોતાનાં નળીઆં ઢાંકી લીધાં એમ ઢાંકી લે, ાકર તારો ઠાકર સો ગાઉ છેટો રહી જાશે."

"ના ના દરબાર, ઠાકરને ઢાંકવું હશે તો વાર નહિ લાગે. ઠાકરને પલાળવું હશે તો ઢાંક્યાં ય રહેશે નહિ."

પાંચાળમાં નવું મોલડી ગામ બંધાય છે. ખોરડાં માળવા ાટે નળીઆં પાડવા થાન ગામના કુંભારોને તેડાવ્યા છે. ગામને ાદરે એક સામટા પચીસ ચાકડા વહેતા થઇને નળીઆંના ંઆડ ઉતારે છે. પણ હજુ નીંભાડો નથી ખડક્યો, ત્યાં તો ૃઠ મહિનાની કાળી વાદળીએ આભને ઢાંકી દીધો. સહુ

કુંભારોએ દોટાદોટ કરી પોતાનાં કચરીઆં નળીયાં ઢાંકયાં, પણ એક મેપા નામનો કુંભાર તો માત્ર ઇશ્વર ઉપર જ આસ્થા રાખીને ઉભો થઇ રહ્યો. એટલાં બધાં નળીઆંના પથારા ઉપર ઢાંકવાનું મેપાની પાસે કંઇ સાધન જ નથી. મેપા કુંભારની ઇશ્વર ઉપરની આસ્થાની હાંસી કરનાર આપો રતો તે મોલડી ગામનો કાઠી ગલઢેરો હતો. ઠાકરની એ ઠેકડી જ કરતો.

એટલી વારમાં તો આકાશ માથે વિજળીનો કડાકો ગાજ્યો. વાદળી તૂટી. રતા દરબારે હસીને રીડ પાડી કે " લે મેપા, હવે બોલાવ તારા ઠાકરને. તે છતરી ધરે !"

"ઠાકરને રાખવું હશે તો એ...આની ઓથે ય રાખશે !" એટલું બોલીને મેપાએ પોતાના અંગનું કેડીયું ઉતારી નળીઆંના પથરા ઉપર ફગાવ્યું, અને મે'નાં અનરાધાર પાણી જ્યારે બીજાઓનાં નળીઆંને પલાળી તાણી ગયાં, ત્યારે મેપાનાં નળીઆં ઉપર છાંટો પણ ન પડયો; ચારે કોર છેટેથી જ પાણી ખળેળીને ચાલ્યાં જાય છે. મેપો આકાશ સન્મુખ બે હાથ જોડીને ઇશ્વર–ધ્યાનમાં તલ્લીન બનેલો ઉભો છે. અને રતા કાઠીનું શું થયું ? ઇશ્વરી ગેબની અંદરથી એને તો જાણે કે આજ આ કાદવ ખુંદનાર કુંભારની મારફત કોઇએ ઇશારો કર્યો. આભનાં નોતરાં ઉતર્યાં.

સદ્દગરૂએ સમજાવ્યું સાનમાં
    બહુનામી માર્યાં બાણ;
વિચાર કરૂં તો વેદના ભારી
એ જી મારે જળહળ પ્રગટયા રવિ ભાણ!
        રણુક ઝાલરી
        ઝણુણુ વાગી રે !
એ જી મુને સંત મળ્યા રે સુહાગી
        રણુક ઝાલરી
        ઝણુણુ વાગી રે !
એ જી મેં તો જોયું રે તખત પર જાગી
        રણુક ઝાલરી
        ઝણુણુ વાગી રે !

વરસાદનાં પાણીમાં તે દિવસ જેવી માટી પીગળી ગઇ હતી, તેવા જ ઓગળી ગયેલા અંતરવાળો રતો દરબાર, પોતાની ડેલી મેલીને હોકો લઇ મેપા કુંભારને ચાકડે આવી બેસવા લાગ્યો. કુંભાર અને કાઠી વચ્ચેના ભેદ એને મનથી ટળી ગયા હતા. એણે હાથ લંબાવીને કહ્યું "લ્યો ભગત, હોકો પીશો ?"

" અરે આપા ! તમે ગલઢેરા, ને અમે વસવાયાં ! તમારો હોકો એઠો કેમ કરાય ? આ મારા ગારાળા હાથમાં હોકો બગડશે."

" ના ભગત, હવે સગ મેલી દીધી. ગારો ગમવા મંડયો છે."

એમ હોકો પીવા લાગ્યા. પછી તો રતા દરબારે મેપાનો હોકો ભરી દેવા માંડયું. અને ત્રીજે દિવસે તો મેપાના પગમાં પડી અરજ કરી કે "ભગત ! મને તમારી કંઠી બાંધો."

કુંભારની પાસે ભક્તિની દીક્ષા લઇને કાઠી દરેક મહિનાની બીજે મોલડીથી આઠ ગાઉ થાન ગામની જાત્રાએ આવતો થયો. એક દીકરી સિવાય રતાને કાંઇ છોરૂ નથી. દીકરીને થાન પાસેના સોનગઢ ગામના એક કાઠી વેરે પરણાવીને રતો આતમજ્ઞાનમાં બેસી ગયો છે. એનો 'માયલો' મરી ગયો છે.

## ૨.

એક અહર સમળી સમસમે
  બેની મારો સંદેશો લઇ જા !

મારા દાદાની ડેલીએ જઇ કે'જે
  તમારી દીકરીને પડિયાં દુઃખ !

દીકરી ! દુઃખ રે હોય તો વેઠીએ
  દીકરી સુખ વેઠે છે સૌ !

દાદા ! ખેતર હોય તો ખેડીએ
  ઓહયા ડુંગર ખેડયા કેમ જાય !

દાદા ! કુવો રે હોય તો માગીએ
  ઓલ્યા સમદર માગ્યા કેમ જાય !

દાદા ! હાંડો રે હોય તો વેચીએ
  ઓલ્યો પરભુ વેચ્યો કેમ જાય !

દાદા ! કાગળ હોય તો વાંચીએ
  ઓલ્યાં કરમ વાંચ્યાં કેમ જાય !

* * *

"એ આપા જાદરા ! અમે તારી ગા' કહેવાઈએ. ભલો થઈને મારી ઘોડી પાછી દઈ દે. હું તારાં પગુંમાં પડું છું."

"ભણે બાવાજી ! તું ઠાલો મફતનો રગરગ મા, ને ઘોડી તું હેં નૈં મળે. તારે ભેખધારીને વળી રાંગમાં ઘોડું કેવાનું ?"

"અરે આપા, બીજું કાંઈ નહિ, પણ મેં ને મારા છોકરાંએ પોંચા કરડાવીને ઘોડીને ઉછેરી છે. એ બાપ, હથેળીમાં પાણી લઈ મોટી કરી છે. અને હવે હું માગણી લેવા શી રીતે જાઈશ ? મારાં બચળાં ખાશે શું ?"

"હવે ડખ ડખ કરતો ભાગ્યને આંસેથી, ગોલકીના ! ભાગુ જા, નીકર પરોણો ખાઈશ."

પાંચાળમાં થાન નામે ગામ છે. એ ગામમાં રતાનો જમાઈ જાદરો કાઠી રહે છે. આખા ગામને થરથરાવનાર એ જાદરો આજે એક ગરીબ બાવાની સુંદર ઘોડી ચોરી લાવ્યો છે અને અત્યારે બાવાજીની તથા જાદરાની વચ્ચે એ વાતની રકાઝક ચાલે છે. પહેલેથી જ કમાડની આડશે ઉભી ઉભી આપા જાદરાની ઘરવાળી માંકબાઈ, રોટલા કરતી કરતી, એંઠે હાથે આવીને આ વડચડ સાંભળતી હતી. પોતાનો ઘાતકી ધણી એ બાવાને સંતાપી રહ્યો છે એ દેખીને માંકબાઈનું અંતર કોચવાતું હતું. એમાં પણ જ્યારે જાદરાએ પરોણો ઉપાડીને બાવાને ઉલટો માર મારવાની તૈયારી કરી, ત્યારે તો કાઠીઆણી કંકુનાં

પગલાં દેતી ઓસરીમાં ઉતરી અને અંતર પીગાળી નાખે એવા મીઠા સૂરે બોલી કે

"એ કાઠી! ગરીબની આંતરડી કળકળાવ્ય મા; આમાં આપણી સારાવાટ નથી. અને એય ભુંડા! ડાકણ પણ એક ઘર તજે છે હો!".

"ઈ છે ભણે ભગતડી? તું ભણે નાને મોઢે મોટી મોટી વાતું કરવા આવતી સો? ઉભી રે'જે સાખુડી!" કહીને જાદરો દોડયો. ફડાક, ફડાક, ફડાક, એમ ત્રણ પરોણાના ઘા પોતાની જુવાન કાઠીઆણીના ફુલ સરીખા સુંવાળા બરડા પર ખેંચી કાંઢયા.

"બાઇ, બોન, બાપા તું શીદને મારી સિફારસ કરવા આવી? અરેરે, બાપડી કળોયણને કોચવનાર કયે ભવ છૂટશે?" એમ કહીને નિઃશ્વાસ નાખતો બાવો ચાલ્યો ગયો.

બીજે જ દિવસે જાદરાના ચાર બળદમાંથી એક બળદને સર્પ ફટકાવ્યો. અને બળદના પ્રાણ નીકળી ગયા. માંકબાઇને હજુ તો આગલી જ સાંજે પરોણાની પ્રાછટો પડી છે, છતાં યે એ સતી નારીએ આવીને મીઠે કંઠે પતિને કહ્યું કે

"લે કાઠી! કાઢય કમાણી! કાલ્ય ઓલ્યો બાવો આપણે આંગણેથી ફળીફળીને ગ્યો'તો, એનાં ફળ આપણને મળ્યાં. આપણો સાખેણો હાંઢો ફાટી પડયો. ગરીબની ઘા લેવી સારી નથી કાઠી! વિચાર વિચાર."

જાદરાને તો એક જ વિચાર કરતાં આવડતું હતું. ફરી વાર એણે પરોણા મારીને પોતાની સ્રીનું શરીર સોઝાવી નાખ્યું. માર મારીને પછી કહ્યું કે "જા ભણે મોટી સતી! મોલડીએ જઈને તારા ભગતડા બાપ પાસેથી એક હાંઢો લઇ આવ્ય. નીકર ભૂખે મરૂ જાશું." એક તો ધણીના સંતાપ, એને માથે સાસુની કનડગતઃ ઘંટીનાં બે પડ વચ્ચે દાણો પીસાય તેમ માંકબાઇ દળાઇ રહી છે: સાસુ નિત્ય ઉઠીને મેણું મારે છે કે તારે બાપે કાંઇ કરીઆવર ન કર્યો! ભગતડાની દીકરી પહેર્યે લુગડે હાલી આવી! ચરાણું ગાંડું હોય તો આ સંધીનું કાંધું તો ભરવા થાત ન!

વારે વારે આવા ધમરોળ મચે છે, પોતાના ધણીનું ચોરેલ ધન ઘરમાં આવવાથી વારે વારે ઘરમાં મોટી નુકશાનીઓ લાગે છે, અને હરવખત માંકબાઇ પોતાને પીયર મોલડી જઇને પોતાના પિતા રતા ભગત પાસેથી ખરચીનો જોગ કરી આવે છે. જ્યારે દીકરી રોતી રોતી જાય, ત્યારે ભક્તિના રંગમાં રંગાયેલો વૃદ્ધ બાપ, માળાના પારા પડતા મેલતો મેલતો શીખામણનાં ફક્ત આટલાં જ વેણ કહે છે કે "તું જાણ ને તારું તકદીર જાણે, બાઇ! મેં તો તને ઠાવકાં વર ઘર જોઇને દીધી, પણ તારા લલાટે લખ્યાં કોણ ટાળી શકે? ખરચી જોતી હોય તો લઇ જા."

પણ આજ તો માંકબાઇ ગળોગળ આવી રહી હતી. શું કરવું તે સૂઝતું નહોતું. મનમાં બહુ બુરા મનસૂબા ઉપડતા હતા. એવે પ્રભાતને ટાણે મોલડી ગામની રબારણો થાનમાં ઘી વેચવા ઘીની તાવણો લઇ લઇને આવેલી, તે બધી જાદરાને ફળીએ એનના ખબર કાઢવા આવી કે

"માંકબાઇ બે...નો! ભગતને અને આઇને કાંઇ સમાચાર દેવા છે?"

પોતાના પીયરની પાંચ રબારણોને આટલા હેતથી સમાચાર લેવા આવેલી દેખીને માંકબાઇને સાક્ષાત માવતર જ મળવા આવ્યાં હોય એવી લાગણી થઇ ગઇ ને એની છાતી ભરાઇ આવી. એણે કહ્યું કે "ઉભાં રો, હું તમારી સાથે જ આવું છું."

ઓરડામાં જઇ પોતાની સાસુને કહ્યું કે "ફુઇ! હું મારે માવતરે જાઉં છું."

"કાં! એમ જાદરાની રજા વિના જવાય?

"હવે તો રજા નથી લેવી ફુઇ!"

"અરે નવાબજાદી! ઓલ્યો જમદૂત જેવો હમણાં આવ્યા ભેળો જ તારી વાંસે પડશે અને તારે માથે કેર વર્તાવશે, માટે તું જાવું રેવા દે."

"ના ફુઇ, હવે તો જે કરે તે કરવા દેજો, હું હવે નથી આંહી રે'વાની."

એટલું કહી પોતાની બચકી માથા પર મૂકી, રબારણ બ્હેનોની સાથે માંકબાઇ મોલડીને માર્ગે પડી. રસ્તામાં એને ઝંપ નથી. પેટમાં ફડકો બહુ જ છે. ઘડીયે ઘડીયે પાછળ જોતી જાય છે.

આ તરફથી જાદરો સીમમાં આંટો દઇ ભૂખ્યો તરસ્યો ફળીએ આવ્યો, ને આવતાંની વાર જ હાકલ દીધી કે "થાળી લાવ મારે માટે."

અંદરથી માએ ઉત્તર દીધો કે "માડી, થોડીકવાર થોભ."

"કાં?"

"માંકબાઇ મોલડી ગઇ છે, ને હું હમણાં રોટલા ટીપી દઉં છું."

"મોલડી ગઇ? કોની રજા લઇને?"

"મારી."

"મને પૂછ્યા વગર? આજ કાં તો એના કટકા કરૂં, ને કાં ચોટલે ઝાલીને કેડેથી આંહી ફળીઆ સુધી ઢસરડી લાવું છું."

એટલું બોલીને કોપાયમાન જાદરાએ બગલમાં તરવાર લઇ ઘોડી ઉપર રાંગ વાળી. ભાગે તો આંબવા ન દે, ને ભાગતાને એ ભરવા ન દે, એવી તો એની ઘોડી હતી. સીમાડે પહોંચે છે ત્યાં જ એણે રબારણોના ઘેરામાં ચાલી જતી પોતાની ગભરૂ સ્રીને દેખી. "ઉભી રેજે રાંડ!" એવી ચીસ પાડીને જાદરાએ ઘોડી દોટાવી. બીજી બાજુથી હંસલી જેવી કુમળી કાઠીઆણી પોતાનો જીવ લઇને નાઠી. આખી સીમનાં માણસોમાંથી જુવાનો ચસકા કરતા જાદરાને વારવા દોડ્યા, ને ડોસાઓ ફાળભર્યાં જોઇ રહ્યા. પરંતુ સીમના લોકોએ એક કૌતુક જોયું : જાદરાની ને બાઇની વચ્ચે અંતર ભાંગતું જ નથી. સહુ વાતો કરવા લાગ્યા કે "આ તે શી લીલા? આ દોડતાં હરણાંને પણ ઝપ-

ટમાં લઇ લેનાર જાદરાની ઘોડી આજ એક ગભરૂડી અબળાને પણ કેમ આંબતી નથી ?"

બીજાએ કહ્યું કે "ભાઇ, એ દીકરી કોની ! રતીઅલ નાથની ! ગેબી બાવાનો ચેલો આપો રતો ! '

ત્રીજો બોલ્યો કે "અરે ભાઇ, વાતું થાય છે કે ગેબી બાવાના ભોંયરામાં ચાર જણા ભેળા થઇને ચોપાટે રમે છે: એક સૂરજ, બીજા વાસંગી, ત્રીજા ગેબી બાવો ને ચોથા આપો રતો. ચારે જણાને આંતરે ગાંઠયું પડી ગઇ છે. ઇ કાંઇ જેવી તેવી ભાઇબંધાઇ ન કહેવાય."

"પણ ત્યારે પ્રથમ આપા રતાનો ગેબી બાવા સાથે ભેટો કયાંથી થયો ?" અજાણ્યા ખેડુતે ભુંગળી પીતાં પીતાં પૂછ્યું.

"એવું બન્યું કે દરરોજ સવારે આપા રતાની વાડીની વાડયે એક રામ-ચાળી ચરવા આવતી, ને સાંજે ચરીને પાછી ચાલી જતી. કયાં જાતી એ કોઇ ન જાણે. ભગતે એકવાર નિરખીને જોયું કે આ ચાળી ગામ ભણી જાવાને બદલે ડુંગરા ઢાળી કાં હાલી ? આપો હાલ્યા વાંસે વાંસે. દિ' આથમ્યો ત્યારે ડુંગરાની ઉંડી ઉંડી ગાળીમાં એક ભોયરૂં આવ્યું ને ચાળીએ બેં ! બેં ! એવા બેંકારા નાખ્યા. કહે છે કે એ વખતે કોઇ હજારૂં વરસના જૂના વડલા જેવા જટાધારી જોગંદર ગુફામાંથી બહાર નીકળ્યા. નીકળીને ચાળીને માથે હાથ ફેરવી પૂછ્યું "કયું ? આઇ, બચ્ચા ?" ત્યાં મહારાજની નજર આપા રતા માથે પડી. આપે પૂછ્યું:

"આ ચાળી તમારી છે મહારાજ ?"

"હાં બચ્ચા, રામજીકી હે. કયું ? તેરા કુછ બીગાડ કીયા ?"

"ના બાપુ, બગાડ તો કાંઇ કરતી નથી, પણ મેં જાણ્યું કે રેઢી રઝળે છે તે કયાંક જાનવર વીંખી નાખશે. એટલે આજ મૂકવા આવ્યો."

"રામજીકી બકરીકો જાનવર નહિ છુએગા બચ્ચા ! ફિકર મત કરો. આવ ગુફામેં ! "

"જોગી આપાને અંદર તેડી ગયા. ચાળીનો એક આંચળ દોહીને એ દૂધનો દૂધપાક કર્યો. અને પછી આપાને દૂધપાક, ખાખરાના પાનના રડીયામાં દઈને ખવરાવ્યો. ખાતાંની વાર તો આપાને ત્રણે ભવનની સૂઝવા મંડી. આ તે દિ'થી બેયને ભાઈબંધાઈ !"

"અહોહો ! એવા પુરૂષની દીકરી માથે આજ દખનાં ઝાડવાં ઉગ્યાં. આપો કેમ કાંઈ ટાળતા નથી ?"

"આપો પોતાની સિદ્ધાઈને સવારથ સારૂ ન વાવરે ભાઈ, ન વાવરે."

"અને આ માંકબાઈ કોનો અવતાર છે, ખબર છે ?"

"ના ભાઈ, કોનો ?"

"એ માયાનો !"

"શી રીતે ?"

"ઈ તો આપો રતો એક દિ' ખેતરમાં સાંતી હાંકવા ગયા'તા. જરાક સાંતી ચાલે ને કોશ જાણે જમીન હેઠળ કો'ક કડામાં ભરાઈ જાય: ડગલે ને પગલે કોશ ભરાય ! આપાને થયું કૌત્યક ! એણે તે ધરતી ખોદીને જોયું તો માયાના ચરૂ ને ચરૂ ! માથે ધૂળ વાળી દઈને આપે હાકલ કરી.

"ભણે માતા લખમી ! તારો લલચાવ્યો હું નહિ લલચાઉં. હું રતો ! હું પરસેવો નીતારીને પેટ ભરનારો ! ભલી થઈને મારગ મેલી દે. ને તેમ છતાં જો તારે ઈરખા ચાતી હોય તો પેટ પડીને સંતાપી લે માવડી !"

"એટલે માયા માંકબાઈ થઈને અવતરી છે !"

એવી વાતો કરતા કરતા ખેડુતો ખંભે ખંપાળી ઉઠાવીને મોલડી ગામ તરફ ચાલ્યા ગયા.

હમણાં જાણે હૈયું ફાટી પડશે એવી, કોઈ ધવાયેલી સસલીના જેવા શ્વાસ ભરતી દીકરીએ દોડી આવીને "મા ! મા !"

શબ્દે ચીસો પાડી પોતાનો દેહ પોતાની માના ખોળામાં પડતો મેલી દીધો છે. માતા એના આખા શરીરે હાથ ફેરવી, હૈયા સરસી દબાવી લઇ, "માડી ! શું થયું ! શું થયું મારાં પેટ !" એવે શબ્દે દીકરીને શાંત પાડે છે, આખા ગામમાં કળેળાટ બોલી રહ્યો છે, માણસોનાં ટોળાં ઉમટ્યાં છે, છતાં પણ ચોપાટમાં બેઠેલા આપા રતા ભગતના હાથમાં જે માળા ફરે છે, તે તો ફરતી જ રહી છે. એનું અંતર આ દુઃખના દેખાવથી જરાયે ચળતું નથી. એના મુખ ઉપરની એક રેખા પણ બદલતી નથી. આવું જડ હૃદય જોઇને કાઠીઆણીએ બૂમ પાડી કે

"અરે ભગત ! હવે તો ભગતીની અવધિ થઇ ગઇ. આમ તો જોવો, આ બાળકીને આખે ડીલે સોટા ઉપડી આવ્યા છે !"

માળાના પારા પડતા મેલતા મેલતા પતિદેવ બોલ્યા કે "ભણેં કાઠીઆણી ! એમ દીકરી આંસુડાં પાડતી પાડતી સાસરીયેથી નત્ય ઉઠુને પીયરમાં ભાગુ આવે, એને મન મ્હોં નો દઇએં. બાકી તો કાણો કરવો ? જેવાં આપણાં ભાગ્ય ! ને જેવા દીકરીનાં લખત !"

ત્યાં તો પિશાચ જાદરો આવી પહોંચ્યો. આખે શરીરે પરસેવો નીતરી રહ્યો છે, ને આંખમાં લોહી ટપકે છે. શ્વાસે લેવાઇ ગયો છે. ગામને ઝાંપેથી એને માથે પીટ પડતી આવે છે. ઘોડી દોટાવી દોટાવીને થાકી ગયો છે તો પણ બાયડીને આંબી નથી શક્યો, એ વાતની મર્મ-વેદના પણ એને વીંધી રહી છે. ભગતની ડેલીમાં પગ મૂકતાં જ એ પાપી પણ અદબથી ચુપ થઇ ગયો. અને એનાં પગલાં સાંભળતાં જ દીકરી, કોઇ શિકારીના હાથનું સસલું લપાય તેમ માતાની ગોદમાં લપાઇ ગઇ. જાદરો પોતાનો કોપ મનમાં શમાવીને આપા રતા પાસે જઇ બેઠો.

"આવ્ય બાપ જાદરા ! આવ્ય. બેસ ભાઇ." એવા મીઠા શબ્દો કહીને ભગતે ભાણેજને પોતાની બાજુમાં બેસાડયો. ખાશ પીવા ટાણે બન્ને જણા એક ભાણે જમવા બેઠા, રાતે

વાળુ પણ બન્નેએ સાથે બેસીને કરી લીધું. પણ પોતાની દીકરી ઉપર જુલમ ગુજારવાની વાત ભગતે જરાયે છેડી જ નહીં. જાદરાને પણ લાગ્યું કે મામો કેટલા બધા સાગરપેટા છે!

વાળુ કરીને આપા રતાએ દીકરીને કહ્યું "ભણે ગીગી, બાપ મુંહે બે ગાભા ગોદડાંનાં દઉ દે. એટલે હું તલને ખેતરે વાસું વયો જાઉં."

ભાદરવો ઉતરીને આસો બેસતો હતો. આપા રતાના ખેતરમાં ઉંટ ઓરાઇ જાય એવડા તલ ઉભા હતા. અને એ તલનું રખોપું કરવા ભગત પોતે જ રાતવાસો જંગલમાં રહેતા હતા.

"અને ભણે કાઠીઆણી, જાદરાને આસેં જ પથારી કરૂ દેજે હો!"

"ના મામા, માળે તો' તમાળી હારે આવવો સે."

"બહુ સારો. લાવ્ય બાપ! બે બીજાં ગોદડાં."

એમ બન્ને ગોદડાં ખભે નાખીને અંધારી રાતે મામો ભાણેજ ખેતરે ચાલ્યા. જઇને ભગતે તો આજુબાજુથી લાકડાં લઇને દેવતા સળગાવ્યો. અને પોતે તાપવા લાગ્યા.

"ભણે જાદરા, તું તારે આડે પડખે થરૂ જા. મુંહે તો નીંદર નસેં આવતી. મું તો બીઠો બીઠો પરભુની માળા કરીશ."

'પ્રભુ' એવો શબ્દ સાંભળતાની વાર જ દાંત ભીંસવા લાગનાર જાદરો ગોદડાં પાથરીને માટીમાં લાંબુ ડીલ કરી સૂવા લાગ્યો. થોડી વારમાં તો એને ઘસઘસાટ ઉંઘ જામી ગઇ.

બાવળના વેઢામાંથી અગ્નિની ગુલાબી ઝ.ળો નીકળી છે, અને આજુબાજુના આઘેરા ડુંગરા ભગતના અબોલ ભેરૂબંધો જેવા ઝળહળી ઉઠે છે. અલખ ધુણીની આસપાસ વીંટળાઇને જુગજુગના જૂના તપેશ્વરીઓનું ટોળું તાપવા બેઠું હોય એમ પાંચાળના ડુંગરા યોગાસન વાળીને ચારે ફરતા બેસી ગયા છે. આસમાનમાં નવ લાખ ચાંદરડાં પણ આપા રતાની ધુણીની જ્યોતનાં દર્શન કરતાં જાણે ઉભાં છે. આટલા બધા તારલા

આટલા બધા ડુંગરા: આટલાં બધાં નાનાં મોટાં ઝાડવાં: આસો મહિનાની અંધારી અધરાતે એક જ માનવીનાં ગણ્યાં ગણાય નહિ તેટલાં બધાં સંગાથી: પણ કોઇ કોઇને કાંઇ કહેતું નથી. સહુ સામસામાં મુંગી વાણીમાં ગેબી વાતચીતો કરી રહ્યાં છે. એમ થોડીક વાર વીતી. અધરાત ભાંગી, અને ભગતે જમણે પડખે ડુંગરા માથે નજર ઠેરવીને ચૌદ ભુવનને જાણે સંભળાવવું હોય એવો સાદ દીધો,

"અરે ભણેં મોતીરામ એ..........મોતીરામ !"

"આં...હાં....ઉંહ !" એવો ઘોર અવાજ, પહાડોના પત્થરે પત્થરને ધણેણાવી નાખતો ભગતની હાકલના જવાબ તરીકે સંભળાયો. જાણે કે દૂર દૂર બાવળનાં ઝાળાંમાંથી કોઇક આળસ મરડીને ઉઠ્યું હોય એવું લાગ્યું. ભગતે ફરીવાર સાદ દીધો,

"અરે મોતીરામ ! ભણેં તાપવા હાલો તાપવા ! મઉ થાવ મા, નીકર સવારે ઠરને ઠીકરું થઇ રે'શો. હાલો હાલો, ધુણીએ બેસુને બેય જણા વાતુંના ચુગલા કરીએં, હાલો, આમ એકલાં એઠે કાંઇ રાત નીકળશે ?"

ભગતનાં વચનો જાણે પોતે સમજ્યો હોય તેમ એક સાવઝ સામા ડુંગરની ઝાડીમાંથી નીચે ઉતર્યો. કેવું એનું રૂપ ! ગોળા જેવડું માથું: પોણા પોણા હાથની ભૂરી લટો: ગેંડાની ઢાલ જેવડી છાતી: કોળીમાં આવે એવી કમ્મર: થાળી થાળી જેવડા પંજા: એવો સાડા અગીઆર હાથ લાંબો કેસરી ઉતર્યો. માર્ગે દોઢેક વાંભના પૂંછડાંનો ઝુંડો કરીને ફંગોળતો આવે છે. પોણા પોણા ગાઉ ઉપરથી વીસેક ભેંસોની છાશ ફરતી હોય એવા અવાજે એની છાતી વાગતી આવે છે. ગળું ધુમવટા ખાતું આવે છે. બે મશાલો બળતી હોય એવી બેય આંખો અંધારામાં ટમકારા કરતી આવે છે. મોઢા આગળ પોણા પોણા શેરના પત્થરોની ચણેણાટી બોલતી આવે છે: અને આં....હું ! આં....હું ! એવી લા નાખીને ભગતથી આઘે ઉભાં ઉભાં જે

ઘડીએ એણે પગની ખડતાલ મારી તે વખતે એક ગાડા જેટલી ધૂળ નાડા વા નાડા વામાં ઉડી પડી.

"આવો ! આવો મોતીરામ ! આવો બાપા !" એમ ભગત પંપાળવા મંડ્યા, અને સાવઝ નાના ગલુડીયાની માફક ભગતના પગમાં આળોટતો આળોટતો હાથપગ ચાટવા મંડ્યો. ભગતે એ પશુના પગ ઝાલીને દાબતાં દાબતાં પૂછવા માંડયું કે "કાં બાપ ! નરસંગ ! કયાંય કાંટો બાંટો તો નસે લાગો ને ?"

ભગતના પગ ચાટીને અને ભગતને ખંભે પોતાનું માથું મેલીને સાવઝ પોતાનો થાપો ઉંચો કરે છે. ભગત નાનો ચીપીયો લઇને એક આંગળી જેવડો લાંબો શૂળો સિંહના પંજામાંથી ખેંચી કાઢે છે. સાવઝ એ કાંટો કાઢનારા હાથને અનોધા હેતથી ચાટવા મંડી પડે છે.

"હા, અને ભણે મોતીરામ ! આજ ગંગારામ કીસે ગો ?" બીજી બાજુની ઝાડી સામે મ્હોં માંડીને સિંહ સમજાવે છે કે પોતાનો સાથી એ તરફની ગુફામાં બેઠો છે.

"ઇસે બેઠો છે ? ઠીક !" એમ કહીને ભગતે સાદ દીધો " ભણે ગંગારામ ! એ...ગંગારામ !"

અવાજ આવ્યો: આં...ઉંહ...આં !

" એ હાલો હાલો, મોતીરામ આદા સે. હાલો ધુણી ધખુ ગઇ છે. હાલો માળા જોગંધર, ઝટ હાલો ! નીકર ટાઢ્યના ઠરૂ રે'શો. "

પૂછડું માથે લઇને બીજો સિંહ ઉતર્યો: ડુંગરાના પાયા જાણે હમણાં હલમલી હાલશે એવી ત્રાડ દેતો આવ્યો. અને બન્ને સિંહો ભગતના પગ પાસે ગલુડીયાં આળોટે તે રીતે આળોટવા લાગી ગયા. જાણે પશુડાં સમજતાં હોય ને, એ રીતે ભગત વાતોએ ચડ્યા. ધુણીની આસપાસ ત્રણે તપસ્વીઓનું જાણે મંડળ બંધાઇ ગયું. ભગત જીભથી બોલે છે, અને સાવ-

એની તો આંખો જ કોઇ અગમ નિગમનાં વેણ ઉચરી રહી છે. અનહદના દરવાજા ઉઘડી ગયા લાગે છે.

વાતોમાં ને વાતોમાં એક પહોર વીતી ગયો. ત્રીજે પહોરે આભના તારલા જેમ તેજસ્વી બન્યા, બબ્બે ગાઉ આઘેનાં નેહડાં પાસે કોઇ પહર ચારવા નીકળેલા રબારીઓની, ચડતા ઉતરતા સૂરની મીઠી સરજુઓ સંભળાવા લાગી, વાડીએ વાડીએ અને ખેતરે ખેતરે તાપણાં બળતાં હતાં તે જેમ ઓલવાતાં ઓલવાતાં અણુસરખી જ્વાળાઓ કાઢવા લાગ્યાં, ત્યારે બન્ને સાવજોનાં શરીર સંકોડાવા મંડ્યાં. અને બન્ને એક બીજા સામે જોવા લાગ્યા. ભગત સમજી ગયા.

"કાં બાપ! ટાણો થઉ ગો? ભલે, જાવ. ભૂખ્યા થીયા હશો. એટલે જાવ ચારો કરવાઃ પણ જો જો હો બાપ! ગવતરીને મારીએં નહિ. ગવતરી તો મા ભણાય. અને તમે તો નરસંગ છો. ખાધાની બીજી જણશું કયાં ઓછી છે? જાવ, પાછા કાલ્ય તાપવા આવજો હો!"

આળસ મરડીને બેય સિંહ ઉભા થયા. બેય જણાએ ભગતને ખંભે પોતાની ગરદનો ચાંપી. અને ભગતના પગ ચાટીને બન્ને ચાલી નીકળ્યા. અંધારી અટવી આં...ઉંહ! આં...ઉંહ! એવા અવાજે કાંપી ઉઠી. ધીરે ધીરે સિંહના શોર શમી ગયા. આખરે ઉગમણી દિશા કંકુવરણી થવા લાગી, પંખીના માળા જાણે ઝાડવે ઝાડવે લટકતાં કોઇ ઇશ્વરી વાજીંત્રો હોય તેમ જૂજવે સૂરે ગુંજી ઉઠયા.

જાદરો ઉઠયો. પોષ મહિનાની કડકડતી ઠંડીમાં કૂતરાં જેમ પોતાના ચારે પગ, પૂંછડી અને મોઢું પેટાળમાં ગોઠવીને થીજી ગયાં હોય તેમ જાદરો પણ ટુંટીઆં વાળીને આખી રાત કૂતરા-કુંડળ થઇ ગયો હતો. એ જમઝાળ લૂંટારાએ અધરાતે બે વિકરાલ સિંહોને પોતાના સસરાના પગમાં લોટતા દીઠા હતા. એના રોમે રોમમાંથી પરસેવાનાં પાણી નીતરી ગયાં. એની કાયા થર! થર! કાંપતી હતી. નજરોનજર એણે

આજ પોતાની સતી સ્ત્રીના બાપની ગુપ્ત સિદ્ધિ જોઇ લીધી. ઉઠીને, કાંઇ બોલ્યા ચાલ્યા વગર, જાદરો પ્રભાતે ભગતના પગમાં જેમ લાકડી પડે તેમ આખો ને આખો પડી ગયો. ભગત પણ કાંઇ બોલ્યા નહિ. જાણે કાંઇ જાણતા જ નથી.

પછી ગોદડાના ગાભા નાખીને મામો ભાણેજ ગામમાં જવા ચાલી નીકળ્યા.

(૩)

"કાં બાપ જાદરા! અટાણમાં કાણા સારૂં આંટો ખાધો?"

"મામા, કાલ સાંજે વાછરૂ વગડામાં રહી ગયું'તું તે ગોતવા નીકળ્યો'તો."

એમ બીજે દિવસ પ્રભાતથી જાદરાએ રોજે રોજ સોનગઢથી મોલડી સુધીનો પંથ શરૂ કરી દીધો. રોજ અંધારામાં ઉપડે છે. અને મહારાજ ઉગીને સમા થાય તે સમયે મોલડી પહોંચીને ભગતના ચરણમાં માથું ઝુકાવે છે. તુર્ત જ પાછો ચાલી નીકળે છે. ભગત ઘણું કહે કે "ભણે ભાણેજ, છાશ પીને પછે જાજે." પણ જાદરો રોકાતો નથી. એના અંતરનું બધું ય વિષ જાણે ઉતરી ગયું છે.

એમ રોજ રોજ કંઇક ને કંઇક બ્હાનાં બતાવીને જાદરાએ ચાર દિવસ ભગતને ફોસલાવ્યા. પણ પાંચમે દિવસે તો મામાએ કાંડું ઝાલીને પૂછ્યું "ભણે જાદરા, નત્ય ઉઠુને દશ ગાઉનો પંથ કાણા સારૂ કરી રીયો છો? ભણ્ય નાખ્ય."

"કાંઇ નહિ મામા. તમણાં દરશન સાટુ!"

"માળો દરશન! માળો દરશન કર્યે કાણું વળવાનો? માળો મોઢો તો બાપ, ખાસડે માર્યો જીમો છે. હવે કાલ્યથી આવીશ તો માર્યા વન્યા નહિ મેલું."

"મામા, મેં તો નીમ લીધો છે."

"નીમ કાણાનો ?"

"રોજ પ્રભાતે તમણાં દરશન કર્યાં પછી જ મ્હોમાં દાતણ નાખવાનો."

ખડ ! ખડ ! ખડ ! ખડ ! દાંત કાઢીને ભગતે કહ્યું "જાદરા, ઇમડો બધો દાખડો રે'વા દે. હું તુંહે મારગ દેખાડાં. તાળા જ થાન ગામમાં મેપો ભગત છે ને મેપો ?"

"મેપો કુંભાર !"

"હા, ઇ મેપો પરજાપત છે ને, એને રોજ જઇને પગે પડજે, એટલે હું એમાં આવી રીયો. અમે બેય ગેબી બાવાના ચેલા છીએ. મેપાને પગે પડ, ઇ તુંહે પરમોદ દેશે."

"અરે મામા, તમે આ શું બોલો છો ? મેપો ટપલો મોટો ભગત છે ?"

"હા ભાઇ. મેપો ટપલો. એનો ટપલો જેને માથે પડે છે, એનાં તો અંતરનાં કમાડ ઉઘડુ જાય છે ભાઇ ! તું એની પાસે જા."

અજાયબ થાતો થાતો જાદરો ચાલ્યો ગયો : મનમાં થયું કે ઓહોહો ! માળું કાદવ ખુંદનારો કુંભાર મોટો ભગત !

થાન ગામના કુંભારવાડામાં, માખણના પીંડા જેવો મુલાયમ ગારો ચડાવીને, મેપો કુંભાર પોતાની ફેરણી વતી ચાકડો ચક્કર ચક્કર ફેરવે છે, અને એ માટીના પીંડામાંથી એક પછી એક ઘાટ ઉતારતો ઉતારતો ઇશ્વરનાં ભજનો લલકાર્યે જાય છે. ચાકડો ફરે છે, તેમાં ચૌદ-લોકનું ચક્ર ફરતું હોવાનું દર્શન કરી મેપો આનંદના ઉછાળા મારે છે. આ બ્રહ્માંડનો ચાકડો ફેરવવા બેઠેલા કોઇ મહાન પ્રજાપતિની લીલા વર્ણવે છે, અને જેમ જેમ ઘાટ ઉતરતો જાય છે, તેમ તેમ પોતાની જુવાન દીકરીઓ ને જુવાન દીકરા-વહુઓ એ વાસણો સારી સારીને સકવવા લઇ જાય છે. કુંભારના કુળની જુવાન વહુ-દીકરીઓ વાને ઘાટે રૂડી-બહુજ રૂડી છે. શરીરો ગારામાં ગર-

-કાવ છે, છતાં પણ રૂપ ઢાંકી રહી શકતી નથી. ફળીઆમાં ગધેડાંનાં નાનાં નાનાં શ્વેતવરણાં ખોલકાં ગેલ કરતાં કરતાં છલંગો મારે છે.

એવે પ્રભાતને ટાણે ગળામાં માળા નાખીને જાદરો આવી પહોંચ્યો. આવીને કહ્યું "ભગત રામ રામ!"

"રામ રામ! આપા જાદરા."

એમ ભગતે સામા રામ રામ તો કર્યાં, પણ એના અંતરમાં તુર્ત ફાળ પડીઃ આ કાગડાના મ્હોંમાં આજ 'રામ' ક્યાંથી? અને આ મલકનો ઉતાર આજ મારે ફળીએ શીદ આવ્યો હશે?

વહુ–દીકરીઓ પણ આ અસૂરને દેખી, પોતાનાં નિર્દોષ અર્ધ ઉઘાડાં શરીરને સંકોડવા લાગી. આડો સાપ ઉતર્યો હોય તેમ સાવધ બનીને ચાલવા મંડી. "એ પીટયાનો તો ઓછાયો યે આપણાં અંગને ન અડવો જોઇએ" એવી વાતો થઇ રહી.

જાદરો ચુપચાપ બેસીને ચાલ્યો ગયો. બીજે દિવસે આવ્યો ને ગયો. ત્રીજે દિવસઃ અને ચોથે દિવસે જેવો એ આવ્યો તેવો તુર્ત જ એને મેપા ભગતે બાવડે ઝાલ્યોઃ

"આપા, રોજરોજ આંહી શીદ આંટા ખાઓ છો?"

"કાંઇ કામે નહિ ભગત! સુવાણે તમારો સત્સંગ કરવા."

"સત્સંગ! તારે ને સત્સંગને શા લેવા, દેવા કાઢી? આવ્યો ઇ આવ્યો, પણ હવે જો આવ્યો છો ને, તો આ ફેરણીએ ફેરણીએ વાંસો ખોખરો કરી નાખીશ. હાલ્યો જા બહાર,"

"બહુ સારૂં ભગત! અંદર નહિ આવું."

એટલા સુંવાળા શબ્દો બોલીને જાદરો ચાલ્યો ગયો. બીજા દિવસનું પ્રભાત પડયું, મેપા ભગતે ચાકડો ફેરવતાં ફેરવતાં પ્રભાતીયું ઉપાડયું કે

**રૂદીયામાં રે'જો**
**એ જી મારા રૂદીયામાં રે'જો!**
**એ જી સુરજ વસે રે બ્રેહમંડ ગોખમાં**
**તેમ મારા રૂદીયામાં રે'જો!**

ભગત ગાતા ગાતા વાસણ ઉતારે છે, અને વહુ-દીકરીઓ વાસણ સૂકવે છે, એવે ટાણે દીકરીએ ખડકીના બારણા ઉપર મીટ માંડીને કહ્યું "આતા, કો'ક તરડમાંથી છાનુંમુનું ડોકાતું લાગે છે!"

ચાર-ફેરણી લઈને મેપો ઉભો થયો. ભજનના સૂર ભાંગી પડયા. ધ્રુંધવાતે હ્રદયે ખડકી ઉઘાડી. જુએ તો જાદરો.

કાંઈ પણ બોલ્યા ચાલ્યા વિનાં, ચાકફેરણી ઉગામીને ભગત ઉતરી પડયા. ફડ! ફડ! ફડ! એવા ત્રણ સોટા જાદરાની પહોળી પીઠ ઉપર ખેંચી કાઢયા. અને ત્રાડ દીધી "ચોલટા!"

કુંભારના હાથના ત્રણ સોટા પડતાં જાદરો બેવડ વળી ગયો. પણ મ્હોંની એક રેખા યે ન બદલવા દીધી. જેવો હસતો હતો તેવો જ હસતો રહ્યો.

"જાછ કે નહિ?" ફરી ત્રાડ પડી.

"નહિ જાઉં! હવે તો નહિ જ જાઉં!"

એટલું કહીને ગળગળે કંઠે જાદરાએ પગમાં પડી, ભગતના ગારાવાળા ચરણો ઝાલી લીધા. પગ ચાંપવા મંડયો.

ભગત ટાઢાબોળ થઈ ગયા. જાણે ચંદનનો લેપ થઈ રહ્યો હોય ને, એવું કાંઈક પગમાં થવા લાગ્યું. ભગતે જાદરાનું લલાટ વાંચી લીધું:

"બાપ જાદરા! સીખ્યો?"

"તમારી દયાથી!"

"બાપ નાના બાલુડાને તેડે તેમ ભગતે જાદરાને છાતીએ લઈ લીધો અને માથે પોતાનો હાથ મેલ્યો. એની પીઠ પર પોતાનો પંજો નીમજયો, ત્યાં તો જાદરાની સૂરતા જગતભરમાં રમવા માંડી. એનો માયલો મરી ગયો.

(૪)

આજે પ્રભાતના પ્હોરમાં જાદરા ભગતના ઘરની પછવાડે રડારોળ થઇ રહી છે. સાંભળનારને પણ આંસુડાં પડે એવા વિલાપ અધરાતથી મંડાઇ ગયા તે હજુ સુધી અટકયા નથી. માંકબાઇએ ડેલીએ આવીને પતિને કહ્યુંઃ

"ભગત, આ સાંભળો છો!"

"કોણ રૂવે છે?"

"આપણા ટેલીઆની વહુ."

"કાં?"

"એનો પાંચ વરસનો દીકરો ફાટી પડયો. ભગત મારાથી એના વિલાપ સાંભળ્યા જાતા નથી. હવે તો મારી છાતી હાથ નથી રહેતી. અહોહો! આપણી ઓથે આવેલાંને આવડું બધું દુઃખ?"

"શું કરીએ કાઠીઆણી! લાખ રૂપીઆ દીધેય કાંઇ કાયાનો કુંપો ફુટયો ઇ સંધાય છે? આપણે એના બાળકને શી રીતે બેઠો કરી શકીએ?"

"પણ મારાથી એની માનું રોવું હવે નથી સંભળાતું. તમે આપા મેપાની પાસે જાશો?"

"જઇને શું કરૂં?"

"એના પગુંમાં પડો. એને ઘણાંય ખોળીયામાં પ્રાણ પાછા મેલ્યા છે."

હાથમાં માળા લઇને જાદરો કુંભારવાડે ઉપડયો. માંકબાઇ પણ પાછળ પાછળ ગયાં. બેય વર–વહુએ મેપાના ચરણ ઝાલીને આંસુએ ભીંજાવી નાખ્યા.

"શું છે બાપ? શું છે ગીગા!"

"બાપુ! ઓલ્યા કોળીની બાયડીના વિલાપ મારાથી સાંભળ્યા જતા નથી. એના છોકરાને બેઠો કરો."

"બેટા, મડાં ક્યાંય બેઠાં થાય?"

"તમથી શું ન થાય?"

"પણ બાપ, હું કાંઇ પરભુનો દીકરો નથી, અને ભગવાનની મરજી હોય તો મરેલાં યે બેઠાં થાય, પણ એકને સાટે બીજું પ્રાણ દેવા તૈયાર હોય તો!"

"અરેરે બાપુ! બીજા કોને લઇ આવીએ? કાંઇ માણસના જીવ વેચાતા મળે છે?"

ખીજાઇને મેપાએ કહ્યું. "એ બાઇ, બહુ પેટમાં બળતું હોય ને, તો પોતાના છોકરાનું આવખું કોળીના દીકરાને દઇ દઇએ! ઠાલા દયાના ડોળ ઘાલો મા."

પોતાનો છોકરો! એનું આવખું! એવાં વેણ સાંભળતાંની વાર તો ધણીધણીઆણી થંભી ગયા. એક બીજાની સામે ટગર! ટગર! બન્ને જણાં જોઇ રહ્યાં. બન્નેનાં મનની ઢીલપ જોઇને મેપાએ ફરીવાર કહ્યું:

"જાવ બેય જણાં, એકલાં બેસીને પરિયાણ કરી આવો. એમ પરિયાણ કરતાં કરતાં બપોર કરજો, ત્યાં કોળીનો છોકરો સમશાને સળગી રહ્યો હશે! જો મારાં વાલીડાં પારકી દયા ખાવા આવ્યાં છે!"

"પરિયાણ વળી શું કરવું'તું?" જાદરો બોલ્યો, "ઇ છોકરામાં મારો જીવ કાંઇ ગરતો નથી. કાઠીઆણી, તું જાણ ને તારો ગગો જાણે. પછી મને આળ દેતી નહિ."

જનેતાનો જીવ! બે ઘડી અકળાયો. છોકરો નજર આગળ તરવરવા લાગ્યો. હૈયામાં કાંઇક જાણે થઇ ગયું. અને પછી કઠણ છાતી કરીને જનેતા બોલી "બાપુ! મારો છોકરો હું દઇ ચૂકી."

"તો જા લઈ આવ."

માતા દોડીને ઘેર ગઈ. જઈને છોકરાને નવાં ઘરેણાં લૂગડાં પહેરાવ્યાં. દીકરીને તેડીને ભગત પાસે ચાલી. માર્ગે દીકરો માતાને પૂછે છે કે

"હેં માડી, આપણે ક્યાં જઈએ છીએ!"

"તને પરગામ મેલવો છે ભાઈ!"

દીકરો હરખાતો હરખાતો માની આંગળીએ વળગીને ચાલ્યો આવ્યો. માએ કહ્યું "લ્યો બાપુ, આ છોકરો."

બરાબર એજ ટાણે કોળીના દીકરાનું શબ લઈને લોકો રોતા કકળતા નીકળ્યા. અને પાછળ એની માતા માથાં પછાડતી ચાલી આવે છે. ભગતે કહ્યું :

"મડદું રોકી રાખો ભાઈ!"

શબ નીચે મૂકાવીને ભગતે જાદરાના નાના દીકરાને કહ્યું "બેટા, આ ભાઈ સૂતો છે ને, એના કાનમાં નીચે વળીને બોલ, કે તારે સાટે મને જાવા દે."

કોણ જાણે કેવા યે દેશમાં રમતો રમવા જાવાનું હશે, એવા ઉમંગે દીકરાએ નીચે વળી કોળીના પુત્રના શબને કાનમાં કહ્યું. કહેતાં જ એનો જીવ જૂનું ખોળીયું ખાલી કરીને કોળીના છોકરાના શબમાં પેસી ગયો.

છોકરો જાગીને પોતાની જનેતાને ગળે બાઝી પડયો. અને જનેતા વિલાપ છોડીને 'બાપુ તું કયાં હતો? કયાં હતો બેટા!" એમ કહેતી ચુમીઓના મે વરસાવવા લાગી.

પોતાના ટેલવાનાં સુખ નિહાળીને જાદરાની અને માંકબાઈની આંખો ઠરી. એજ ઠેકાણેથી, એજ સોડય ઓઢાડીને વર વહુ દીકરાને ઉપાડી સ્મશાને ચાલી નીકળ્યાં.

"જાદરા!" મેપા ભગતે ભવિષ્ય ભાખ્યું, "મારા કુળમાં આરી ૪ બધા તો મલકને ઠોશરાં પૂરશે, પણ તારા વંશના તો

એક પછી એક ઓલીયા દુનિયાને અનાજ પૂરશે. તું તો રામદે-પીરનો અવતાર છો ભાઇ!"

"હું તો રતા ભગતના પગની ધુળ છું મેપા ભગત ! મને એંકાર આવે એવું બોલો મા ! મને મારા પાપ ધોવા દ્યો."

( ૫ )

"બાપુ ! આજ ઘોડાં તરસ્યાં મરે છે."

"કેમ ?"

"આજ પાણી ઘેરવાની વેઠયનો વારો ઓલ્યા મેપા ભગતડાનો હતો. કોઇ દિ' વેઠયે નહોતો આવતો ને આજ ચાલીને લઇ આવ્યા. પણ મેપાએ તો એક જ માણ્ય ભરી લાવીને ટીપું ટીપું સહુ ઘોડાં પાસે રેડી દીધું છે. બીજી વાર માણ્ય ભરી જ નથી આણ્યો."

"આપણે ફરીવાર ઘોડાં ઘેરો તો !"

દરબારના ચાકરોએ ઘોડાહારમાં કુંડીઓ ભરી ભરીને પાણી મેલ્યાં. પણ એકેય ઘોડું અંદર મ્હોં યે નથી બોળતું. બધાં પાણી પીને તૃપ્ત બનેલાં ઉભાં છે. ખાસાં મઝાનાં હણહણાટી મારતાં ઘાસ ખાય છે. દરબારને લાગ્યું કે મેપાની પાસે કોઇ મહાન સિદ્ધિ છે. મેપાને તેડાવીને દરબારે કહ્યું કે "ભગત, તમારા ઘરની વેઠય આજથી બંધ છે."

"ઠાકર તમારૂં ભલું કરશે." એટલી દુવા દઇને મેપો ચાલ્યો ગયો.

મેપાનું ખોરડું ગરીબ, અને આંગણે રોટલો ઘણો બહોળો અપાય. સાધુસંત ત્યાંથી ભૂખ્યો પાછો નથી ફરતો. મેપાને આશા આવી કે દરબારની અરજે જાઇશ તો વેરો પણ માફ થશે. જઇને દરબાર પાસે સવાલ નાખ્યો કે "બાપ, વેરો

છોડી દ્યો, તો પાંચ અતિથિને જમાડ્યાનું પૂણ્ય તમારે નામે ચડશે. મારે કાંઇ માયાને ઘરમાં સંઘરવી નથી. ”

“ જોયું બાપુ ! ” પડખીઆઓએ દરબારના કાન ભંભેર્યા, “આ વસવાયાંની જાત મહા કપટી ! વેઠ માફ કરી ત્યારે વેરો સોત ગળી જવાની દાનત થઇ ! ગોલાં તો દબાવ્યાં જ પાધરાં !”

“ સાચું ! ગોલાં તો માર્યે પીટયે જ પાધરાં. વેરો નથી દેતો તે બાંધો એ કમજાતને આ વડલાને થડ. ”

કસકસાવીને રાજનાં માણસોએ ભગતને વડલાના થડ સાથે ઝકડી લીધા. ભૂખ્યા ને તરસ્યા ભગત બંધાએલા રહ્યા. ગામમાં કોળાટ બોલ્યો. ઇર્ષાળુ હતાં તેને આનંદ થયો.

દરબારના જુલમની વાત છેવટે જાદરાને કાને ગઇ. ખેતરેથી આવીને ભૂખ્યો જાદરો ભાણા ઉપર બેસે છે ત્યાં જ માંકબાઇએ કહ્યું “કાઠી, ગરૂને તો દરબારે બાંધ્યા છે.”

ભાણું ઠેલીને જાદરા ભગત ઉભા થયા. ચાલ્યા. છેટેથી એણે એ દેખાવ જોયો. જોતાં એનું દિલ બહુ કોચવાયું.

“ હાં ! હાં ! જાદરા ! ” અટાણે કયાંઇક અવળું વેણ ન બોલાઇ જાય હો ! ”

“ અવળું વેણ તો બીજું શું બાપુ ! પણ તમને બાંધ્યા તોય હજી આ વડલો કાં લીલો રહ્યો ? ”

જાણે પોતાનો અપરાધ કબૂલતો હોય તેમ વડલો સૂકાવા લાગ્યો. એની આખી યે ઘટા ભસ્મ થઇ ગઇ. [આજ પણ એ શાપિત વડલો થાનમાં ઉભો છે.]

“ હાં ! હાં ! હાં ! જાદરા ! જો ગઝબ ન થાય. લાખુંના પાળણહારને માથે પ્રભુનો સેવક ન જાય હો બાપ ! નીકર પીરાણું વગોવાશે. અને આપણે કાળમુખા કહેવાશું. ”

તે દિવસથી મેપા ભગતનાં કુટુંબનાં વેઠવેરો બંધ થયાં, અને આજ સાડા ત્રણસો વરસે પણ બંધ જ છે.

* જાદરા ભગતના બીજા નીચે લખ્યા પરચા કહેવાય છે :

૧. મૈકા ગામમાં એના ચેલકાઓએ બકરી મારેલી તે જીવતી કરી મેળામાં અનાજ પૂર્યું.

પાદર જે મૈકા તણે, કણુ સજીયા કોઠાર,
જાદર જેજેકાર, ધરા બાધીમાં ધાનાઉત.

૨. એક રબારીએ ચોવીસ મોધરી વ્હોરાવી તેને બદલે ભગતે ચોવીસ ગાયો દીધી :

ભગતે દાળીદર ભાંગીયાં, થાનક વાતું થાય,
મોઘરીયાં સાટે ગાય, ઓપી આપે જાદરે.

૩. આયો કાંડોળે અલખ, સત ધાનક સરકે.
મુવાં મઢાં ઝકે, તેં જીવાડયાં જાદરા.

આ ત્રણે પરચામાંથી એની કશી મહત્તા કે પવિત્રતાનું તત્ત્વ નથી મળી શકતું. તેથી એને આપણે કશું મહત્ત્વ ન જ આપી શકીએ.

સંપાદક

( ૬ )

કુંભાર ભગત મેપાનું વેણુ બરોબર ફળ્યું છે. જાદરાનો એક દીકરો પારકા છોકરાને જીવ આપી નાનપણમાં રમવાને ચાલ્યો ગયો. પણ તેને બદલે ઇશ્વરે માંકબાઇને પેટે એક પુણ્યાત્માને અવતાર્યો. એનું નામ ગોરખો પાડયું. ગોરખો તો પ્રભુને ઘેરથી જ જાણે ભેખ પહેરીને જ આવ્યો હતો. સંસારની રજ એને ચડતી જ નહોતી. બાપનાં ભગવાને એણે સવાયાં શોભાવવાં માંડયાં. ગોરખાના બોલ બરછી સરખાં સોંસરા ચાલવા લાગ્યા. બાપની ગાદી થાનમાં જ હતી. તેના ઉપર ગોરખા ભગતનાં આસન મંડાયાં.

ભગતનું થાનક ગામની બહાર હતું. એક દિવસ સવારે એક ટેલીઆએ આવીને ખબર દીધા કે "બાપુ? થાનને પાલટયું?"

"થાન પાલટયું! કયારે?"

"રાતમાં."

"કોણે?"

"લખતર દરબારે."

"તે કાંઇ ધરધીંગાણું ન સંભળાણું, કાંઇ ઝાટકા ન બોલ્યા, ને થાન બદલાણું?"

"ભગત, કરપડા દરબારની તો દેહ પડી, કુંવર નાજા કરપડાને લઇને બાઇ ખુણો મેલાવા ગયાં, ને વાંસેથી ગામ નધણીઆતું દેખીને લખતરના ઝાલા બથાવી બેઠા. આમાં કોની પાસે જઇને દાદ ફરીયાદ કરવી?"

ભગતનો જીવ આવો અન્યાય સાંભળીને કોચવાયો. થોડા દિવસ થયા ત્યાં વિધવા બાઇ જુવાન કુંવર નાજા કરપડાને તેડીને થાનકમાં આવી. બાઇએ આપા ગોરખા પાસે બોર બોર જેવડાં પાણી પાડયાં. પણ નાજો કરપડો બોલ્યો કે "હવે થયું. લખતરને આપણથી શે પોગાય? સૂરજ સામે ધુડ ઉડાડવી છે ને!"

"બોલ મા, બાપ નાજા! બોલ મા!" ભગતે કહ્યું, "જા બાપ! આ લે આ નાળીએર. ઠાકર તને થાન પાછું દેશે. ગૌધન સાંજે ગામમાં આવે ત્યારે તારાં માણસો તેડીને આવજે. જેટલાં શીંગડાં એટલા બગતરીઆ થાશે. ઠાકરને ઘેરથી કટક ઉતરશે. મુંઝાશ શીદ? અનીઆ કાંઇ ઠાકર સાંખે નહિ."

થાન બદલાણું. લખતરનો નેજો નીચો પછાડી નાજા કરપડાએ પોતાના બાપની આણ વર્તાવી. ઉલ્લાસમાં ને ઉલ્લાસમાં એણે એક વાડી ગોરખા ભગતની જગ્યામાં અર્પણ કરી.

એક દિવસ ભાદરવો મહિનો ચાલે છે. નાજો કરપડો ઘોડે ચડીને સીમ જોવા નીકળ્યો છે. આખી સીમનાં વાડી ખેતર જોઇને પાછો વળ્યો. એમાં એક વાડી દેખીને એણે ઘોડી રોકી, મીટ મંડાઇ ગઇ. ધોકા ધોકા જેવડાં જુવારનાં ડુંડા હીંચકે છે. અને ઉંટ ઓરાઇ જાય એવે ઉંચે સાંઠે જાર ઉભી છે. દિલમાં થયું કે આ શું કૌતુક! આખી સીમમાં આ એક જ કટકો કાં સોને મઢ્યો!

"આ કોની વાડી?"

"બાપુ! જગ્યાની."

"જગ્યાની કયાંથી?"

"આપણે અરપણ કરેલી છે."

"અરે ગોલકીના! આવી કંચન જેવી જમીન સાધુડો ખાશે?"

આંખ ફાટી ગઇ. પરબારી ઘોડી આપા ગોરખાની જગ્યામાં હાંકી. પરબારા ભગતને જઇને કહ્યું કે "એલા એય ભણે કોપીન! ભાગું જા આસેંથી. વાડી બાડી નૈં મળે. ખબરદાર જો ડુંડાને હાથ અડાડયો છે તો!"

સાધુડાં બધાં કળકળવા લાગ્યાં. પણ ભગત તો મ્હોં મલકાવીને ઠાવકી મીઠી વાણીમાં એટલું જ બોલ્યા કે "હશે બાપ! જમીન તો એના બાપની છે ને! એની છે ને એ લઇ લ્યે છે. આપણને એનો કાંઇ દખ ધોખો હોય?"

નાજા કરપડા તરફ ફરીને ભગતે કહ્યું, "ભલે બાપ, તું તારી જમીનનો ધણી છો પણ બોલ્યું નાળીએર તને દીધું' તું ઇ તો મારૂં છે. માટે પાછું દઇ મેલ્ય એટલે અમે હાલી નીકળીએં."

"ભણેં લંગોટા! મારૂં થાન તે શું ગારાનું છે તે તારા નાળીએર વગરનું વહ્યું જાશે? આ લે તારૂં નાળીએર."

નાળીએર પાછું આવ્યું. ઠેઠ જૂનાગઢના પાડોશમાં રહેતા ખીમા મૈયા નામના મૈયા વંશના આગેવાનને ઓચીંતું સ્વપનું આવ્યું કે "ખીમા ! ઠાકર તને થાન દ્યે છે."

મૈયાની ફોજ થાન માથે ચડી. દૈવતહીણુ નાજો વગર લડયે ભાગ્યો. ગઢ ઠેકીને ભાગવા જાય ત્યાં તો કાછડી કાંગરે ભરાઇ ગઇ. નવસ્રી હાલતમાં નાજો કોઇ ઝાડની ઓથે બેઠો છે, એવા ખબર જગ્યામાં ભગતને પડતાં જ તત્કાળ પોતે લુગડાંની ગાંસડી માથા પર ઉપાડીને ચાલ્યા. નગ્ન નાજાને લુગડાં પહેરાવીને કહ્યું "બાપ નાજા ! અભેમાન કોઇનાં નથી રહ્યાં. અને નિરપરાધીના નિસાપા લીધે સારાવાટ ન હોય."

## ૨

સીમમાંથી ધા નાખતા ગોવાળો જગ્યામાં આવ્યા. આવીને ભગત પાસે કહ્યું કે "બાપા ! જગ્યાનું ધણ વાળી ગ્યા."

"કોણ બાપ ?"

"મોરબી દરબારનાં માણસું."

"કાંઇ વાંધો નહિ ભાઇ આયડુ ! આપડે તો વાંસે વાછરૂ ય દઇ મેલો, નીકર માતાજીયું કામધેનુ દુવાશે."

એમ કહીને એણે વાછરૂ પણ પાછળ મોકલી દીધાં.*

*લોકો આવી વાતો પણ કરે છે–બીજે દિવસ થતાં તો મોરબીથી માલ પાછો આવ્યો. ચોરનારાઓ ચેતી ગયા કે ભગતનો જીવ કોચવાશે તો ઉલટ પાલટ કરી નાખશે.

પરંતુ એક ગાય ન આવી. ભીમો રબારી કૂશકા મેલીને રોવા લાગ્યો કે "બાપુ ! મારી ગોરહર ગા રહી ગઇ ! મારી ગોરહર વગર હું નહિ જીવું."

ગોરખાએ મોરબી ઠાકોરને સંદેશો કહેવરાવ્યો કે "આ વગર આયડુ ઝુરે છે. ગોવાળ અને ઢોરની પ્રીત્યુંનો વિચાર કરો દરબાર ! તમને બીજી ઘણીયું ય આ મળી રે'શે. અમારી ગોરહરને પાછી દઇ મેલજો."

મોરબીનો ઠાકોર ન માન્યો. ફરી ગોરખે કહેવરાવ્યું :

"દરબારને કહો કે ગોરહરનાં દૂધ નહિ ઝરે બાપ !"

તોયે દરબારને ડહાપણ ન આવ્યું. થાનમાં બેઠાં બેઠાં, હોકો પીતા રાયકાને ભગતે પૂછ્યું કે "ભીમડા ! તારાં હાથમાં ઇ શું છે બાપ ?"

"હોકાની ને' છે બાપુ !"

"એનું બીજું નામ શું ?" "નાળચ."

"હાં બાપ ! ઇ યે નાળચ : બંધૂક તોપની નાળચ જેવી. કર એને મોરબીના ગઢ સામી લાંબી. ને માર ફુંક."

ભીમડાએ પહેલી ફુંક દીધી. અને ભગત બોલ્યા કે "શાબાસ ! મોરબીનો ગઢ તૂટ્યો. હાં, ફુંક ફરીને !"

"વાહ ! એ...ઘોડહારના ભુક્કા !" "બસ ! એ...કુંવર ઉડ્યો !"

એ દંતકથાનું એક ગીત છે :

ખરો કાળ ઝમઝાળ ગોરખો ખીજીઓ
માલ ગોરખ તણો ન થાય મીઠો,
ગઝબની ચોટ જાદર તણો ગોરખો
દેવાતણ આકરો નતો દીઠો.

કમતીઆ કેસરા એમ [1]જાડા કહે
કુલ ઘોડે ચડયો હૈયાફુટયો,
ઘોડાર્યું બાળ્યને કુંવરને ઉડવ્યો
રાજ બોળી દીયે [2]ઝણ રૂઠયો.

પરગણું બધું નડેડાટ ઉજ્જડ પડયું
કોપીઓ માળીઆ સરે મટે કયાંયો,
મોરબી સરે ખૂટામણ નો મટે
મોરબી કૂટતી ફરે માથો.

તોળાં કંડોળાં તણી આવેને કરી આળ
મોરબીને સર મહારાજ ! ગઝબ ઉતાર્યો તેં ગોરખા.

---

૧. જાડેજા. ૨. ગોરખો 'ઝણ' શાખનો કાઠી હતો.

# દાના ભગત

| જન્મ | મૃત્યુ |
| --- | --- |
| સંવત–૧૭૮૪ | સંવત–૧૮૭૮ |

પાંચાળને ગામે ગામે દયા અને દાનનો બોધ દેવા જાદરો ભગત એકવાર આણંદપર ભાડલા નામે ગામમાં આવી પહોંચ્યા છે. જાદરો તો પીર ગણાતો. દુઃખીયાં, અપંગ, આંધળાં, વાંઝીયાં, તમામ આવીને એની દુવા માગતાં.

એમાં એક કાઠીઆણી, માથે ગુઢું મલીર ઓઢેલું, બાવીસ વર્ષના જુવાન દીકરાને લાકડીએ દોરેલો, અને આપાની પાસે આવી ઉભી રહી. ભગતે પડખે બેઠેલાઓને પુછ્યું કે

"આ બોન કોણ છે ભાઇ!"

"બાપુ, કાળા ખાચરને ઘેરેથી આઇ છે. કાળો ખાચર દેવ થઇ ગયા છે, ને સત્તર વરસ થયાં આઇ આ છોકરાને ઉઝેરે છે."

"તે છોકરાને દોરે છે કાં?"

"બાપુ, છોકરાને બેય આંખે જનમથી અંધાપો છે."

"છોકરાનું નામ?"

"નામ દાનો."

"આંહી આવ બાપ દાના ખાચર. તારી આંખ્યું જોઉં બાપ!"

દાનો થડમાં આવ્યો, પડખામાં બેસારીને ભગતે આંખો તપાસી. પછી નાનું છોકરું દાંત કાઢે તેવી રીતે ખડખડાટ હસીને બોલ્યા "બાપ દાના! આટલાં વરસથી ઢોંગ કરીને બિચારી રંડવાળ માને શીદ સંતાપી? તારી આંખ્યુંનાં રતન તો આબાદ છે ભાઇ! તું આંધળો શેનો? દલ્લીમાં ઘોડાં દોડતાં હોય ઇ યે તું ભાળછ. તારી નજરૂં તો નવ ખંડમાં રમે છે. ઠાકરનું નામ લઇને આંખ્યું ઉઘાડ બાપ! તારે તો હજી કૈકને દુનિયામાં દેખતાં કરવાનાં છે ઇ કાં ભૂલી જા?"

*દાનાએ આંખો ઉઘાડી. પોપચાંના પડદા ઉંચા થયા. જગતનું અજવાળું આજ અવતાર ધરીને પહેલી વાર દીઠું, આંખમાં જ્યોત રમવા લાગી. માતા સામે, સગાં વ્હાલાં સામે, ચારે કોર નજર ફેરવી. ત્યાં ભગત બોલ્યાઃ

" બાપ, ઉંચે ઇશ્વર સામું જોયું? "

દાનાએ ગગનમાં નજર માંડી. ઇશ્વર પ્રત્યે હાથ જોડયા. બાવીસ વરસનાં ભર જોબન, અને સંસારનાં સુખ માણવાની લાલસાઃ માની પ્રીતિ, બાપનો મૂકેલો વૈભવઃ બધું ય સર્પની કાંચળીની માફક, પલવારમાં અંગ ઉપરથી ઉતરી ગયાં. દાનાના મુખ મંડળ ઉપર ભગવા રંગની ભભક ઉઠી આવી. એણે જાદરાના પગ ઝાલી એટલું જ કહ્યું કે "બાપુ! હવે મારે ઘેરે નથી જાવું. તમારી સાથે જ આવવું છે."

"માડી! એક વાર ઘરે તો હાલ્ય. તારાં લૂગડાં બાંધી દઉં." બેબાકળી માતાએ દીકરાને બોલાવ્યો.

"હા હા, બાપ દાના! ઘેરે જઇ આવ. પછી તું તારે જગ્યામાં હાલ્યો આવજે."

* આ પ્રસંગને પરચાનું રૂપ શા માટે આપવું જોઈએ? આગળના સંતો ભક્તો પોતાની પાસે સારી સારી વનસ્પતિની દવાઓ રાખી લોકોના વ્યાધિઓ મટાડતા હોવાનો સંભવ છે. દાનાની આંખો ઉપર પણ ચમત્કાર કરવાને બદલે જાદરાએ કોઇ ડુંગરીયાળ ઓષધી જ લગાવી હશે.

"બાપુ ! મા ! મારૂં ઘર મેં ગોતી લીધું છે. હવે મારે કાંઇ પોટલું બાંધવું નથી. મારે તો મારે સાચે ઘેરે જ જાવાનું પરિયાણ છે."

માની આંખમાં દડ ! દડ ! પાણી પડવા માંડયાં. જાદરા ભગતે માને કહ્યું કે "આઇ ! આંસુ પાડછ? કાઠીયાણી થઇને ! એકાદ સાંતી જમીનનાં ઢેફાં સારૂ તારો દીકરો ધીંગાણે કામ આવત, તે વખતે તું આંસુ ન પાડત. અને આજ સંસાર આખાને જીતવા નીકળનારા દીકરાને અપશકન શીદ દઇ રહી છો મા ? છાની રે'."

## (૨)

જુવાન દાનાએ ભગવાં પહેર્યાં. ગુરૂની આજ્ઞા મળી કે "બાપ ! કામધેનુની ચાકરી કરવા મંડી જા."

આજ્ઞા મુજબ દાનો ગાયોને સંભાળવા લાગ્યો. અધરાતે પહર છોડીને માંડવના વંકા ડુંગરાઓમાં એકલો જુવાન ધેનુઓને ચારે છે. ભમી ભમીને કૂણા ઘાટાં ખડવાળી ખીણો ગોત્યા કરે છે. ગાયોને ધરવી ધરવીને ભળકડે પાછી જગ્યામાં આણે છે. પોતે જ તમામ ધેનુઓને દોવે છે. ગમાણમાંથી વાસીદાં વાળી, છાણના સૂંડા માથે ઉપાડી, રેગાડે નીતરતો જુવાન જોગી છાણાં થાપે છે. વળી પાછો ગાયો ઘોળીને સીમમાં કોઇએ ન દીઠાં હોય એવાં ખડનાં સ્થાનો ઉપર જઇ પહોંચે છે. પાણીનાં મોટા મોટા ધરામાં ધેનુઓને ધમારી, વડલાની ઘટા હેઠે બેસારી, કોઇના ગળાં ખજવાળતો, કોઇની રૂંવાટીમાંથી ઝીણી ઇંતરડીઓ કાઢતો, કોઇની બગાંઓ પકડતો, કોઇનાં કંઠે બાંધવા માટે ફુમકાં ગૂંથતો, ને કોઇની ખરીએ ને શીંગડીએ, એરડી વાટીને તેલ ચોપડતો બાળો જોગી જ્યારે પોતાની કામધેનુઓને મસ્ત બની વાગોળતી જોતો, ત્યારે એને પણ કોઇ સ્વર્ગીય આનંદનો નશો ચડતો. નેત્રો ઘેઘૂર બની જતાં. અને ગળું ગુંજવા લાગતું કે

"આભે ગગનથી લેહેરૂં રે આવે
ઝીણાં ઝીણાં મોતીડાં અઝર ઝરે રે."

ગુરૂ જાદરા ભગતે સમાત લીધી. અને પછી પાંચાળમાં દુકાળ પડયો. સેંજળ લીલી સોરઠ ધરાનાં દર્શન માટે જુવાન દાનો ધેનુઓનું ધણ ઘેળીને થાનથી ચાલી નીકળ્યો. આવીને એણે ગિરકાંઠાના કાઠીઆઇ ગામ ગરમલીની સીમમાં ઉતારો નાખ્યો. ત્યાંથી માતાજીઓને (ગાયોને) તુલસીશ્યામ તરફ ઘેળી ગિરના ડુંગરામાં ગાયોને આંટા દેવરાવ્યા. તુલસીશ્યામ તો વંક ડુંગરે વીંટળાયલું, સજીવન ઝરણાંથી શોભતું, તાતા પાણીના કુંડ વડે ભાવિકોને ઇશ્વરી ચમત્કાર દેખાડતું પ્રભુ-ધામ હતું. પરંતુ આપા દાનાનો જીવ ત્યાં ન ઠર્યો. ત્યાંથી નીકળીને જેનગર ગામમાં પહોંચ્યા. ટીંબો સજીવન દીઠો. ગામના ગોવાળોને પૂછ્યું કે "ભાઇ રાયકા, આંહી રહું?"

"શો'ને ભા! અમારે કયાં ખડ વાઢીને ખવરાવવું પડે છે?"

ગોવાળોની હેતપ્રીત દેખીને ભગતનો જીવ ગોઠયો. ભગત ગાયો ચારવા લાગ્યો.

એક દિવસ પ્રભાતે ગોવાળો ગામને પાદર ટોળે વળીને ઉભા છે. જાણે કોઇનું છોકરૂં મરી ગયેલું હોય, એવા અફસોસમાં સહુ એક પીપળાની લીલી મોટી ડાળ પડેલી તેને ચોપાસ વીંટીને ઉભા છે. અંદરો અંદર વાતો થાય છે કે "કયે પાપીએ પીપળાની ડાળ કાપી નાખી?"

"માતાજીયુંને વિશરામ લેવાની શીળી છાંયડી ખંડિત થઇ ગઇ."

"અને પંખીડાંનાં લીલાં એશણાં તૂટયાં."

પીપળો તો પાદરનું રૂપ હતો. એની ડાળ માથે ઘા પડયો, એ તો જાણે માલધારીઓના માથા પર વાગ્યો હતો.

આમ અફસોસ થઇ રહ્યો છે, ત્યાં આપો દાનો આવી પહોંચ્યા. પીપળો વઢાયાની વાત એને પણ કહેવામાં આવી.

"ભણે બાપ રાયકાઓ!" આપો બોલ્યા, "ઘામાં કાણું થઉ ગો'! ડાળ્યને ભોંમાં ફરીવાર વાવુ દ્યો ને! એકને સાટે બે પીપળા થાહે!"

"અરે આપા!" માલધારીઓ હસવા લાગ્યા, "પીપર, વડલો, કે આંબો, ઇ સંધાયની ડાળ્ય વાવીએ તો ઉગે, પણ કાંઇ પીપળાની ડાળ્ય તે ફરીવાર ચોંટે ભગત?"

"કાણા સારૂ નો ચોંટે બાપ? સીંધાયની જેમ પીપળાની ડાળ્ય સોત ઉગે! ઠાકરને ઘરે ઇમાં ભેદ હોવે નહિ. માટે ઠાકરનો નામ લઉને વાવુ દ્યો ભા! હાલો, ખોદો ખાડો."

ખાડો ખોદાયો તેમાં ભગતે ડાળ રોપી. ઉપર ધૂળ વાળી ખામણું કરીને દરરોજ પોતે જ પાણી સીંચવા લાગ્યા. દિવસ જતાં ઝપાટાભેર ડાળ ફોળી, પાંદડાંની ઘટા બંધાઇ ગઇ. ચળકતાં પાંદડાં ચંદ્ર સૂરજનાં તેજ ઝીલીને રાત દિવસ હસવા લાગ્યાં. ડાળ્યે ડાળ્યે પંખીડે માળા નાખ્યા. આજે પણ એ પીપળો ઉભો છે.

## ( ૩ )

જેતપુર છોડયું. ફરીવાર ગાયો ધોળાને ગરમલી આવ્યા.

બપોરને ટાણે સૂરજ ધખ્યો છે. ગોંદરે ઝાડવાંને છાંયે પોતે ગા'ના ડીલનો તકીયો કરીને બેઠા છે, ત્યાં સામે એક કણબીની છોકરીને દેખી. છોકરીએ માથા ઉપર મોશલો ઓઢેલ છે. દાંત ભીંસીને બે હાથે માથું ખજવાળે છે. માથામાં કાળી લા' લાગી હોય તેમ ચીસે ચીસો પાડે છે. છોકરીથી ક્યાંયે રહેવાતું નથી.

જુવાન દાનો ઉઠીને એની પાસે ગયો, પૂછ્યું "ભણે બાપ! કેવા સારૂ રાડયું પાડતી સો!"

પણ જવાબ આપવાનો સમય છોકરીને નહોતો. એ તો માથું ઢસડ્યતી જ રહી.

"માથામાં કાણું થયો છે બાપ! મુહેં જોવા તો દે!"

એટલું બોલીને એણે છોકરીના માથા પરથી કુંચલી ઉપાડી ત્યાં તો માથામાંથી દુર્ગંધ નીકળી. આખું માથું ઉંદરીથી ગદગદી ગયું છે. અંદર જીવાત્ય ખદબદે છે. પાસ પરૂના રેગાડા ચાલ્યા જાય છે. વાળનું નામ નિશાન પણ નથી રહ્યું.

આપા દાનાનું અંતર આ નાની દીકરીનું દુઃખ દેખીને ઓગળી ગયું. એને એકેય દવા આવડતી નહોતી. દવા વિચારવાની ધીરજ પણ ન રહે એવો કરૂણ એ દેખાવ હતો.

"ઠાકર! ઠાકર! દીકરીની જાત્યને આવડો દઃખ!"

એટલું બોલીને એણે છોડીનું માથું ઝાલી લીધું. હાથ પકડી લીધા, અને પોતાની જીભ વતી એ આખા માથાને ચાટયું; એક વાર, બે વાર, ને ત્રણ વાર ચાટયું.

છોડીને માથામાં જાણે ઉંડી ટાઢક વળી ગઇ. એની ચીસો અટકી ગઇ. માથે હાથ ફેરવતાં જ ગુંમડાંનાં ભીંગડા ટપોટપ નીચે ખરી પડયાં. અને થોડા દિવસમાં તો એ ફુલ સરીખા માથા ઉપર કાળા કાળા વાળના કોંટા ફુટી નીકળ્યા.

છોકરીએ ભગત બાપુના ચરણોમાં માથું નાખી દીધું. બાપુના પગ ઝાલી લીધા. બાપુના મ્હોં સામે મીટ માંડી રહી. ભગતના નેત્રોમાંથી તો દયાની અમૃત-ધારાઓ વરસી રહી છે.

લાંબી સુંવાળી લટો વડે શોભતી કણબીની બાળકી ભગતના ખોળામાં પડીને પુછે છે – "હેં બાપુ! મોલી મારા માથાની ઉંદરી કયાં ગઇ?"

"બેટા! ઇ તો હું ખાઇ ગો!" એમ કહીને ભોળીઓ ભગત દાંત કાઢે છે.

(૪)

"ગા યુંની તો ચાકરી કરી રહ્યો છું. પણ ગરીબ ગુરબાં, ને સાધુ સંત મારે આંગણેથી અન્ન જળ વિના જાય છે. ઠાકર ઇ કેમ ખમશે?

ભગતે સદાવ્રત વહેતું કર્યું. દાણાની ટેલ નાખીને અનાજ ભેળું કરવા માંડ્યું. ગામ લોકોએ દળી ભરડી દેવાનું પણ માથે લીધું. ગરીબ ગુરબાં, લુલાં પાંગળાં, ઘરડાં બુઢ્ઢાં, તેમજ મુસાફર સાધુ બાવાઓને દાળ રોટલા આપવા લાગ્યા. એક પણ અન્નનું ક્ષુધાર્થી ભૂખ્યે પેટે પાછું જાતું નથી. આપા દાનાનો રોટલો મુલકમાં છતો થવા લાગ્યો.

એમાં દુકાળ ફાટી નીકળ્યો. અનાજ! અનાજ! પોકારતો આખો દેશ હલકયો. દાના ભગતને દ્વારે રાંધણુંનો પાર ન રહ્યો. દાળનાં મોટાં રંધાડાં ને રોટલાની વીસ વીસ તાવડી ચાલવા લાગ્યાં. અનાજનાં ગાડાં આવી આવીને આપા દાનાની કોઠીઓમાં ઠલવાય છે, પણ કોઇને ખબર નથી પડતી કે એ ક્યાંથી આવે છે ને કોણ મોકલે છે.

દેનાર તો ન થાક્યાં, પણ દળનાર ભરડનાર ગામલોકો ગળે આવી ગયાં. ગામને બહુ ભીંસ પડવાથી લોકો બોલ્યાં કે "બાપુ! ફક્ત બામણ સાધુને જ રોટલા આપો, બીજાં કોઇને નહિ. નીકર અમે પોગી નહિ શકીએ."

"અરે ભણે બાપ!" ઓશીયાળા થઇને આપા દાના બોલ્યા, "હવે તમારે ગામને દળવો ય નહિ ને ભરડવો ય નહિ. લ્યો આ પાંચ કોરી. એના ચોખા લાવો, ને ગળ લાવો. આ માતાજીયું મળે છે તે માથે છાંટો છાંટો ઘી દેશું, એટલે તમારે મારો હડચો ખમવો નહિ, ઠીક બાપ!"

દાળ રોટલાને બદલે ગોળ ચોખા ને ઘીનું સદાવ્રત વહેતું થયું. ચોખાનાં છાલકાં બહારથી આવતાં થયાં. ઠાકરે એ પાંચ કોરીના ચોખા ગોળમાં અખૂટ અમી સીંચી દીધાં. કોઇ દિવસ તૂટ આવી નહિ. કેમકે ભગતની આસ્થા કદિયે ડગી નહિ.

ગરમલીથી ચાલીને એક દિવસ આપા દાનાએ ચલાળા ગામમાં જગ્યા બાંધી. ત્યાં પણ ગોળ ચોખાનું અન્નક્ષેત્ર વહેતું કર્યું.

(૫)

પોતાની ગાયો હાંકીને દાનો ભગત ગરમાં સીધાવ્યા છે. એક દિવસ કાળે બપોરે ગાયો તદ્દન નપાણીઆ મુલકમાં ઉતરી. માણસોએ બોકાસાં દીધાં દીધાં કે " બાપુ ! પાણીની જોગવાઇ આટલામાં કયાંયે નથી. "

"ભણે ! હવો બાપ ! હું મોંગળ જઉને પાણીની તપાસ કરાં."

આટલું બોલીને ભગત ચાલી નીકળ્યા. ગિરમાં દેવળા નામનું ગામ છે, ત્યાંની સીમમાં આવ્યા. જુવે તો ત્યાં દુકાળની મારી બે ત્રણ હજાર ગાયો દેશાવરથી ગિરમાં જવા ઉતરી પડેલી છે. ખદબદ ! ખદબદ ! થાતી એટલી ગાયો પાણી વિના ટળવળે છે. પણ ગામમાં એવો મોટો પીયાવો નથી. ગાયોની શી ગતિ થશે એવા ઉચાટ કરતા ગામલોકો પાદરમાં ઉભા છે. આટલી ગાયો આપણે ટીંબે પાણી વિના પ્રાણ છાંડશે તો આપણે ઉજ્જડ થઇ જાશું, એવી બ્હીકે ગામની વસ્તી ગાયોનાં ભાંભરડાં દેતાં ઓશીયાળાં મ્હોં સામે જોઇ રહી છે.

ત્યાં બૂમ પડી કે " એ આપો દાનો દેખાય. "

ભગત આવી પહોંચ્યા. ગામલોકોએ કહ્યું કે " બાપુ ! આમ જુઓ. "

" કાં બાપ ! આ કાણું ?"

"બાપુ! નવ લાખ ગાયું!"

"ઓહોહોહો! નવ લાખ માતાજીયું! ભણે તવ્ય તો આ ગોકળીયું ભણાય. આ તો નંદજીનો ગામ ગોકળ! વાહ વાહ! આ તો મોટી જાત્રા ભણાય."

"અરે બાપુ! નવે લાખ આંહી જ હળી પડશે. આંહી પાણી ન મળે."

"પાણી ન મળે? ઈ તે કેદિ હોવે બા! માતાજીને પુન્ય પરતાપે ઠાકર પાણી મોકલ્યા વિના રે' ખરો? ધરતી માતા તો સદાય અમીએ ભરી છે. કુડું ભણો મા!"

એટલું બોલીને ભગતે ચારે બાજુ નજર કરી. અને એણે એક નાનો વેકળો દીઠો.

"એ લ્યો બાપ! ભણે આ રહી નદી! આસે તો નકરો પાણી જ ભર્યો છે ને શું!"

"અરે બાપુ! ઇ તો ખોડું નેરડું. નકરી વેળુ. સાત આથોડેય તાણીનો છાંટો ન મળે."

"ના બાપ, ઇમું ભણો મા. મંડો ખોદવા. ગુપત ગંગા હાલી જાતી સે. હાં માળા બાપ! સહુ સંપીને ઉદ્યમ માંડો, એટલે ઠાકરને પાણી દીધા વન્યા છૂટકો જ નહિ. રોતલને કે દાળદરીને કાંઇ ઠાકર દેતો હોશે બાપા?"

પોતે હાથ વતી વેકરો ખોદવા લાગ્યા. હસતા હસતા ગામલોકો પણ મદદે વળગ્યા. ઘડીમાં તો ત્યાં વેકૂરની મોટી પાળ ચડી.

"એ જુઓ બાપ! લીલો કળાણો!"

ભીનો વેકરો આવ્યો. કમર કમર જેટલું ખોદાણ કામ થયું. અને પાણી તબક્યું.

"હવે ખસુ જાવ બાપ! અને માતાજીયુંને વાંભ કરીને બોલાવો. હવે ઠાકર પાણી નૈ દ્યે ને કિસે જાશે?"

આંહી ગાયોને વાંભ દીધી, ને ત્યાં જાણે પાતાળ ફાટયું. છાતી સમાણો વીરડો મીઠે પાણીએ છલકાઇ ગયો. પાણીનું વ્હેન બંધાઇ ગયું. અને તરસે આંધળી બનેલી ગાયો પાણી ચસકાવવા લાગી. ગાયોના શરીર ઉપર હાથ ફેરવતા ફેરવતા ભગત કહેવા લાગ્યા કે "ભણે માવડીયું! કામધેનું! આ તમારા પરતાપે પાણી નીકળ્યાં. જમનાજી છલકયાં. પીવો! ખૂબ પીવો!"

આજે પણ 'નવલખો વીરડો' નામે ઓળખાતું એ અખંડ જળાશય ચાલુ છે. એને લોકો 'આપા દાનાનો વીરડો' પણ કહે છે. થોડાં વર્ષો પર કોઇ ખેડુતે ત્યાં વાવેતર કરી, એ વીરડાનું પાણી વાળ્યું. એટલે લાખો પશુઓની તરસ છીપાવતાં એ અખૂટ પાણી થોડાં દિવસમાં જ ખૂટી ગયાં. વાવેતર બંધ થયું, એટલે ફરીવાર વીરડો ચાલુ થયો.

(૬)

ભાવનગરથી ગધેડાં ઉપર ચોખાનાં છાલકાં ભરાવીને ભગત ચલાળા તરફ ચાલ્યા આવે છે. પોતે ઘોડી ઉપર ચડેલ છે, અને ગધેડાને જોગી લોકો હાંકતા આવે છે. ચૈત્ર વૈશાખના બપોર ચડયા છે. ઉની લૂ વાય છે. બરાબર પાડરશીંગાની સીમમાં આવતાં માર્ગે એક વાડીના ધોરીયામાં ગધેડાં પાણી પીવા ચડયાં. વાડીનાં અખૂટ પાણી વહ્યાં આવે છે. અને ઉપર એક સામટા સાત કોસ જૂત્યા છે. ૭૦–૮૦ વીઘામાં ઉનાળાનો ચાસટીઓ ઉભો ઉભો અખંડ પાણી પી રહ્યો છે. અને નાની શી સારણુ વહેતી હોય એવો ધોરીઓ ચાલી રહ્યો છે. આમ છતાં યે ગધેડાં જ્યાં ધોરીયામાં મોઢું નાખવા જાય છે ત્યાં તો વાડીમાંથી ચહકા થયા. સાતે કોશીયાએ કોસ ઉભા રાખીને હાથમાં પરોણા લઇ દોટ દીધી. ગાળોની ત્રમઝટ બોલાવતા બોલાવતા ગધેડાંના મોઢાં ઉપર પરોણાની પ્રાછટ દીધી.

"અરે ભણે' બાપ !" દાનો ભગત આ ત્રાસ જોઇને બોલ્યા, "બાપડાં પશુડાં તરસ્યાં છે, યાને પાણી પીવા દો ને! કાણુ સારૂ વારતા સો ?"

"મારે નહિ ત્યારે શું ચાટે ? કાંઇ તારાં ગધેડાંને પાણી પાવા સાટુ કોસ જોડયા છે ? કાળ વરસનું પાણી ક્યાં વધારાનું છે ?"

"અરે ભણે' બાપ! પાણીનો તૂટો કેવાનો ? આ સાત કોસ વહેતા સે ને ?"

"તે તારા જેવા મફતીઆ સાટુ કોસ નથી જોડયા, બાવા! હાલ્યો જા છાનોમુનો. પાણી નહિ પાવા દઇએ."

"અરે ભણે' ભાઇ! ઠાકરની પાસે તો સંધાય જીવડા સારખા. ઠાકરે તમુંહેં પાતાળ-પાણી દીનો સે! શીદ આ ગભરૂના નિસાપા લેતા સો! પીવા દીયો, પીવા દીયો, ઠાકર તમુંહેં ઝાઝો પાણી આપશે."

"હવે હાલ્યો જા ઠાકરના દીકરા! પાણી નથી કૂવામાં."

પાણી નથી! એટલો શબ્દ જ્યારે પાંચ વાર બોલાયો, ભગતના કાલાવાલા એળે ગયા, અને તરસ્યાં ગધેડાંનાં મ્હોં પર લાકડીઓનો માર જોઇ ન શકાયો. ત્યારે દૂભાઇને ભગત એટલું જ બોલ્યા કે "ભણે' ભાઇ! હાંકો ગધેડાંને. યાના કૂવામાં પાણી નસેં. હાંકો, મોંગળ આ સાતકોસી વાડી રહી. ઇસે પાશું !"

"હા હા! જા, પડય ઇ સાતકોસી વાડીમાં!" એમ બોલીને કણબીઓએ હાંસી કરી.

ભગત આગળ ચાલ્યા. પોતે જેની સામે આંગળી ચીંધાડીને બતાવી તે વાડી સાતકોસી તો નહોતી, પણ એકકોસી યે નહોતી. વીસ પચીસ ક્યારામાં ચાસટીઓ કરીને એક ગરીબ ખેડુત પોતાના ડુકેલા બળદથી એક કોસ ચલાવે છે. દસ ક્યારા પીવે ત્યાં કૂવાનું તળીયું દેખાય છે. વળી બળદ છોડી નાખીને કણબી વાટ જોતો બેસે ત્યારે ઘણી વારે કોસ બુડરા જેટલું પાણી ભરાય છે.

એવી હાલત વાળા કૂવા પર જઇને ભગતે સાદ કર્યો કે "ભણે બાપ જોગીડાઓ! ગધાડાંહીં આસેં આણો. આ સાત–કોસીના ઘોરીયામાં પાણી પાવ! હાં બાપ પટલ! કોસ કાઢવા મંડગ. તરસ્યા જીવડા પાણી પીને તોહેં દુવા દેશે."

દુ:ખી કણબી બોલ્યો "પણ બાપા! કોસ પૂરો બુડતો યે નથી. શી રીતે કાઢું?"

"ભણે બાપ! યામાં તો સેંજળ શેત્રુંજી હાલી જાતી સે. તું તારે કાઢવા માંડય. તરસ્યાં જીવડાંની દુવાથી પાણી આવશે."

કણબીએ કોસ જોડયો. ગધેડાં પાણી પીવા લાગ્યાં. પહેલો કોસ, અને બીજે કોસે તો બળદને અને થાળાને એક હાથનું છેટું ઓછું થયું. ત્રીજે, ચોથો, ને પાંચમો કોસ નીકળે, ત્યાં તો કૂવો અરધે સુધી ભરાયો. આંહી ગધેડાં ધરાયાં, ત્યાં કૂવો છલકાયો.

"જો ભણે પટલ! હું નોતો ભણતો, કે આ ગભરૂડાં જીવ-ડાંની દુવાએં કરીને સારો થાય! જો વાડીમાં પાણી વધુ ગો. આ કેની વાડી છે?"

"બાપા! આ વાડી ગોરખા ખુમાણની."

"અને ઓલી?"

"વીસામણ ખુમાણની!"

"અરેરે! વીસામણની વાડીમાં પાણી ન મળે. કાણું કરવો?"

ગોરખા ખુમાણનો ખોટો કૂવો જે વખતે સાતકોસી વાડી બને એટલો છલકાઇ ઉઠયો, તે વખતે પેલી સાતકોસી વાડીને તળીએ સાતે કોસ લાંબા થઇને સૂઇ ગયા. સાત દુકાળે પણ અખૂટ રહે તેવાં એનાં નીર શોષાવા લાગ્યાં. કોસ પછડાય છે એવું લાગતાં કોસીઓ વાડીમાં નજર કરવા ગયો. જુવે છે કે કૂવાના ડારની અંદર થઇને તમામ પાણી પાતાળમાં ચાલ્યું જાય છે.

ખેડુતો ગામમાં દોડ્યા. પોતાના જમીનદાર વીસામણ ખુમાણ પાસે જઇ ચીસ પાડી કે "હે બાપુ! વાડીમાં છાંટોય પાણી ન મળે!"

"શું થયું?"

"કો'ક કાઠી આવ્યો'તો, અમે એનાં ગધેડાંને પાણી પાવા ન દીધું. એણે આપા ગોરખાને કૂવે પાણી પાયું. અટાણે ત્યાં વાડી છલકાય છે."

વીસામણ ખુમાણે તપાસ કરી. ખબર પડી કે એ કાઠી તો આપો દાનો: આપો દાનો ગામમાં રાત રહ્યા છે. વીસામણે આપાને પગે જઇ હાથ નાખ્યા: પોકાર કર્યો કે "એ બાપા! તમારી ગા! મારી સાતકોસી ઉપર કાળો કેર ગુજર્યો. મારા છોકરાં રઝળ્યાં."

"ભણેં બાપ વીસામણ! હું કાણું કરાં! ઇ કૂવો જ ખોટો છે."

આજ પણ એ સાતકોસી વાડીનો ગંજાવર કૂવો ભાડ થઇને જ પડયો છે. અને ગોરખા ખુમાણની વાડી સાતકોસી બની છે.

(૭)

"ભણેં ગોર! બાપ હવે આ બેય રાજગર છોરડા મોટા થઉ ગા! અને હવે યાને નાતમાં લઉ લ્યો તો માળે માથેથો ભાર ઉતરે. નીકર બચારા છોરડાને કોઇ દીકરી નૈ દે."

"પણ બાપુ! જવ્યાનો રોટલો ખાઇને ઇ તો વટલ્યા કહેવાય."

"ના ના, ભણેં બાપ! મેં યાની દેહ નસેં વટલાવી. હિંદુસ્તાની સાધુને બામણીયે રસોડે જ યાને અમે જમાડતા. હું ઠાકરની સાખે ભણુતો સાં."

" ઠીક ભગત ! જોશું."

" અને વળી જરૂર હોવે તો હું તમાળી નાત્યને જમાડાં."

" ના બાપુ ! ઇ દાખડો રેવા દ્યો. આંહી દેવળા ગામમાં હમણાં જ રાજગરની નાત્ય કારજ માથે ભેળી થાશે. ત્યાં તમે છોકરાને લઇ આવજો."

પાંચ સાત વર્ષના બે રાજગર છોકરાઓ હતા. માબાપ મરી ગયા છે. ગાયો મકોડા ચરે એવો દુકાળ પડયો. છોકરાને ન્યાતના કોઇ માણસે સંઘર્યા નહિ. એ નિરાધારોને આપા દાનાને આંગણે આધાર મળ્યો. પણ પોતે કાઠી હોવાથી છોકરાઓને ચોકખે રસોડે જ જમાડી, પેટનાં બચ્ચાંની માફક મોટાં કર્યાં. છોકરા ઉમ્મર લાયક થવાથી હવે આપાએ એને ન્યાતમાં લેવરાવવા મહેનત માંડી.

કારજ ટાણે પોતે દેવળા ગામે ગયા. જઇને રાજગર જ્ઞાતિના પટેલીઆઓને હાથ જોડી અરજ કરી કે " બાપ ! હવે યાને નાત્ય–ગંગામાં નવરાવું લ્યો."

" ભલે બાપુ ! "

એટલું કહી બન્ને છોકરાઓને જમણમાં જમવા લઇ ગયા. પણ સમજણા છોકરાઓએ ઉતારે આવીને બાપુને વાત કરી કે "બાપુ ! અમને તો નોખા બેસીને જમાડયા."

ભગતે ફરી વાર ન્યાત–પટેલીઆને તેડાવીને વિનતિ કરી. ધુત્તા પટેલો બોલ્યા કે "ના, ના બાપુ ! છોકરાઓને તો વ્હેમ છે. અમે તો એને ભેળા જ બેસાર્યા'તા."

" તવ્ય બાપ ! હું ભણાં ઇં કરો ! તમમાં મોટેરા હો ઇ યાની થાળીમાં જ જમુ લ્યો."

ભાણામાં ભેળા બેસીને જમી લ્યો ! એ વેણ સાંભળતાં જ આગેવાનો એક બીજા સામે જોવા લાગ્યા. ને છેવટે દંભનો અંતર્પટ ઉઘાડીને બોલ્યા કે "બાપુ ! એમ તો નહિ બને. છોકરાઓએ જગ્યાના રોટલા ખાઇને કાયા અભડાવી છે. માટે ગંગાજી ન્હાવા ગયા વગર ઉપાય નથી."

"ભણે' બાપ ! તવ્ય ઈ' ચોકરો ચટ ભણુ નાખોને ! ખુશીથી ગંગાજી નાઇ આવે. પછી કાંઇ ?"

"પછી કાંઇ નહિ."

જરા વાર વિચાર કરીને ભગત બોલ્યા કે "હે' બાપ ! ભણે' આ છોરડા બચારા ગરીબ છે, ગંગાજીએ પોગી ન શકે, અને સાટે ગંગાજી જ આસે' પધારૂને યાને નવરાવે તો કેમ ?"

બાવાની બેવકૂફી ઉપર બધા રાજગર મરક ! મરક ! હસવા લાગ્યા. તમાશો જોવાની વૃત્તિથી બોલ્યા કે "તો બહુ સારૂં."

"વાહ વાહ ! એલા, કોઇ એક તાંસળી લાવજો તો !"

ભગતે તાંસળી મંગાવી. ઉભા થયા. બે હાથમાં તાંસળી ઝાલીને આકાશ સન્મુખ ધરી રાખી. પોતે આભ સામી મીટ માંડીને બોલ્યા કે "એ માડી ! તું તો અધમ–ઓધારણી છો ! આભ મેલુને ધરતીનાં મળ ધોવા આવી છો. તું તો ભણે' માવડી ! ભગતુંની જીભને વશ છો. જો મા ! આ બેય છોરડા પવિતર જ રહ્યા હોય, તો તો તું આવીને યાને નવરાવુ જાજે. ઇ બચાડા તાળી પાંસે પોગે એમ નસે'."

એટલું ઉચ્ચારીને ભગત ઉભા રહ્યા. સહુ જુએ છે તેમ તાંસળી છલકાણી. ઉપરથી નિર્મળાં નીરની ધારાઓ છૂટી. અને ભગતે છોકરાને બોલાવ્યા "ભણે' છોરડાઓ ! બાપ હાલો, બેય જણા નાઇ લ્યો."

છોકરા તરબોળ બની નહાયા. તો પણ ધારા ચાલુ છે. ભગતે સાદ દીધો કે "બાપ ! બીજા જેને નાવો હોઇ ઇ આવે !"

બીજા ઘણાએ સ્નાન કર્યું.

"હવે બાપ ! ભણે' હવે તો છોકરાઓને નહિ તારવો ને ?"

"ના."

પણ રાજગર ન્યાત ન માની. એણે તો કહ્યું કે "આપો તો કામણટૂટીઓ છે. ઇથી કાંઇ ગંગાજી આંહી આવી ગઇ? ઇ તો છોકરાઓએ ગંગાજીએ જઇ આવવું જ પડશે."

તે દિવસે ન્યાતમાં છોકરાને તારવવામાં આવ્યા. એ વાત જાણીને ભગતનું દિલ ભેદાઇ ગયું. ઠાકર! ઠાકર! એમ બોલીને ભગતે નિશ્વાસ નાખ્યા.

બપોર થયું ત્યાં તો ઝુમાઝુમ ને દોડાદોડ થઇ પડી. રાજગરોએ આવીને ભગતના પગ ઝાલી લીધા. "બાપુ! તમારી ગા'! કોઇ રીતે ઉગારો!"

"કાં બાપ! કાણું થીયો?"

"ન્યાતમાં જમનારા તમામને ઝાડો ને ઉલટી ચાલ્યાં છે. સૌનું મોત સામે ઉભું છે. કોઇ રીતે ઉગારો!"

"ભણે બાપ! હું કાણું કરાં! મેં કાંઇ મંતર દાણા છાંટયા નથ. મેં કાંઇ સરાપ નસેં દીનો. હું તો ગાયુંનો ગરીબ ટેલવો સાં, બાપ! માળો કાણું ઉપા'!"

"બાપુ! ઓલ્યા રાજગરના છોકરા...."

"હા બાપ! મારી આંતરડી કોચવાણી છે. બાકી મેં કાણું ય કામણ કર્યો નથ. છોરડાની કદુવા લાગી હોય, તો ઇ જાણે ને તમે જાણો!"

"બાપુ! તમે કહો એમ કરીએ."

"બાપ! તો પછી ભણેં ઇ છોરડા રાંધે ને તમે સીધા જમો."

"ભલે બાપુ!"

"ભણે છોરડાઓ! તમે રાંધુ જાણો છો?"

"બાપુ! અમને તો ચોખા રાંધતાં આવડે. બીજું કાંઇ નહિ."

છોકરાઓએ ભાત રાંધ્યા. ને એ ભાતે આખી ન્યાત જમી.

## ૮

સંધ્યાની રૂંઝયો રડી ગઈ છે. અંધારાં ઉતરવા લાગ્યાં છે. તે ટાણે ચલાળા ગામથી દૂર દૂર ઝાડીની અંદર એક ગાડાખેડુ કાંટાની મોટી ધાંસી પોતાના ગાડા ઉપર ચડાવવા મથે છે. પણ ભારે વજનની ધાંસી કેમેય ચડતી નથી. બપોર દિવસથી મથ્યા કરતો એ આદમી આખરે અંધારૂં ઘોર થઈ ગયે થાકયો, અને ધાંસી ચડાવવા માટેનું લાકડું ફગાવી દીધું ધાંસીની એક બાજુ ગાડાનું ઠાઠું રાખ્યું, અને બીજી બાજુ પોતે કાંટામાં પોતાની કમ્મર ભરાવી, જોર કરી, સાદ દીધો કે "એ આપા દાના! ધાંસી ચડાવજો!"

જોર દીધું. ધાંસી ચડી ગઈ. પોતાને એક પણ કાંટો વાગ્યો નહિ. પોતે ગાડું હાંકી ઘેર ગયો. પોતે દાના ભગતની જગ્યાનો હજામ હતો. નામ દાનો હતું. રોજની માફક આજ પણ રાતે એ ભગતના પગ ચાંપવા ચાલ્યો.

"ભણેં બાપ દાના! મારા વાંસામાં એક કાંટો છે તે કાઢુ નાખજે!" ભગત બોલ્યા. દીવો લઈને હજામ પોતાની નેરણી વતી કાંટો કાઢે છે. જુવે છે તો એ નહિ, પણ આખા વાંસામાં કાંટા હતા.

"બાપુ! આટલા બધા કાંટા કયાં વાગ્યા?"

"સીમમાં ભાઈ!"

"શી રીતે?"

"તારી ધાંસી ચડાવી ને, એ રીતે."

"બાપુ! તમે!"

"હું કેમ ન હોઉં બાપ! તેં મને સંભારીને સાદ કર્યો; તું મારી રોજ ચાકરી કરનારો: ને હું તારૂં વેણ કોક દિ' યે ન રાખું ભાઇ!"

"બાપુ! મારી ભૂલ થઇ."

"કાંઇ વાંધો નહિ બાપ! સાધુનાં તો એ કામ છે."

૯

ચલાળા ગામમાં બે સોની ભાઇઓ અડોઅડ રહે છે. બન્નેના ઘર વચ્ચે એક જાળી છે. બન્નેને અદાવત છે.

એક દિવસ બે એમાંથી જે ગરીબડો ભાઇ હતો, તેનો ઘોડો ફળીઆમાં બાંધ્યો બાંધ્યો, વચલી જાળીના સળીઆ વાટે પોતાનું મ્હોં નાખી જીભ ફેરવતો હતો.

જાળીમાં બેઠેલા દ્વેષીલા સોનીએ પોતાના પાડોશીને હાનિ પહોંચાડવાનો ભારી લાગ જોયો. ધારદાર હથીઆર લઇને ઘોડાની જીભ કાપી નાખી. ચાર આંગળ જેટલો જીભનો ટુકડો લગભગ જૂદો થઇ જતાં તો લોહીલોહાણ ઘોડો જમીન પર પછડાટી ખાઇને તરફડવા લાગ્યો. વેદનાનો પાર ન રહ્યો.

ઘોડાના માલીકનું આખું ઘર એ ચીસો સાંભળીને દોડયું આવ્યું. ગરીબ માણસો પોતાના લાડકવાયા ઘોડાને આવી કરપીણ રીતે તરફડી મરતો જોઇ ચોધાર આંસુડે રોવા લાગ્યાં. છોકરાં ઘોડાને બાઝી પડયાં. ઘરનો માલીક આપા દાના! આપા દાના! એવા જાપ જપવા લાગ્યો.

નાનું શું ગામ: તુરત જગ્યામાં જાણ થઇ. ગામલોકોના દુઃખની જરાક પણ વાત જાણતાં દોડયા જનાર દાના ભગત જલ્દી સોનીને ઘેર પહોંચ્યા. ઘરનાં માણસો બાપુને દેખી પગે પડયાં. બોલ્યાં કે "બાપુ, અમારા ઘોડાની પીડા જોવાતી નથી."

"અરેરે ભાઇ! આવો કાળો કામો કોણે કર્યો! બાપડા અબોલ પશુ ઉપર આ જુલમ! ભગવાન એનાં લેખાં લેશે ભાઇ! પણ આ કટકો જીભની સાથે રેવી નો લેવાય?"

"અરેરે બાપુ! સોનું રૂપું રેવાય, પણ કાંઇ જીભ રેવાય!"

"પણ કાણા સાટુ નો રેવાય? તું તો બાપ સોની છો. તારો તો ઇ કસબ છે. લે ઝટ કર. ઘઉંનો લોટ પલાળીને લાવો. તમારી ધમણી (ફૂંકણી) લાવો. હવે હું આ કટકો જીભ સાથે ઝાલી રાખું. અને તું બાપ! આ લોટનો રેણ દઉ દે. ચારે ફરતો લોટ ચોંટાડ, સાંધો કરૂ દે."

લોટ ચોંટાડ્યો.

"લે બાપ! હવે આ ફૂંકણીથી ફૂંક તો! સાંધો મળુ જાશે. લે હું ફૂંકું!"

પોતે ફૂંકવા માંડ્યું. અને પછી સોની પાસે ફૂંકાવ્યું. જેમ જેમ ફૂંક લાગતી ગઇ તેમ તેમ ધાતુનો સાંધો મળી જાય એવો જીભનો સાંધો મળતો ગયો. જેવી હતી તેવી જીભ બની ગઇ. ઘોડો ઉભો થઇને હણહણ્યો. ભગતના હાથ પગ ચાટયા. છોકરાં ઘોડાની ડોકે બાઝી પડયાં. ઘડી પહેલાં કળેળાટ અને કાળો ઓકાસો પાડનારાં માણસોને આનંદનાં આંસુડે ભીંજાતાં ભાળી પરમ સંતોષ પામતા ભગત ચાલ્યા ગયા. પોતાના ચરણમાં પડનાર એ સોનીને કહ્યું કે "ભણે બાપ! મારે પગે હાથ શીદ નાખતો સો? મેં કાણું કર્યો છે! ઇ તો તારો હાથકસબ, અને ઠાકરની દુવા: એથી જ બન્યું છે ભા!"

(૧૦)

કાઠીઓના તરફ ભગતનું અંતર કોચવાયું હતું. એક દિવસ જેતપુરનો જેતાણી દાયરો કુંડલા ખુમાણોની પાસે જાય છે. રસ્તે ચલાળામાં દરબાર ભોકાવાળાને ઘેર ઉતારા કરે છે. પંદર

દિવસ સુધી ચલાળાની પરોણાચાકરી માણીને મહેમાનો કુંડલ ભણી ચાલ્યા. શેલ નદીને કાંઠે આવતાં સહુને વિચાર ઉપડયા કે કુંડલા જઇને કસુંબા પાણી શેના કાઢશું? ખરચી હતી તે તો ચલાળે કસુંબામાં ખૂટી ગઇ!

"ભણે હાલો પાછા! ચલાળું ભાંગીએ. ત્યાં કણબણોના પગમાં કાંબીકડલાં ખુબ ઠણકે છે."

દુષ્ટ કાઠીઓએ પાછા આવીને લૂંટ આદરી. ઘણું લીધું, પણ ત્યાં તો ઘણી વસ્તી પોતાની માલ મત્ય લઇને આપા દાનાની જગ્યામાં પેસી ગઇ. માન્યુ કે કાઠીઓ જગ્યાને માથે નહિ આવે! ત્યાં તો લૂંટારાનું ધ્યાન ખેંચાયુ.

"એલા! સંધી વસ્તી માયા ઉપાડીને કયાં ગઇ?"

"ગઇ હશે જગ્યામાં?"

"હાલો લૂંટો જગ્યાને"

કાઠીઓ જગ્યામાં પેઠા. એણે મરજાદ મેલી. ઠાકરના ઘરની ઓબ લીધી. દોડીને આપો દાનો આડા ઉભા રહ્યા. કહ્યું "ભણે બાપ! ગામને લૂંટયું ઇથી ધરાણા નથી? તે હવે ઠાકરની મરજાદ લોપવા આવ્યા છો? અને ભૂલી ન જાવ, કે હું કાઠી-ભગત છું."

કાઠી ન માન્યા. લૂંટ આદરી. એ કરતા ભાળીને ભગતે ગાયની માફક આકાશ સામે જોઇ ભાંભરડા દીધા. એનાં મુખમાંથી ધા નીકળી કે "કાઠી સહુ પોઠી બનશે": કાઠીઓ કેવળ વેઠીઆ બની જશે! (આજે કાઠીની એજ દશા થઇ દેખાય છે.)

કાઠીની ફોજમાં મીરાંજી ધંધુકીઓ હતો. એને ન્હાવું હતું. જોરાવરીથી જગ્યાના સાધુને હુકમ કર્યો કે "મને સીંચીને નવરાવ."

ત્યાં ભગત દોડયા: "એ બાપ! ભણે સાધુહીં સંતાપવો રેવા દે. હું નવરાવાં, હાલ્ય બાપ!"

કૂવાની પાળે મીરાંજી ધંધૂકીયો વહાવા બેઠો. ભગતે ડોલ સીંચી સીંચીને મીરાંજીના માથા પર પાણી રેડ્યું. રેડતાં રેડતાં કહ્યું કે "તારે માથે ઝાઝો મે વરસે બાપ! મારી આંતરડી ખૂબ ઠરી છે!"

ઝાઝો મે, પણ ગલોલીનો: મીરાંજીને માથે એ મે બરાબર વરસ્યો. લૂંટારાઓ કુંડલે જતાં, રસ્તે નદીમાં વાઘરીના વાડા આવ્યા વાઘરીએ વિચાર કર્યો; "રોજ શિયાળ મારૂં છું તે આજ તો આ કટકમાંથી જ એક ઢીમ ઢાળી દઉં." એવું વિચારી, ઝુંપડામાં બેઠાં બેઠાં, ઝુંપડાની સાંઠીઓમાંથી બંદૂકની નાળી બહાર કાઢી, ભડાકો કર્યો. મીરાંજી મોખરે હતો. એને જ ગોળી ચોંટી. પોતાના જ લોહીમાં એ તરબોળ બનીને નહાયો.

× × ×

×આ દુષ્કૃત્યને કારણે આજ સુધી જેતપૂરના કાઠીઓ સામે ચલાબાની જગ્યાને અપૈયો છે. વચ્ચે લોભમાં પડી એક ભગતે જેતપૂર તરફથી હાથીની ભેટ સ્વીકારી હતી.

જેતાણી પાટીને જાણે એ દિવસોની કડુવા લાગી હોય તેમ આજે એ કુળ પાયમાલ છે.

૧૧

"હું છે ભણે? શાદુળ ભગત ઢોલીઆ ભાંગતો છે?"

"હા બાપુ! સાચોસાચ! શાદુળ ભગત જ્યારે ભજનમાં બેસે છે, હાથમાં કડતાળો લઇને જ્યારે ઇશ્વરની વાણી ઉપાડે છે, ત્યારે એ અગમની હારે એકાકાર થાય છે. એની આખી કાયા ઉછાળા મારે છે. આંખો ઘેઘૂર બને છે. અને એ આવેશમાં એવું તો જોશ કરે છે, કે ગમે તેવો મજબૂત ઢોલીઓ પણ કડાક કરતો તૂટી પડે છે."

"ઓહોહો! રંગ છે એની ભગતીને બાપ! એવા કેટલાક ઢોલીઆ તોડ્યા?"

"કાંઇ પાર નથી રહ્યો બાપુ !"

"ભાઇ ! ભાઇ ! તબ્ય તો ભળે માળે યાનાં દરશન કરીને રામ-રસ પીવો પડશે."

"ભલે બાપુ ! આ વખતે તરણેતરને મેળે વાત."

*પરબ વાવડીની જગ્યાના કાઠી સાધુ શાદુળ ભગતની ભક્તિ વિષે આપા દાનાએ આવી કૈં કૈં વાતો સાંભળી. અંતરમાં અચંબો થયો કે આ શી વાત ! ઇશ્વરના રંગમાં રંગાઇ ગયેલો પુરૂષ આટલો બધો કેમ ઉછાળો કેમ દેખાડે ! એની વૃત્તિઓ તો ઠરીને શીતળ થઇ જવી જોઇએ.

પાંચાળમાં થાન પાસે તરણેતરનો મેળો ભરાય છે, ત્યાં આપા દાના વરસોવરસ જાતા તેમ આ વખતે પણ ગયા, શાદુળ ભગતને કહેવરાવ્યું કે "આપની પ્રભુ-વાણી સાંભળવી છે."

શાદુળ ભગતને ખબર પહોંચેલા કે પોતે ઢોલીઓ કેમ ભાંગે છે તે જોવાની આપા દાનાને આકાંક્ષા છે. શાદુળના અંતરમાં અહંકારનો કાંટો ફુટયો. એણે તે દિવસ રાતે ભજન જમાવ્યાં. શાદુળ ભગતનાં માણસોએ આપા દાનાને કહ્યું "ભગત ! એક ઢોલીઓ મગાવી દ્યો."

"ભલે બાપ !"

ઢોલીઆને બદલે ભરવાડના વાસમાંથી એક તકલાદી ખાટલી મગાવીઃ કહ્યું "લે બાપ શાદુળા પીર ! યાને માથે બેસ."

શાદુળના સેવકો હસ્યાઃ "અરે આપા દાના ! આ ખાટલી ઉપર બેસીને ભજન શે' થાશે ! મોટા ઢોલીઆ ય ઝીંક નથી ઝાલતા ને ?"

"કાણું કરવો બાપ ! આસેં ઢોલીઓ કમણુ આપે ? ઇ તો ઠાકર ઠાકર ! ખાટલી ભાંગે ઇ યે કાંઇ ઓછી વાત છે બાપ ! હાં, ચલાવો."

---

*આ જગ્યાના સ્થાપક સંત દેવીદાસનું વૃતાંત્ત આગળ આવશે.

શાદુળ ભગતે કડતાલ ખખડાવીને સૂર ઉપાડયોઃ

"એ જી મારે રોમે રોમે રામબાણ વાગ્યાં!"

ઢોલક, મંજીરાં, એકતારો અને આખી મંડળીનો નાદઃ તમામની જમાવટ થઇ. દિશાઓ ખડખડવા લાગી. ખાટલીના પાયા ડગમગી ગયા. આપા દાનાએ સાદ કર્યો "વાહ બાપ શાદુળ! ધન્ય તારી ભગતીને!"

તેમ તેમ તો શાદુળ ભગતને નશો ચડયો. શરીર પછડાટી દેવા લાગ્યું. હમણાં જાણે ખાટલીનો ભુક્કો થશે.

પણ પલકમાં તો કોણ જાણે શાથી ખાટલીના પાયા ડોલતા બંધ પડયા. શાદુળ ભગતે ભીંસ દીધી એટલે પાયા ઉલટા સ્થિર થયા. જાણે લોઢાના થાંભલા ખોડાઇ ગયા.

ભજનની ઝીંક બોલી : આવેશના ઉછાળા વધ્યા. નશો ગગને ચડયો. શરીર જાણે તૂટવા લાગ્યું.

પણ ખાટલીના પાયા ચસકતા નથી.

ભજનિક થાકયો. અધરાત થઇ.

'એ જી મારે રોમે રોમે રામબાણ વાગ્યાં!'

એ ચરણ ઢીલું પડયું. શાદુળ ભગત ખાટલી પરથી ઉઠી ગયા. આપા દાનાએ પૂછ્યું "કાં બાપ! ખાટલી ભાંગીને?"

શાદુળ ભગતે નીચું જોયું.

"અરે ભણેં શાદુળ! તું તો ભણતો સો, કે " મારે રોમે રોમે રામબાણ વાગાં!" રોમે રોમે રામબાણ વાગાં તોય તું આવડા કુદકા કેમ કરને મારી શાકછ બાપ? મુંહેં તો બાપ! જરાક એક ઝૂડી અડુ ગી' છે, ત્યાં તો હું ટાઢોબોળ થઉ ગો સાં! ને તોંહેં રોમે રોમે રામબાણ વાગાં તોય આવડે જોર કીંશેથી?"

શાદુળ ભગતની પાંપણુ ધરતી ખોતરી રહી છે. એનો મદ ગળેલો જોઇને છેવટે આપા દાના બોલ્યા:

"જો બાપ શાદુળ ! દુઃખ ધોખો લગાડીશ મા. તોંહે એક વાત ભણવા આદો સાં. ગરીબ બચારાં લોકોના ઘરમાં વહુ આણો વળીને આવે, તયેં ભેળો એક ઢાલીઓ લાવી હોય. બીજો ઢાલીઓ ક્યાંસેથો હોય ? એમાં તું ઘરોઘરના ઢાલીઆ ભાંગતો ફરછ, ઇ કેટલો મોટો પાપ ! માણસું કેવા નિસાપા નાખે ? એ બાપ ! અંતરમાં રંગાઉ જા. બહારનો તમાસો કેવા સારૂ કરવો ?"

શાદુળ ભગતનો ગર્વ ગળી પડ્યો. તે દિવસથી એણે ઢાલીઆ ભાંગવાનો ધંધો મૂકી દીધો.

## ૧૨

ભગતની નિર્લોભી પ્રકૃતિનાં થોડાંએક દૃષ્ટાંતો મળી આવે છે. એક વાત એવી ચાલે છે કે ભાવનગરથી ઠાકોર વજેસંગજીએ, દાના ભગતની, સિદ્ધિઓની વાતો સાંભળી એની મશ્કરી કરવા માટે લાકડાનું બનાવટી નાળીએર બનાવી, લુગડામાં લપેટી, પોતાના મહોર સિક્કા સહિત જગ્યામાં ભેટ મોકલાવ્યું. ભગતે પોતાની મશ્કરીથી માઠું નહિ લગાડતાં, સહુ માણસો વચ્ચે એમ ને એમ નાળીએર હલાવીને પાણી ખખડતું બતાવ્યું. પછી એની એ સીલબંધ સ્થિતિમાં પાછું ભાવનગર મોકલી દીધું. ત્યાં શ્રીફળ સાચું નીકળ્યું. કહેવાય છે કે પછી ભાવનગરના ઠાકોરે ચલાળાની જગ્યામાં કરજાળું ગામ સમર્પણ કર્યું.

ભગતે જવાબ કહાવ્યો: "ના રે બાપ ! સાધુને વળી ગામ કેવા ? ઇ તો ખેડુતનો સંતાપ હશે એટલે જ આપણને દેતા હશે."

ગામ ન લીધું. પણ ઠાકોરે મહા મહેનતે ભગતને મનાવીને ૬૦ સાંતી જમીનનો જગ્યામાં સ્વીકાર કરાવ્યો.

બીજી વાત ગાયકવાડી સૂબા વિઠોબા વિષે બોલાય છે. એમાં પણ ચમત્કારની વધુ પડતી ભેળ સેળ કરવામાં આવે છે. કહે છે કે ગરીબ બિચારો વિઠુ વડોદરા રાજનો એક ઘોડેસવાર હતો. એ જાતનો મહારાષ્ટ્રી બ્રાહ્મણ હતો. એક દિવસ એની વેળા વળી. ઘોડેથી એ હાથીની અંબાડીએ બેઠો. કાઠીઆવાડમાં ગાયકવાડનો સૂબો બનીને આવ્યો. કોઇ કાઠીને હાથીને પગે બાંધી ખૂંદતો, કોઇને દંડતો, પીટતો, એમ કાઠી કોમને જેર કરતો ચાલ્યો આવે છે. કાઠીઆવાડમાં હાક બોલી કે વિઠોબા આવે છે! દાવાનળ આવે છે. પેશકશી ન ભરે તેના ગરાસ આંચકી લઇ ધૂળ ચાટતા કરે છે.

કાઠી કોમના એ મહાકાળ જેવા વિઠોબાના ઓળા બગસરાના કાઠી દરબાર હરસૂરવાળા ઉપર ઉતર્યાં. હરસૂરવાળાને અમરેલી લઇ જઇ પગમાં પાંચ શેરની બેડીઓ પહેરાવી કેદમાં પૂર્યો.

પરંતુ રાતે એક કૌતુક થાય છે. રાત વીતે, ને સવાર પડયે પહેરગીરો જુવે તો હરસૂરવાળાની પગબેડી તૂટીને દૂર પડી હોય છે.

એક વાર, બે વાર, ને ત્રણ વાર બેડીઓ તૂટી ત્યારે વિઠોબાને કાને વાત પહોંચી. વિઠોબાએ આવીને પૂછ્યું:

"હરસૂરવાળા! તારી બેડીઓ કોણ તોડે છે!"

"મને ખબર નથી. હું કાંઇ જાણતો નથી."

"તું કાંઇ કરે છે?"

"હા, મારા ઇષ્ટ દેવનું સ્મરણ કરૂં છું. ફક્ત બે દોહા બોલીને સુઉં છું કે

**જીરાણેથી જાગવે, સાજાં કરે શરીર,**
**જડીયલ હોય જંજીર, ભાંગે લઈ દાનો ભગત.**

**અને બીજો દોહો:**

**કાઠી કુળ ઉજવળ કર્યું, વધારણ વાનાં**
**સંભાર્યે સુખ ઉપજે, દઃખભંજણ દાના!**

"એ દાનો ભગત કોણ છે ?"

"ચલાળાનો કાઠી સંત છે."

"મને મુલાકાત કરાવીશ ?"

"હું પૂછી આવું."

હરસરવાળો ચલાળે આવ્યો. વિઠોબાની વાત કરી. બાળા ભોળા ભગતે જવાબ દીધો કે "ભણેં બા ! માળે સુબાની કાંય પડી નથ. હું સાધુ માણસ, સુબાહીં મળવાનો મુહેં નો આવડે. આંહી ઠાકરની જગ્યામાં રસાલો રૈયાસત કે છડી નિશાન ન હોય. ગરીબ સાધુડાં બી મરે."

"પણ બાપુ ! વિઠોબા આવ્યે અમને તમામને બહુ સારાવાટ થશે."

"તો ભણેં ભણ્ય યાને, કે સાદે પોશાકે એકલો આવવો હોવે તો આવે. ભેળા ચોપદાર ચપરાસી નો લાવે."

દાક્ષણી બ્રાહ્મણને વેશે વિઠોબા ચલાળે આવ્યો. સત્તા અને સાયબી એણે ચલાળાના સીમાડા બહાર રાખી દીધાં. તે દિવસ શંકરાત હતી. બ્રાહ્મણો જગ્યામાં માગવા જતા હતા. વિઠોબા પણ એ ટોળામાં ભળીને ચાલ્યો. જાડપછેડીઓ સાદો ભગત, રોજની માફક, આજ પ્રભાતે પણ જગ્યાને ઓટે બેસીને જુવારના સુંડામાંથી બ્રાહ્મણ સાધુઓને ખોબે ખોબે જુવાર આપે છે. એને વિઠોબા દિવાન આવ્યાની જરાયે પરવા નથી. સહુની સાથે વડોદરાનો દિવાન પણ ઓટા સામે ઉભો છે. ભગત એના બોલાવ્યા વિના બોલતા નથી, એની સામે નજર પણ માંડતા નથી. વિઠોબાએ તો પોતાની સન્મુખ પ્રભુની સત્તાનો સુઓ દીઠો.

સહુ બ્રાહ્મણ સાધુઓ ઝોળી ધરીને ભગતના ખોબામાંથી જુવાર લઇ રહ્યા છે, તે વખતે વિઠોબા પણ આવ્યો. સન્મુખ ઉભા રહીને એણે પોતાનો દુપટ્ટો ધરી રાખ્યો. બોલ્યા કે

"બાપુ ! મને પણ આપો !"

"ભણે બાપ ! વિઠોબા, તમુંહીં જાર આપાં ?"

"હા બાપુ ! હું પણ પરદેશી બ્રાહ્મણ છું. ખોબો પાથરીને માગું છું. જાર માટે જ આ મુલકમાં આવ્યો છું."

"તવ્ય તો ભણે આલે વિઠોબા !.આ લે ! આ લે !.આ લે !"

એમ પાંચ ખોબા જુવાર નાખી, તોય વિઠોબા પાલવ તારવતો નથી. ભગત છઠ્ઠો ખોબો નાખવા જાય, ત્યાં પડખેથી એક કાઠી બોલ્યો:

"આપા ! બસ કરો. કાઠી સારૂ કાંઇક તો રાખો ! બધી ય દઇ દેશો ?"

કાઠીઓની લૂંટફાટથી કોચવાયેલા ભગતે આંખ ફેરવી : "કાઠી સાદુ ! ભણે કાઠી ગરાસ ખાશે ? કાઠીના કરમમાં જાર માતાજી રે'શે ? ઠાકર જાણે ! ઠીક, હું તો અટકું છું."

છઠ્ઠો ખોબો ભગતે સુંડામાં પાછો નાખ્યો. અને વિઠોબાને કહ્યું "ભણે વિઠોબા ! જા ભાઇ ! કોડીનારથી દ્વારકા સુધીની જાર ઠાકર તને–તારા રાજને અર્પણ કરે છે. અનીયા કરીશ મા ભાઇ ! અને એટલેથી સંતોષ વાળજે."

વિઠોબા ફોજ લઇને ઉપડયો. પાંચ મહાલ જીતીને પાછો આવ્યો. બોલ્યો : "આપા ! હું જગ્યાને પાણીઆ ગામ દઉં છું."

"ના બાપ ! બાવાંને ગામ ગરાસ ન હોય. ઠાકર એમાં રાજી નહિ. બાવાઓ બાધી મરે."

"પણ ભગત ! મેં તો સંકલ્પ કરી નાખ્યો છે."

"વૈષ્ણવના ગોંસાઇને દે. એને ભોગ વાલો છે."

"બાપુ ! સોનારીયું આપું !"

"ના બાપ, ના ! સાધુ ગરાસનો ગળપણ ચાખે તો બ્હેકી જાય. અમારે ન ખપે. અમે તો આકાશ સામી મીટ માંડનારા."

ભગતને પગે પડી, આગ્રહ કરી, વિઠોબાએ સોનારીયાની સો વીઘા જમીન કાઢી દીધી, અને રૂ ઉપર મણે એક આનો જગ્યાનો લાગો ઠરાવી દીધો.

લોકો માને છે કે ભગતના હાથથી લીધેલા જુવારના પાંચ ખોબા એને ભાખ્યા મુજબ બરાબર ફળી પડયા. અમરેલીના પાંચ મહાલ બંધાઇ ગયા.

## ૧૩

પાંચાળમાં થાન પાસે તરણેતર (ત્રિનેત્ર) નામનું શંકરનું તીર્થધામ છે. વરસોવરસ ત્યાં મેળો ભરાય છે. પાંચાળના બધા ભકતો ભેળા થાય તેમાં ચલાળેથી આપો દાનો પણ દર વરસે આવી જેઠ મહિનાથી ભાદરવા મહિના સુધી મુકામ કરે છે. એક વખત ભગતે જાત્રાળુઓનો પોકાર સાંભળ્યો કે પાળીઆદ ગામના કાઠી પાતા મનનો દીકરો વીસામણ મન મોટો લૂંટારો જાગ્યો છે. વીસામણ વાટમાં ઓડા બાંધીને વટેમાર્ગુના જાનમાલ લૂંટી જાય છે. પાંચાળના રસ્તે રસ્તા એણે રૂંધી લીધા છે.

ભગતના મનમાં વિચાર થયા જ કરે છે કે "કોક દિ વીસામણને ને મારે ચાર આંખ્યું ભેળી થાય તો ઠીક."

થાનનાં દેવળો પર ચડાવવાની ધજાઓ એક પોઠીઆ ઉપર લાદીને આપો દાનો પોતાના સાધુઓ સાથે પંચાળ જાય છે. વનરાઇમાં ઝાંઝ પખાજ અને કડતાલોના નાદ સાથે હરિભજન ગવાતાં આવે છે.

માંડવના ડુંગરા જાણે હરિજન બનીને સાથે સાદ પૂરાવે છે.

માંડવ ઉપર ઓડા બાંધીને બેઠેલા વિકરાળ ધાડપાડુ વીસામણે પોતાના કાઠીઓને કહ્યું કે "જાવ, કોક રેશમીનો પોઠીઓ લાગે છે. લૂંટી લ્યો."

તપાસ કરીને કાઠીઓ બોલ્યા "પણ આપા વીસામણ! એની હારે ઓલ્યો દાનો લંગોટો છે. ઈ સંધુ કે'વાય."

"તો એને લૂંટશો મા. ભેળાં જાત્રાળુઓ છે તે તમામને ખંખેરી લેજો."

લૂંટારાઓએ ભક્તમંડળને ઘેરી લીધું, અને ત્રાડ પાડી કે "માલમત્યા મેલી દ્યો હેઠે."

દાનો ભગત સહુની મોખરે આવીને પૂછવા લાગ્યા કે "ભાઈ! પેલો મુંહે લૂંટો, પછે આ સહુને."

"તું ખસી જા ભગત! તુંને ન લૂંટવો એવી અમારા સરદારની આજ્ઞા છે."

"તવ્ય તો તમાળો સરદાર સાવ હૈયાવોણો નથ દેખાતો. કિસે છે તમારો સરદાર?"

"સામેના ડુંગરા માથે."

"ભલા થઈને મુંહે ત્યાં સુધી લઈ જાવ. પછે ખુશીથી આ સંઘને લૂંટુ લેજો!"

ભગત ડુંગરા ઉપર ગયા. અસૂર જેવો લૂંટારો વીસામણ વાંકડી મૂછે ને વિકરાળ ચહેરે બેઠો છે. લૂંટનો માલ ઢગલા મોઢે પડેલો છે. અને એક મંગાળા ઉપર બે મોટાં હાંડલાં ચડેલાં છે. ખાવાનું રંધાતું હોય તેવું લાગ્યું.

"ભણેં બાપ વીસામણ! તું ભગવાનનાં જાત્રાળુહીં લૂંટતો છો બાપ? હું તો કામધેનની ટેલ કરતો સાં.'

લૂંટારો બેપરવાઈથી બોલ્યો: "ભણેં ભગત! હું ભગવાન બગવાનમાં કાણો ય સમજું નહિ. તું ને તાળા ટેલીયા હાલ્યા જાવ. બીજાં જાતરાળુહીં તો લૂંટવા જ જોશે."

"બાપ વિસામણ! ઈ તો તું જેવા ધાડપાડુનો ય ધરમ નથ. તાળી હારે હાલનારહીં તું લૂંટાવા દે ખરો?"

લૂંટારાની આંખોની બન્ને ભમર ખેંચાણી: "કમણુ છે ધમડો માટી, કે માળી હારે હાલનારહીં લૂટે?"

"તવ્ય બાપ! માળી હારે હાલનારહીં હું કી લૂંટાવા દીયાં? પેલાં મુંહે વીંધુને પછેં લૂટો."

લૂંટારા કાંઇક ખંચકાયા. દાના ભગતે આગળ ચલાવ્યું:

"બાપ વીસામણુ! મેં તો જાણ્યો'તો કે આ હાંડલાં ચડતાં સે, તે અમે ભૂખ્યા સાધુડા તાળી હારે શીરામણી કરશું. આ હાંડલીમાં કાણું ઓર્યો સે ભાઇ?"

લૂંટારો લજવાઇ ગયો. અંદર આખા એક ઘેટાનું માંસ રંધાતું હતું. જીભ ઉપર શરમ ચડી બેઠી. જૂઠો જવાબ દીધો કે "ચોખા ચડે છે."

"ચોખા તુંહેં વાલા છે બાપ?"

"વાલા તો હોય જ ના!"

"ત્યારે બાપ! આ ભૂખ્યાં દુઃખ્યાં જાત્રાળુહીં દીયે યાનાં કિમાં પેટ ઠરહે! તુંહે દુવા દેવે! લાવ્ય લાવ્ય બાપ, શીરાવીએં."

હાંડલી પાસે જઇને ભગતે ઢાંકણી ઉઘાડી. લૂંટારાના ભોંઠામણનો પાર નહોતો. હતો ઘાતકી, પણ લાજ શરમ નહોતી છૂટી.

પરંતુ લોકો કહે છે કે માંસને બદલે ચોખાની ફોરમ છૂટી. હાંડલીના મ્હોંમાં ધોળાફુલ ચોખા ઉભરાણા.

"બાપ વીસામણા! જીમી આસ્થા, ઇસું ભગવાન આપતો સે. તાળી આસ્થા તો જબ્બર છે. તું તો રામદે પીરનો અવતાર! અને તાળી આ દશા?"

વીસામણ પગમાં પડી ગયો,

"તું બહારવટીયો છો. જીમી તાળી બરછી વાગતી છે ને, ઇમાં જ તાળાં વેણુ વાગશે."

"કિસે જાઉં?" લૂંટારાના હૃદયબંધ તૂટી ગયા.

"પાળીઆદ જા બાપ. ઠાકરના નામની ધજા બાંધજે. તું હે ગળ ચોખા વા'લા છે ને, એટલે ગળ ચોખાનો સદાવ્રત બાંધજે બાપ ! ને કાનધેનને સેવતો રે'જે."

વીસામણે ત્યાં ને ત્યાં હથીઆર ભાંગ્યાં. ડોકમાં માળા નાખી. પાળીઆદમાં થાનક સ્થાપ્યું. દાના વીસામણની જોડલી ગવાવા લાગી.

**દાનો વીસળ દો જણા, ભલકળ ઉગા ભાણ,**
**અંધારૂં અળગું કર્યું, જંપે સારી જાન.**

**પોથાં થોથાં ને ટીપણાં, વાંચે ચારે વેદ,**
**ભીતર દેતલ ભેદ, વચને અમૂલખ વીસળો.**

## ૧૪

ધજડી ગામના કોઇ ગધૈની એક જુવાન દીકરી હતી. એનું નામ લાખુ : લાખુને રાણપર ગામે પરણાવેલી. પણ લાખુ પોતે જાડી મોટી, અને ધણી હતો છેલબટાવ : લાખુમાં એ લંપટનું મન ઠર્યું નહિ. મારી કૂટીને એણે લાખુને ઘરમાંથી કાઢી મૂકી. ચલાળામાં પોતાનું મોસાળ હતું ત્યાં આવીને લાખુ મામાની ઓથે રહી. એના ધણીએ તો નવી સ્ત્રી કરી, એટલે લાખુનાં મોસાળીઆંએ પણ વિચાર કર્યો કે આપણે લાખુને બીજે ક્યાંઇક દઇ દઇએ. પણ લાખુએ ન માન્યું.

દુઃખની દાઝેલી લાખુએ પોતાના જીવને ધર્મકામમાં પરોવવા માટે આપા દાનાની જગ્યામાં ગાયમાતાઓની ચાકરી આદરી દીધી. પણ એ ભોળી જુવાનડી પોતાના મનમાં વિકારને છેવટે ન દબાવી શકી. જગ્યાના જ કોઇ હલકા બાવાના સમાગમમાં નિર્દોષ લાખુ ફસાઇ પડી.

લાખુને ઓધાન રહ્યું. ગામમાં અને પરગામમાં એની બદનામી થવા લાગી. લોકો બોલતાં થયાં કે " રાંડને ઘરઘાવતાં

ધરથી નહિ ને આપાના ખુંટડાઓમાં જઇને રહી." સગા વ્હાલાંએ એને તિરસ્કાર દીધો. ધરતી પોતાને ક્યાંયે સંઘરે તેમ ન લાગવાથી ફૂવરે પાણીનો આશરો લઇ આપઘાત કરવાનો મનસૂબો લાખુના અંતરમાં ઉપડવા લાગ્યો.

અધરાતે જગ્યાનાં સહુ માણસો ઝંપી ગયાં એટલે લાખુ કૂવા કાંઠે ગઇ. "હે આપા દાના !" એવો નિસાસો નાખીને મંડાણેથી પડતું મેલવા જાય છે ત્યાં કોઇએ એનું કાંડું ઝાલ્યું.

કાંડું ઝાલનાર આપા દાના પોતે જ હતા, સહુ ઉંઘી જાય ત્યારે આપાને જાગવાની અને જગ્યામાં આંટા દેવાની ટેવ હતી.

"લાખુ ! બેટા ! કુવામાં પડુને હાથ પગ શીદ ભાંગતી છો ? તારા પેટમાં તો બળભદર છે. ઇ કોઇનો માર્યો નથી મરવાનો. નાહક શીદ વલખાં મારૂ રહી છો ?"

લાખુ રોઇ પડી : "બાપુ ! હું કયાં જઇને સમાઉં ? જીવતી મને કોણ સંઘરશે ?"

પંપાળીને ભગત બોલ્યા : "દીકરી ! ઠાકર તુંહેં સંઘરશે. આ જગ્યામાં તારા સાચા માવતરનો ઘર જ માનજે."

ભગત લાખુનું રક્ષણ કરવા લાગ્યા. નવ મહિને એને દીકરો અવતર્યો. દીકરો છ મહિનાનો થયો એટલે ભગત પોતે જ મંડ્યા તેડવા ને રમાડવા. પોતે જ એનું નામ 'ગીગલો' પાડયું. સાત વરસની અવસ્થા થઇ ત્યાં ગીગલો વાછરૂ ચારવા મંડયો. એથી મોટો થયો એટલે મંડયો ગાયો ચારવા. એમ કરતાં ગીગલો બાવીસ વરસનો જુવાન જોદ્ધો બન્યો. રાત અને દિવસ ભૂખ તરસ જોયા વિના ગાયોનાં છાણ વાસીદાં અને પહર–ચારણમાં ગીગલો તલ્લીન બની ગયો છે. જોબનના કૂડા રંગ એને કયાંયે એઠા નથી.

એવે એક દિવસ પાળીયાદથી વીસામણ ભગત આપા દાનાના અતિથિ થયા છે. સવારને પહોર આપો વીસામણ અને આપો દાનો એટલે બેઠા બેઠા સાધુ બ્રાહ્મણને અને અપંગોને જુવાર આપે છે.

સન્મુખ ગીગલો ગાયોનું વાસીદું કરે છે. માથા પર છાણના સુંડા ઉપાડી ઉપાડીને ગીગલો એક ઠેકાણે ઢગલો કરે છે. માથે મે વરસે છે, તેથી સૂંડલો ચુવે છે. છાણના રેગાડા ગીગલાના મ્હોં ઉપર તરબોળ ચાલ્યા જાય છે. એ દેખાવ જોઇને આપો વીસામણ બોલ્યા "આપા દાના, હવે તો હદ થઇ. હવે તો ગીગલાના માથેથી સુંડો ઉતરાવોને!"

"આપા, તમે ય સમરથ છો. અને આજ જગ્યાને આંગણે અતિથિ છો. તમે જ ઉતરાવોને!"

આપા દાનાએ ગીગાને સાદ દીધો "ભણે ગીગલા! સુંડો ઉતારૂ નાખ. આસેં આવુને આપા વીસામણને પગે લાગ."

"બાપુ! મારા હાથ છાણવાળા છે. અવેડે ધોઇ આવું."

"ના ના બેટા, ધોવાની જરૂર નથ. ઈ ને ઈ આવ."

ભોંઠો પડતો પડતો ગીગલો બગડેલે હાથે આવ્યો. આઘેથી બેય સંતોને પગે પડવા લાગ્યો. ત્યાં તો આપા દાનાએ એના છાણવાળા હાથ પોતાના ગુલાબ સરખા હાથમાં ઝાલી લીધા ને કહ્યું "ગીગલા! બાપ! તારે બાવોજી પરસન છે. તું અમથી બેયથી મોટો. આજથી તું ગીગો નહિ, પણ ગીગડો પીર!"

પોતાને હાથે ભગતે ગીગાનું મ્હોં લૂછી નાખ્યું. છાણના રેગાડા નીચે ઢંકાયલી વિભૂતિ ગીગાના મુખમંડળ પર રમવા લાગી. એના અંતરમાં નવાં અજવાળાં થઇ ગયા. આત્માનાં બંધ રહેલાં કમાડ ઉઘડી ગયાં.

ભગતે ગીગાની માતાને સાદ કરી બોલાવી. તે દિવસ જુવારની રાબ કરાવી. એ નીચી જાતનાં ગણાતાં ગધે મા–દીકરાને પોતાના જ ભેળું એક જ થાળીમાંથી ખવરાવ્યું. આપો દાનો લાખુ ડોશીના પગમાં માથું ઢાળીને બોલ્યા કે "માતાજી! આ તારો બેટડો : ઠાકરનો બંદો થઇ ગયો. તુમાં પાપ નો'તું. તું

તો ઓલીઆની જનેતા હતી. તુંને દૂભવતાં દુનિયા મહા પાપમાં પડી. લે હવે. દીકરાની સિદ્ધિ દેખીને આંખ્યું ઠાર્ય, માવડી!"

"અને બાપ ગીગલા! આજ આપણે ભેળાં બેસીને રાબડી ખાધી. એટલે આજથી ધરમની ધજા બાંધીને તું ભૂખ્યાં દુઃખ્યાંને રાબડી દેતો જા!"

ગીગા ભગતની જૂદી જગ્યા બંધાણી. રાબરોટલા હડેડાટ હાલવા લાગ્યા. ગાયોનું પણ ધણ બંધાઇ ગયું. એવામાં ઉત્તર હિન્દુસ્તાનમાંથી વિકરાળ ખાખી બાવાની એક જમાત જાત્રા કરતી ચલાળે આવી ઉતરી. અને તે સમયના રિવાજ પ્રમાણે આ જૂ઼મી બાવાઓએ દાના ભગતની જગ્યામાં માલપૂવાની રસોઇ માગી. તે વખતે દાના ભગતનો દેહ છૂટી ગયેલો. પોતે તો જતિ પુરૂષ હતા, એટલે જગ્યાની ગાદી ઉપર પોતાના ભાઇનો વંશ ચાલતો. તેમના કુટુંબી દેવો ભગત ગાદીએ હતા. આ ભગત ડાઢી ડાઢીને જે કોઇ આવે તેને એમ જ કહેતા કે "જાઓ ગીગલા પાસે!" એ જ રીતે ખાખી બાવાઓને પણ આપા દેવાએ ગીગા ભગતની જગ્યામાં મોકલ્યા. ગીગાએ તો નિયમ પ્રમાણે જુવાર આપવા માંડી. ખાખીઓએ ખીજાઇને ભગતને બહુ કોચવ્યા. માર માર્યો, લૂંટી ઝુંટીને ખાઇ ગયા.

ચલાળામાં રહેવું હવે ઉચિત નથી એમ માની ગીગો ભગત ગાયો લઇને ચાલી નીકળ્યા. આંબા, અમરેલી, સીમરણ, અને ગિરમાં ચાચઇ, એમ જગ્યાઓ બાંધી બાંધીને છ વર્ષ કાઢી નાખ્યાં. ચાચઇમાં પણ દરબાર માણશીયાવાળાના ભાઇ વાજસૂરવાળાએ, ભગતની ગાયો પોતાની વાડીમાં પડવાથી ભગતના ટેલવાને માર્યો, તેથી ગીગા ભગતે સતાધાર નામના ગિર-ગામમાં જઇ જગ્યા બાંધી.

વીસાવદર ગામથી ત્રણ ગાઉ ઉપર ગિરના ડુંગરાની અને ગીચ જંગલની વચ્ચે કેવળ સતના આધારે સ્થાપેલા આ સતા-

ધાર ધામમાં આપા ગીગાની કરુણા બે ધારાઓ વાટે વહેવા લાગી. એક ગૌ-સેવા : ને બીજી ગરીબ-સેવા : ગિરના ડુંગરામાં ગાયો માટે ચરણનો તોટો નહોતો. શ્રદ્ધાળુ ગામડીયાં 'આપા ગીગા'ને નામે પોતાનું કંઇક કલ્યાણ થાતાં જ સતાધારને ખીલે ગાય ભેંસ કે ઘોડાં બાંધી જતાં અને તે જ રીતે છાશ દૂધ વિના દુઃખી થતાં દીનજનોને ભગત એ પશુ પાછા ભેટ દેતા. બીજી બાજુ આઘેથી ને ઓરેથી અપંગો, રક્તપીતીઆં અને અશકતો આજારો પગ ઢરડીને સતાધાર ભેળાં થઇ જતાં. એટલે ત્યાં એને કશી સૂગ વિના રાબરોટી અપાતાં. સતાધાર તો જૂના સમયનું અનાથ-આશ્રમ હતું. ગીગો માનવીને દેતો, તેમ ઇશ્વર પણ ગીગાને દઇ જ રહેતો. મુસલમાન જાતના એ ગધૈ સંતને જગતના જાતિભેદ તો ટળી ગયા હતા.

## ૧૫

ચલાળા ગામમાં ઉકા દોશી નામના એક વેપારી રહે. હાટમાં ન માય એટલા ઘીના કુડલા : દોઢસો મણ તેલે ભરેલી લોઢાની કોઠી : ધીકતો વેપાર : હાટ તો જાણે હાંક્યું જાય છે.

"આપા !" ઉકા દોશીએ ભગતને કહ્યું, "આપા, અમને જગ્યાનું મોદીખાનું આપોને."

"બહુ સારૂં ભણે ઉકા ! પણ આ તો મૂંડીયાનો માલ ભણાય : તું બાપ ઝાઝો હાંસલ લેશ મા હો !"

"ના રે આપા, હાંસલની વાત તે હોય ? આ તો મલકમાં લુંટારાનાં ઘોડાં ફરે છે, તે અમે છાતી ઠોકીને કહી શકીએ કે અમે આપાના મુનિમ છીએ, એટલે અમને કોઇ લૂટે નહિ."

"તો ભલે બાપ !"

જગ્યાના મોદીખાનાનો ઉપાડ થવા લાગ્યો. બે મહિના થયા ત્યાં તો ઉકાએ આપાને કહ્યું "આપા ! આ હિસાબનો ગોટો સારો નહિ. ચોકખું કરી નાંખીએ !"

"તો ભલેં બાપ !"

તૂર્ત ભગત દુકાન પર ગયા. ઉકાએ કહ્યું "આપા ! કોઇક તમારો સાખીઓ (સાક્ષી) તેડી આવશો ને ?"

"અરે ભણેં બાપ ! સાખીયો વળી કિસેથી લાવાં !"

એ જ વખતે ત્યાં એક ઉંદરડી નીકળી. એટલે તૂર્ત જ ભગત બોલ્યા :

"એ ભણેં આ ઉંદરડી આપડો સાખીઓ !"

ઉકાને દાંત આવ્યા : "આપા ! શું બોલો છો ?"

"હા બાપ હા ! ઉંદરડી તો ગણેશનો વાહન : તાળો ય નો રાખે ને માળો ય નો રાખે. ઇ આપડો સાખીઓ. લે કર્ય હવે આંકડો."

"આપા ! પાંસઠ કોરી લેણી થાય છે."

ભગત સમજ્યા હતા કે વાણીઆએ પચીસ કોરી વધારી દીધી છે. તૂર્ત પોતે મૂઠી ભરીને કોરી કાઢીઃ 'લે બાપ ! ગણ્ય લે. પણ ભણેં બાપ ઉકા ! આ ધર્માદાની કોરી આકરી છે હો !"

"હેં-હેં-હેં આપા ! અમારે તો સુંવાળી ને આકરી મરચે ય સારી !" લુચ્ચો ઉકો હસ્યો.

આંકડો ચૂકાવીને ભગત તો જગ્યામાં ગયા. અને આંહી વાળુ ટાણે ઉકો દોશી દુકાન વાસીને ઘેર ગયા.

બીડેલી દુકાનમાં દીવો બળે છે. (તે દિવસોમાં તો કોડીયામાં મીઠું તેલ પૂરીને વાટ પ્રગટાવવામાં આવતી.) તે ટાણે પેલી સાક્ષી બનેલી ઉંદરડી ત્યાં આવી. આવીને એણે સળગતી વાટય ઉપાડી. ઉપાડીને કાપડની તાજી આવેલી ગાંસડીઓમાં ચાંપી દીધી.

હાટ સળગ્યું. તેલની કોઠી, ઘીના કૂડલા, કાપડ, તમામના ભડકા આકાશે ચડયા. આગ દુકાનને આંટો લઇ વળી.

ઉકા આવ્યો. જોતાંની વાર જ બધું સમજી ગયો. લોકોને કહ્યું કે "ભાઇઓ! કોઈ ઓલવવાની મહેનત કરશો મા. એ નહિ ઓલવાય."

ઉકા દોશી જગ્યામાં આવ્યો. સામે જ ભગત બેઠા હતા. ભગત બોલ્યા "અરેરે ભણે ઉકા! તાળે તો મોટી નુકશાની ગઈ!"

"આપા! એ તો તમારો સાખીઆએ સાચી સાખ પૂરાવી. મારાં કૂડ મને ઠીક નડયાં. હવે મને એનો ઓરતો નથી. પણ મારે મૂડીમાં દીકરો પેટ ન મળે! બહુ મુંઝાઉં છું. વંશ નહિ રહે!"

"ભણેં બાપ! કાશીએ જા! તીરથ ન્હા.'

"અરે આપા! ઇ સાડા સાત સો ગાઉ હું એકલે પંડે શી રીતે પોગું?"

"તયીં બાપ! દ્વારકા જઇ આવ. રણછોડરાય દેશે."

"ના રે આપા! એટલે બધે ય ન પોગાય!"

"તો બાપ! પ્રાચી જઇ આવ. સાવ ઓરૂં."

"ના ના. ત્યાં યે હું ન પોગું."

"તો તુળશીશ્યામ જા. લે ઠીક? સાવ ઓરૂં. સવારે જઇને સાંજે પાછો વયો આવ્ય."

"અરે આપા! ઇ તો ગર્ય: વચમાં દીપડા ને બાઘડા આવે!"

"તયીં બાપ, કાંઇ તીરથ નાયા વિના દીકરા થાય?"

ઉકા દોશી જગ્યાને અવેડે નહાયો. નહાઇને આવી આપા દાનાને ફરતા ચાર આંટા દીધા. આપાએ પુછ્યું:

"કાં બાપ?"

ઉકા બોલ્યો :

**ગંગા જમના ગોમતી, કાશી પંથ કેદાર;**
**અડસઠ તીરથ એકઠાં, દાન તણે દેદાર.**

સાંભળીને આપાએ તુળસીનું પાંદડું લીધું. તોડીને એના રેસા તપાસ્યા. પછી બોલ્યા "ભણે ઉકા! તાળા નસીબમાં ચાર દીકરા. માળી આશિષ છે."

"પણ આપા! એને ભોજનનું શું!"

"ચાર માંથી બે સારા, ને બે ગડગડપાટ!"

*ઉકાને ચાર દીકરા થયા. તેમાંના બે, જેનો કુંડલે ને બગસરે પ્રવાહ ચાલ્યો, તે સુખી થયા. ને ચલાળે રહેનારા એનો વંશ ગરીબ રહ્યો.

૧૬

"આપ વીસામણ! હમણે હમણે તું અણોસરો કાણુ સારૂ દેખાછ? દિલમાં કાંઇ દુઃખાવો છે?"

"આપા! દુઃખાવો તો બીજો શો હોય? બહુ પાપ કર્યાં છે, રૂંવાડે રૂંવાડે પાતક ભર્યાં છે, મનમાં ઝંપ નથી વળતો. જાણે એક વાર ગંગાજી જઇને ન્હાઇ આવું એવું થયા કરે છે."

"સાચું ભાઇ! ગંગાજી તો તરણતારણી ભણાય, સાચું."

તરણેતરને મેળે જાતાં જાતાં આપા દાના અને વીસામણ વચ્ચે વારંવાર આવી વાતો થયા કરે છે. વારંવાર વીસામણનું દિલ ગંગાજી તરફ દોડયા કરે છે. આપા દાના પણ વારેવારે

* આ વાત બરાબર નથી. ઉકાને બે જ દીકરા હતા.

એના આ વિચારને 'સાચું ! સાચું !' એવા શબ્દે વધાવી લે છે. પણ કદિ ચોખ્ખી હા ના કહેતા નથી.

તરણેતરનો મેળો મળ્યો છે. માનવી માતાં નથી. માંડવના ડુંગરાનો પાણે પાણો સજીવન બની જાણે મેળાનાં ભજન કીર્તનમાં ટૌકા પૂરે છે. તે વખતે બન્ને જણા માંડવામાં ઉભા છે.

શ્રાવણ માસનાં સરવડા ઝીલતી ચોમેરની ધરતી લીલી ઓઢણીએ મલકી રહી હતી અને ઠેકાણે ઠેકાણે ધેનુઓનાં ધણ, કંઠે ગુંજતી ટોકરીએ ને પગમાં રૂમઝુમતાં ઝાંઝરે ડુંગરડા ગુંજવતાં હતાં.

આપા દાનાની આંખો દસે દિશામા રમવા લાગી. પાંચાળ-પોતાની પ્યારી જન્મભોમ પાંચાળને આવી રળીઆમણી ભાળીને ભગતનો પ્રાણ ઇશ્વર પ્રતિ આભારે પીગળી પડયો. જગતના ભાર ઝીલનારી ધેનુઓના સુખ–કલ્લોલ નિહાળી આપાનાં નેત્રો જાણે સુખ–સમાધિના ઘેનમાં ઘેરાવા લાગ્યાં. વીસામણ એની બદલાતી મુખમુદ્રા સામે તાકીને જાણે પોતાના બાપા-મ્માની તરસ છીપાવવા મંડી પડયો. સુખના કેફમાં ભગત બોલ્યા :

"બાપ વીસામણ ! આંહી માંડવમાં મારૂં દલ બહુ ઠરે છે. નાનપણમાં હું આંહી કામધેનુઓ ચારતો, એ સમો આજ સાંભરી આવે છે. ફરીવાર ઠાકર બાળાપણ આપે, બધુંય જ્ઞાન ભાન ભૂલી જવાય, જગત મને માનતું મટી જાય, ને હું સદાકાળ આંહી ગાવડિયું જ ચાર્યાં કરૂં, માતાજીયુંને ખંજવાળ્યા જ કરૂં, ઇ તો મને મુગતી થકીયે મીઠેરૂં લાગે છે. ઓહો જીતવા ! ઇ દિ' તો ગયા. હવે તો આ મોટપની શિલા હેઠળ મનડું ભીંસાઇ મુવું ! ઠાકર ! ઠાકર ! ઠાકર ! હે ઠાકર !...

ભગતનો આત્મા જાણે ઉંડી કોઇ ગુફામાં ઉતરી ગયો. નેત્રોમાંથી દડ ! દડ ! દડ ! દડ ! ધારા ચાલી.

"બાપ વીસામણ ! તુંને વાંભ દેતાં આવડે છે ?"

ભોંઠો પડીને વીસામણ બોલ્યો "આપા ! મેં કુકર્મના કરનારે ગા કયાંથી ચારી હોય તે વાંભ દઇ જાણું ? કાગડાના મ્હોંમાં રામ કયાંથી હોય બાપુ !"

કાનમાં આંગળી નાખીને ભગતે પોતે જ વાંભ દીધી. નાનપણનો મ્હાવરો હતો, મીઠું ગળું હતું. ને આજ ગાયો ઉપર અંતઃકરણ ઓગળી જતું હતું. ગોવાળ તે શું વાંભ દેશે ! એવી મીઠી, વિજોગી બાળક માને બોલાવવા વિલાપ કરે તેવી, મોરલો વાદળીને રોકવા મલ્લારના સૂર ટૌકે તેવી એક વાંભ દીધી.

થોડી વારમાં તો સીધા વોંકળા સોંસરવી એક કાળી–આખે અંગે કાળી રૂપાળી ગાય ચાલી આવે છે. પૂછડું ઉંચું કરીને માથે લઇ લીધું છે. કાન ઉભા થઇ ગયા છે. તાજી વીયાઇ હોય એવું એનું આઉ ઝુલે છે. આવીને ગાય ઉભી રહી. ભગત એને 'મા ! મા ! મા !' કરતા ખજવાળવા લાગ્યા.

"વીસામણ ! દોતાં આવડે છે ?"

વીસામણ ફરી વાર ભોંઠો પડ્યો.

"વીસામણ ! ખાખરાનાં પાંદડાં તોડીને પડીયા કરવા માંડ."

પાંચ પાંચ શેડ્યો પાડીને ભગત પડીયા ભરવા લાગ્યા.

"સહુ મનખ્યો ભલે પરસાદી લીએ !

માણસો આવી આવાને પડીયા પીતાં જાય છે.

"બાપ વીસામણ ! માતાજીને ડીલે હાથ તો ફેરવ્ય ! ઇ તો આવડશે ને ? લે આપણે બેય હાથ ફેરવીએ. માતાજી દુવા દેશે."

શરમીંદા થતા વીસામણનો હાથ પોતે ઝાલીને ગાયના શરીર પર ફેરવ્યો. જેમ જેમ હાથ ફરતો ગયો તેમ તેમ ગાયનો દેહ કાળો મટીને શ્વેત સુંદર બનવા લાગ્યો.

“ભણે બાપ વીસામણ ! આ પંડયે જ ગંગાજી : આ જગતની તરણ–તારણી : સંસાર એનાં નીરમાં ન્હાઇને પોતાના મેલના થરેથર એમાં પધરાવે છે. પણ એ મેલ ધોવા માતાજી પોતે તો બાપડી સંતુની જ પાસે આવે છે હો બાપ ! ઇ તરણ–તારણીનાં યે મળ કાઢવા માટે માનવીનું મનડું સમરથ છે. માટે ભાઇ ! સાચી ગંગા તો આપડાં ધરમ પૂન્યની: સાચી ગંગા આપણા દલની ચોકખાઇની: આપણાં પાપના પસ્તાવાની.”

“જાઓ માતાજી ! હવે પાછાં પધારો ! તમને મોટો પંથ પડયો આજ માવડી !”

એટલું બોલીને ભગત ગાયના ચરણમાં પડી ગયા. ભગતને શરીરે ધેનુ ચાટવા લાગી. ચાટીને પાછી ચાલી નીકળી.

વીસામણ તે દિવસ પૂરેપૂરો ચેત્યો.

સંવત ૧૮૭૮ પોષ વદ ૧૧ ના રોજ પ્રભાતે આપાનો દેહ પડયો.

એણે કોઇને દીકરા દીધા, દરિયે ડુબતાં વ્હાણમાં અંતરિક્ષમાંથી ગાબડું પૂર્યું, મરેલાંને જીવતાં કર્યાં, આડસર વધાર્યું, વગેરે કહેવાતા કેટલાએક પરચા વાટે એના જીવનની કશી વિશેષ ઉચ્ચતા દેખાતી નથી. તેથી એ વિસ્તારપૂર્વક લખ્યા નથી.



# વેલો બાવો

**કાળી કોયલ કલકલે, ભેરવ કરે ભભકાર,**
**નિત નગારાં ગડહડે, ગરનારી વેલનાથ !**

શેરગઢ નામે જૂનાગઢ તાબાનું મૂળગરાસીયું ગામડું છે. એ ગામમાં જસમત સેંજળીઓ નામે એક કણબી રહેતો હતો.

સહુ પટેલોમાં જસમત પટેલ દૂબળો ખેડુ છે. તાણી તૂંસીને પેટગુજારો કરે છે.

એક દિવસ જસમતની ખડકીએ એક દસ–બાર વરસનો બાળક આવીને ઉભો રહ્યો. બાળકે સવાલ નાખ્યો કે “ આતા, મને સાથી રાખશો ?”

“ કેવો છો ભાઇ ?”

“ કોળી છું આતા ! માવતર મરી ગયાં છે. ઓથ વિનાનો આથડું છું. ”

કોળીના દીકરાની નમણી મુખમુદ્રા ઉપર જસમતનાં નેત્રો ઠરવા માંડયાં.

“ તારૂં નામ શું ભાઇ ?”

“ વેલીઓ. ”

વિચાર કરીને જસમતે ડોકું ધુણાવ્યું: "વેલીયા! બાપા, મારે ઘેરે તારો સમાવો થાય એવું નથી. મારા વાટકડીના શીરામણમાં બે ઉપર ત્રીજાનું પેટ નહિ ભરાય!"

જસમતના ઘરમાં ભલી ભોળી કણબણ હતી. એ પ્રભુપરાયણ સ્ત્રીને સંતાન નહોતું. વેલીયા ઉપર એને વ્હાલ વછૂટયું. ધણીને કહેવા લાગી કે "કણબી! ભલેને રહ્યો છોકરો. એ પણ પોતાનાં ભાગ્ય ભેળાં બાંધીને જ આવતો હશે. અને રોટલો તો એના સાટુ રામ ઉતારશે. બાળ્યકો આપણી ટેલ કર્યા કરશે. વળી આપણે એને દેખીને છોરૂનાં દઃખ વિસરશું."

જસમત સમજતો કે કણબણ પોતાના કરતાં વધુ શાણી છે. કણબણને પોતે પોતાના ગરીબ ઘરની લખમી માનતો. એનું વેણ ન ઉથાપતો. તેથી વેલીયાને એણે રાખી લીધો. પૂછ્યું કે "એલા વેલીયા! તારો મુસારો કેટલો માંડું, ભાઇ:"

"મુસારો તો તમને ઠીક પડે તે માંડજો આતા! પણ મારે એક નીમ છે તે પાળવું જોશે."

"શી બાબતનું નીમ?"

"કે આ મારી માતાજી મને રોટલા ઘડી દેશે તો જ હું ખાઇશ. બીજા કોઇના હાથનું રાંધણું મારે ખપશે નહિ."

સાંભળીને કણબણને એના પર બેવડું હેત ઉપજવા લાગ્યું. કરાર કબૂલ થયો.

વળતે જ દિવસે જસમતના ઘરમાં રામરિદ્ધિ વર્તાવા લાગી. કોળીના દીકરાને પગલે કોઠીમાં સે' પુરાણી. ગામના દરબારે જસમતને ઢાંઢાની નવી જોડય, સાંતી, અને એક સાંતીની નવી જમીન ખેડવા દીધાં. પટેલ અને એનો બાળુડો સાથી બીજે દિવસ જ્યારે બે સાંતી હાંકીને ખેતર ખેડવા નીકળ્યા ત્યારે ગામના કણબીઓ એ જોડલીને જોઇ રહ્યા.

આખો દિવસ કામ કરીને વેલો ઘેર આવે, તો પણ આતાના અને માડીના પગ ચાંપ્યા વગર સૂતો નથી. જસમતની

તો ઉપાધિ માત્ર ચાલી ગઇ છે. ઓછાબોલો અને ગરવો કોળી-પૂત્ર જોત જોતામાં તો જસમતને પડખે જુવાન દીકરા જેવડો થઇ ગયો છે.

પટલાણી માને પણ વાંઝીઆ મેણાં ભાંગ્યાં. એને એક પછી એક સાત દીકરા અવતર્યા. જસમત અને પટલાણી આ જાડેરા કુટુંબ માટે વેલાનાં મંગળ પગલાંનો જ ગુણ ગાવા લાગ્યાં છે. પેટના સાત સાત દીકરા છતાં પણ વેલા ઉપરનું હેત ઓછું નથી થયું.

એક દિવસ સાંજે વેલો વાડીએથી આવ્યો. રોજની માફક આજે પણ આવીને એની આંખો માડીને જ ગોતવા લાગી. પણ ડોશીમા આજે ઘરમાં દેખાતાં નથી. વણ બોલ્યો પણ વેલો માડીને શોધી રહ્યો છે. વાળુ વેળા થઇ ગઇ છે. છોકરાઓએ કહ્યું "વેલાભાઇ, હાલ્ય, રોટલા પીરસ્યા છે."

"માડી ક્યાં ગયાં ?"

"માડી તો બહાર ગયાં છે. હાલો ખાઇ લઇએ."

"ના, હું તો માડી આવીને ખવરાવશે તો જ ખાઇશ."

વેલાએ જ્યારે હઠ લીધી ત્યારે પછી પટેલથી ન રહેવાયું: "માડી માડી કર મા ! ને છાનો માનો ખાઇ લે બાપ ! જો આ રહી તારી માડી !"

એમ કહી, કાંડું ઝાલી, વેલાને બીજા ઓરડામાં લઇ જઇ ડોશીનું મુડદુ બતાવ્યું.

"જો આ ખાલી ખોળીયું પડયું છે. સવારે એને ફુંકી દેશું. હવે એમાં તારી માડી ન મળે."

"માડીને શું થયું ?"

"છાણાના મોઢવામાંથી સરપ ડસ્યો."

"ના ના, મને જમાડ્યા વિના માડી જાય નહિ. મારૂં નીમ ભંગાવે નહિ."

એમ કહીને વેલો નીચે નમ્યો. માને ગળે બાઝીને કહ્યું "મા ! મા ! ઉઠો. મને રોટલા કરી દ્યો ને ? હું ભૂખ્યો છું."

બાળકની ઇચ્છાશક્તિથી ડોશીને ઝેર ઉતરી ગયું. ઉઠીને ડોશીમા વેલાને બાઝી પડયાં.

(૨)

"એલા જસમત !"

"કાં ?"

"આ તારો સાથી તો તુંને દિવાળું કઢાવશે દિવાળું ! હવે એને કેટલોક પેંધાડવો છે ? ગમે તેમ તોય કોળો ખરો ને, કોળો ! એનાં તો હાડકાં જ હરામનાં થઇ ગયાં."

"પણ છે શું ?"

"એ જરાક ખેતરે જઇને જો તો ખરો ! વિસવાસે તારાં બારે વા'ણ બૂડવાનાં છે. આંહીથી ધડસા જેવા રોટલા બાંધીને સાંઠીયું સૂડવા જાય છે, પણ ત્યાં તો ઓશિકે ટાઢી ભંભલી મેલીને ખીજડીને છાંયે દિ આખો ઉંઘી રહે છે. આ વૈશાખ ઉતરવા આવ્યો તો ય સાંઠીયું સૂડાઇ ન રહી !"

જસમતને તો વેલા ઉપર ઘણી ઘણી આસ્થા હતી. વેલો કદિ દગડાઇ કરે નહિ. એના કામમાં પોણા સોળ આની ન જ હોય. છતાં આજ પંદર વરસે જસમતનો વિશ્વાસ ડગી ગયો. એ તો વૈશાખને ધોમ ધખતે બપોરે કોચવાઇને દોડયા સીમાડાને ખેતરે. એના અંતરમાં એમ જ થઇ ગયું કે વેલો ઉંઘતો હોય તો પાટુ મારીને જગાડું. અને મુસારાની કોરીઓ જમા છે તે ન આપું. એના વિચારો વણસી ગયા.

ખેતરને શેઢે જઇને જસમતે શું જોયું ?

સાચોસાચ : ખીજડીને છાંયડે, પાણીભરી શીતળ ભંભલીને ઓશીકે માથું ટેરવી વેલો ભરનીંદરમાં સૂતો છે.

પણ ખેતર રેઢું નથી પડ્યું. કોદાળી એકલી એકલી ખોદી રહી છે. એકલી કોદાળી : એની મેળે ઉછળી ઉછળીને સાંઠીઓ સૂડી રહી છે.

ખેતર ગાદલા જેવું બની ગયું છે.

આ શું કૌતક ! કોદાળી પોતાની મેળે ખોદે છે !

દેખીને જસમત ભાભો સજ્જડ થઇ ગયો. આ વેલો કોળો નહિ : કોઇક જોગી પુરૂષ : મેં આજ એને માટે મનમાં બુરા વિચારો બાંધ્યા !

વેલો જાગી ગયો. આતાને એણે ઉભેલો જોયો. વેલો સમજી ગયો.

દોડીને જસમત વેલાના પગમાં પડવા ગયો, ત્યાં વેલાએ આતાના હાથ ઝાલી લીધા. જસમત બોલ્યો :

" મને માફી આપો, મેં તમારી પાસે મજૂરીનાં કામ કરાવ્યાં. તમને મેં ન ઓળખ્યા."

" આતા ! મને મજૂરી મીઠી લાગતી હતી. આંહી મારી તપસ્યા ચાલતી હતી. મને દીકરો થઇને રહેવા દીધો હોત તો ઠીક હતું. પણ આજ તમારી નજરે મારી એબ ઉઘાડી પડી. હવે મારે વસ્તીમાં રહેવું ઘટે નહિ. મારો મુસારો ચૂકાવી દ્યો."

જસમત બહુ કરગર્યો. પણ જોગી ન માન્યો. જતાં જતાં એટલું કહ્યું કે "આતા માગી લ્યો."

" શું માગું ? તમારી દુવા માગું છું."

" જાવ આતા, મારો કોલ છે. તમારા સેંજળીયા કુળનો કોઇ પણ જણ મારા મરતુક પછી ગિરનાર ઉપર મારી સાત વીરડીએ આવીને શિવરાતને દિ' તંબુરામાં ભજન બોલશે, તો

હું એ વીરડીયુંમાં પાણી રૂપે આવીને તમને મળીશ. વરસ કેવું થાશે તેનો વરતારો કહીશ !"

મુસારાની ફોરીઓ ગામનાં નાનાં છોકરાંને વ્હેંચતો વ્હેંચતો બાળુડો જોગી શેરગઢથી નીકળીને ગિરનારમાં ઉતરી ગયો.

(૩)

**અઘોર નગારાં તારાં વાગે**
**ગરનારી વેલા ! અઘોર નગારાં તારાં વાગે !**

**ભવે રે સરમાં દાતણ રોપ્યાં રે**
**ચોય દસ વડલો બિરાજે—ગરનારી૦**

**ગોમુખી ગંગા, ભીમકુંડ ભરિયા**
**પરચે પાણીડા પોંચાડે—ગરનારી૦**

**ચોસઠ જોગણી બાવન વીર રે**
**હોકાર્યાં મોઢા આગળ હાલે—ગરનારી૦**

**વેલનાથ ચરણે બોલ્યા રામૈયો ધણી**
**ગરનારી ગરવે બિરાજે—ગરનારી૦**

બાર વરસ સુધી એણે ગિરનારને પરકમ્પાઓ દીધા કરી. કંદ મૂળ અને ફળ ફુલ આરોગ્યાં. પછી એ પણ ત્યજી દીધાં. ટુંકે ટુંકે અને ગુફાએ ગુફાએ ઉતારા કર્યા. બાર વરસની તપશ્ચર્યા પૂરી થયે ગિરનારની તળેટીમાં ભવેશ્વર આવી દાતણ કર્યું. દાતણની ચીર કરી એ જમીનમાં રોપી. એ રોપામાંથી વડલો ફાલ્યો. વડલાની લેલુંબ ઘટા પથરાઇ ગઇ. આજ પણ એને વેલા-વડ નામે ઓળખવામાં આવે છે.

તપસ્વી વેલાને કૈં કૈં સિદ્ધિઓ વરવા લાગી. કુદરતના નિયમો ઉપર એને કાબુ મળી ગયો. એને મુખમાંથી જ્ઞાન-વાણી

વહેતી થઇ. પોતાના કોઈ ગિરનારી ગુરૂ યોગી વાઘનાથના નામ પર ભજનો આરંભ્યાં:

બાજી કેમ આવે હાથ
બાજી કેમ આવે હાથ રે
લાગી રે લડાયું કાયા શે'રમાં જી રે!

સમજે વાતું સમજાય
વેદે વાતું વદાય રે!
મૂરખ નરને કયાં જઇ કે'વું રે જી—બાજી૦

હે વીરા!
સાચી [1]વસત હે તારા શે'રમાં રે જી;
દુનિયા અંધી મ થાવ!
દુનિયા ભૂલી મ જાવ રે!
કરો દીપક ને ઘર ઢુંઢીએ રે જી—બાજી૦

હે વીરા!
તરકસ તીરડા ભાથે ભર્યાં રે જી;
થોથાં કાયકું ઉડાડ!
થોથાં કાયકું ઉડાડ રે!
મરઘો ચરે છે તારા વનમાં રે જી—બાજી૦

હે વીરા!
તખત તરવેણીના તીરમાં રે જી,
ધમણ્યું ધમે છે લુવાર
ધમણ્યું ધમે છે લુવાર રે!
નૂર ઝરે ધણીના, શૂરા પીવે જી—બાજી૦

---
૧. વસ્તુ

હે વીરા !

સાતમે ¹સુન મારો શ્યામ વસે જી;
કસ્તૂરી છે ઘરમાં
કસ્તૂરી છે ઘરમાંય રે !
અકળ અવિનાશીનાં રાજ છે રે જી—બાજી૦

હે વીરા !

વાઘનાથ ચરણે વેલો બોલીયા રે જી;
ગુરૂ દરશુંનો દાતાર
ગુરૂ મુગતીનો આધાર રે
અધરમ ઓધારણ ગરૂને ધારવા રે જી.

૪

"અરે ભાઇ, આ ગામમાં કોઇ રાતવાસો રાખે એવું ખોરડું દેખાડશો ?"

"કયાં રેવું ?"

"રહું છું તો આરબની ટીંબલીએ. જાતનો કુંભાર છું. સામે ગામ પળાંસવે વેલા બાપુ પાસે જાતો'તો, ત્યાં તો આંહીં ડેરવાવને સીમાડે જ દિ આથમ્યો."

"હં ! ભગત છો ને? સારૂં ભગત, હાલ્યા જાવ રામ ઢાંગડને ઘેર. ત્યાં તમને ઉતારાનું ઠેપે પડશે."

ડેરવાવ ગામના ફાટી ગયેલા કુકર્મી ખાંટોએ ચોરે બેઠાં બેઠાં આ પુંજા નામના કુંભાર ભગતની મશ્કરી કરવા માટે ક્રૂરમાં ક્રૂર ખાંટ શિકારી રામ ઢાંગડનું ખોરડું બતાવ્યું. ભોળીઓ કુંભાર મુસાફર રામને ખોરડે જઈ ઉતર્યો. પણ ઉતરતાંની વાર જ એને સમજાઇ ગયું કે ખાંટોએ પોતાને ભેખડાવી માર્યો છે !

૧. આકાશ

રામ ઢાંગડના ઘરમાં દેવી માતાની માનતા ચાલી રહી છે: વિકરાળ ડાકણ જેવી કાળીની દેવી-મૂર્તિ પાસે બકરાના ભક્ષ પથરાઇ ગયા છે. નિવેદમાં દારૂના સીસા પણ ધરેલા છે. રામડો કાળી દારૂના કેફમાં ચકચૂર બની અધરાતે પાપાચાર આદરે છે. માણસને ભરખી જાય તેવા અસૂર રૂપ દેખાતા ભૂવા ધૂણી રહ્યા છે. ડાકલાં વાગે છે.

એવામાં રામડાના રંગમાં ભંગ પડયો. એનો જુવાન દીકરો ફાટી પડયો.

એને જીવતો કરવા કપટી ભૂવા ડાકલાં લઇને બેઠા. દેવીને રીઝવવા માટે બીજા કૈંક જીવ ચડાવી દીધા.

સવાર પડયું. નનામી બંધાવા લાગી. પૂંજો ભગત બેઠા બેઠા આ બધું જોઇ રહ્યા છે. જ્યારે રામ ઢાંગડનો મદ ઉતરી ગયો ત્યારે કુંભાર બોલ્યો "ભાઇ! જીવ માર્યે જીવ ઉગરશે? કે જીવ ઉગાર્યે? આટલાં નિરાપરાધીને તમે કાપી નાખ્યાં? ફક્ત એક દીકરાની આવરદાને સ્વારથે?"

"ત્યારે શું કરૂં ભગત? મારો જુવાનજોધ દીકરો જાય છે. માતા ડાકણી કાંઇ હોંકારો દેતી નથી."

"તારો એક દીકરો જાય છે એમાં કેટલાં પશુડાંનાં છોરૂનાં તેં પ્રાણ લીધા છે ભાઇ?"

"હાય! હાય! ભાઇ, એનો હિસાબ જ નથી રહ્યો."

"એ સહુના વિલાપ હવે સમજાય છે?"

"સમજાય છે."

"તો લે ઉપાડ આ કંઠી. આજથી બંદૂક મેલી દે."

"કોની કંઠી?"

"વેલા બાપુની."

રામડે અહિંસાની કંઠી બાંધી. કોણ જાણે કેટલાં યે પશુ પંખીના આશીર્વાદ એકઠા થયા. એટલે દીકરાના ખોળીયામાં પ્રાણ

પાછા આવ્યા. પરબારો રામ પૂંજા ભગત ભેળો ખડખડ પહોંચ્યો. વેલા બાવાને ચરણે હાથ દીધા.

સાદી સીધી વાણીમાં વેલા બાવાએ એક જ વાત સમજાવી કે "ભાઇ! હિંસા કરીશ મા! પ્રભુ જેવો વકીલો મેલીને લોહીના રંગાડા પીનારી દેવીઓના આશરા હવે ગોતીશ મા."

## ૫

આજ પાણીની હેલ્ય ભરીને આવતાં જ રામની વહુએ વાત કરી કે "પાદરમાં જ નદીને સામે કાંઠે એક રોઝડું ચરે છે. પણ અરધું ગામ ધરાય અને પંદર રૂપીઆ ચામડાના ઉપજે એવું જબ્બર ડીલ છે, કોળી! ઝટ બંદૂક લઇને પોગી જા!"

"ના ના! મારાથી હવે બંદૂક ન લેવાય. હું ગરૂજી બાપુને બોલે બંધાણો છું."

"અરે પીટયા! ખાંટ છો? કે વાણીયો બામણ છો? આંહી કયાં તારા ગરૂ જોવા આવતાતા?"

રામ ન માન્યો. ગામ આખું એને ઘેર હલકયું: "એ રામડા! એક વાર બંદૂક ઉપાડ. ફરી નહિ કહીએ. અને તારા ગુરૂને કોઇ વાત નહિ પોગાડે. અને તું રોઝડું તો જો! નજરમાં સમાતું નથી."

રામના અંતર ઉપર હજી પૂણ્યનો પાકો રંગ નહોતો ચડયો પાપમાં મન લપટી પડયું. બંદૂક ઉપાડી. પાદર જઇને જુવે ત્યાં તો સામે જ મોટી કોઇ દેસાણુ ગાય જેવડું રોઝડું ચરે છે. નિરખીને રામના મ્હોંમાં પાણી આવ્યું.

રામડો તો મોતીમાર હતો. એનું નિશાન કોઇ દિવસ ખાલી નહોતું ગયું. એવા ઉડતાં પંખીડાં પાડનારને આ રોઝ બાપડું શી વિસાતમાં હતું!

એક ગોળી છૂટીઃ રોઝને ચોંટી. પણ એ તો જરાક ઠેકીને વળી ચરવા માંડ્યું.

બીજી ગોળી છૂટીઃ ચોંટીઃ પણ રોઝ નથી પડતું. ઠેકીને પાછું ચરે છે.

ત્રીજી : ચોથી : પાંચમી : એમ નવ ચોંટાડી. રોઝ ન પડ્યું. દિવસ આથમી ગયો. અંધારૂં થઇ ગયું. ઘવાએલ રોઝને કાલે સવારમાં જ ખોળી કાઢશું, એમ ધારી સહુ ઘેર ગયા. રામ ડેલીએ જાય ત્યાં ખેપીઓ આવીને વાટ જોતો બેઠો છે.

"રામભાઇ! ગરૂજી બાપુ તેડાવે છે."

"કાં ? કેમ ઓચીંતા ?"

"પંડે પથારીવશ છે. કહ્યું છે કે પાણી પીવા યે રામ ન રોકાય."

બંદૂક હાથમાં જ રહી ગઇ. ઘેર મોકલી દેવાનું ઓસાણ ન ચડ્યું. દોટ દેતો રામ ગુરૂજીની પીડાથી ચિંતાતૂર બની પળાંસવે આવ્યો. પૂછવા મંડ્યોઃ

"કેમ બાપુ! ઓચીંતા પડદે પડવું થયું ?"

"રામ! અજાણ્યો બનીને પૂછછ ભાઇ? નીમ તોડીને નિરપરાધી કાયા ઉપર નવ નવ ગોળીયું ચોડી ભાઇ ? અરેરે તને દયા ન આવી ? આમ તો જો! આ મારા અંગે અંગે ફાંકાં!"

રામે બાવાજીનું શરીર વીંધાયલું દીઠું. નવ ઠેકાણેથી રૂધિર ચાલ્યાં જાય છે.

"અને ભાઇ, લે આ તારી નવે નવ ગોળીઓ."

ગુરૂએ રામની જ બંદૂકની નવે ગોળીઓ ગણીને હાથમાં દીધી.

"બાપુ! તમે હતા ?" ચોંકીને રામે પૂછ્યું.

"બાપ! હું નહિ, પણ મારા, તારા અને તમામના ઘટઘટમાં જે રમી રહ્યો છે એ ઠાકર હતો. અરેરે રામ! વિચારી તો જો! તેં કેને વીંધી નાખ્યો ? ચામડામાં તારૂં મન લોભાણું ?

સન્મુખ છીપર પડી હતી. બંદૂકને તે પર પછાડી રામડે કટકા કર્યા. વેલાના પગ ઝાલીને બેસી ગયો. નેત્રમાંથી નીરની ધારા મંડાઇ ગઇ. ગળું રૂંધાઇ ગયું. શું બોલે ? શબ્દ નીકળે તેમ નહોતું રહ્યું.

૬

"રામ! હવે ઘેરે જા!"

"ઘર તો મારે આ ધરતી માથે નથી રહ્યું બાપુ!"

"અરે જાછ કે નહિ કોળા ? વયો જા, નીકર ચામડું ફાડી નાખીશ." ગુરૂએ આંખો રાતી કરી.

"નહિ જાઉં. નહિ જ જઉં."

"નહિ જા એમ ? એલા શંકરગર ! તલવારથી એના કટકા કરીને ભોંમાં ભંડારી દે એ પાપીઆને. તે વિના એ આંહીંથી નહિ ખસે."

રામડે ગરદન નમાવી.

"ઠીક, શંકરગર ! હમણાં ખમ. એને આપણાં ગોળાનાં પાણી ભરી લેવા દે. પછી એના રાઈ રાઇ જેવડા ટુકડા કરીને આંહી જ દાટી દઇએ."

ગુરૂએ પાણી ભરવાને બ્હાને રામડાને રપૂચક થઇ જવાનો સમય દીધો. એણે માન્યું કે મોતના ડર થકી રામ નાસી છૂટશે. પણ રૂંવે રૂંવે રંગાઈ ગયેલા રામને હવે મોતની બ્હીક ક્યાં રહી હતી ! ઠંડે કલેજે પાણી સીંચીને એણે ગોળા ભર્યા. ભરીને ગુરૂની સન્મુખ આવી મોતની વાટ જોતો બેઠો.

છેલ્લી વાર ગુરૂએ ત્રાડ પાડી "જાછ કે નહિ ?"

"ના બાપુ!"

ગુરૂએ છુરી ખેંચીને છલંગ દીધી. રામને પછાડી, એની છાતી પર ચડી બેઠા. છુરી છાતીમાં જવાની વાર નથી. તો યે રામડો ન થડકયો. એને તો જાણે અંતરમાં અજવાળું થયું. એના કંઠમાંથી આપોઆપ વાણી ફુટી. ગુરૂના ગોઠણુ નીચે ચંપાઇને પડયાં પડયાં, મોતની છુરી મીઠી લાગતી હોય તેવા તોરમાં એણે આપજોડીયું ભજન ઉપાડયું :

જેમ રે [1]ઉંડળમાં વેલે રામને લીધો
પ્રેમના પિયાલા વેલે પાઇ પીધા !
મેરૂ રે શિખરથી પધાર્યા મારો નાથજી
મૃગ સ્વરૂપે આવી ઉભા રે;
રામને ચળવા રૂખડિયો આવ્યા,
પૂરણ ઘા પંડે લીધા—જેમ૦

[2]ગૌહત્યા રે ત્યારે ગરૂ અમને બેડી,
પૂરવ જલમનાં કરમ લાગ્યાં;
ભવસાગરમાં વેલે ભૂલો રે પાડયો,
સમશ્યાની ભેદે વેલે શરણુંમાં લીધા—જેમ૦

મહા દરિયામાં [3]બેડી ડોલવા લાગી,
રૂદિયે ના જોયું મેં જાગી રે;
ભરમ વન્યાના ભાઇ ભરમાજી ભૂલ્યા;
એકલશીંગી ગરૂએ વનમાં લૂંટયા—જેમ૦

કરણીનાં રે મારે કમાડ દેવાણાં,
આંખે અંધારી ગરૂએ અમને દીધી રે;
વેલનાથ ચરણે બોલ્યા રામૈયો,
ખાવંદે ખબર મારી વેલી લીધી રે—જેમ૦

---

૧. બાથમાં ૨. રોઝડાં ગાયની જાત ગણાય છે. ૩. હોડી (જીવનરૂપી)

આંખોમાં શરણાગતીની મીઠાશ છલકી. છતાં ગુરૂ હજુ ઉતરતા નથી. ગુરૂ તો આ કુકર્મીનાં મુખની વાણીમાં ન્હાય છે. એના અચંબાનો તો પાર જ નથી: ત્યાં રામડે ગુરૂના પગ નીચે પડ્યાં પડ્યાં બીજું ભજન ઉપાડયું:

મેં તેરા બંદીવાન

ગરનારી વેલા! મેં તેરા બંદીવાન.

જ્ઞાની ભૂલ્યા, ધ્યાની ભૂલ્યા,

કાજી ભૂલ્યા કુરાન—ગરનારી૦

અમર તંબૂડા ભીંજાવા લાગ્યા,

તંબૂડા જમી અસમાન—ગરનારી૦

સતીએ સત ધરમ છોડયાં,

સૂરે છોડયાં હથીઆર—ગરનારી૦

વેલાને ચરણે બોલ્યા રામૈયો,

ઘરે આયા મારો દીવાન—ગરનારી૦

તો યે ગુરૂ ઉતરતા નથી. રામડાની છાતી ઉપર તો જાણે કમળનું ફુલ પડયું છે! નિરક્ષર રામડાની રસના પર સરસ્વતીએ જાણે કે વીણા લઇને ગાવા માંડયું. કેવો પરમાનંદ એને અંતરે પ્રગટી નીકળ્યો! જાણે ગિરનારનાં તરૂવરો એને રૂંવાડે રૂંવાડે રોપાયાં. જાણે મસ્તક પર ગિરનારનાં શિખરો ખડાં થયાં. લલાટમાં તિલક ખેંચાઇ ગયાં. અંગમાં ગંગા યમુના રેલાઇ. અને નેત્રોમાં ચાંદો સુરજ ઝળેળ્યા :

ગરવાનાં [1]ત્રોવર મારે રોમે રોમે રોપાણાં
[2]શખરૂં રોપાવેલ મારે શિષે જી.

તનડાનાં [3]તલ્લક મારે [4]લેલાડે લખીયાં રે
છાપ ગરનારી કેરી દિસે જી.

કાશી ને પ્રાચી કંડે દામોદર નાઈ રે
નેણલે નરખું રે ગરવો વેલો જી.

નવસો નવાણું નદીયું અંગડે ઉલટીયું રે
ગંગા જમના સરસતી જી.

નવલખ તારા મારી [5]દેહઈમાં દરસાણા રે
ચાંદો સૂરજ નેણે નરખ્યાં જી.

કાયા છે કયારો ને પવન [6]પાણોતીયો ને
ગરનારી સીંચણહારા જી.
સતગરૂ સીંચણહારા જી.

સાંભળી સાંભળીને ગુરૂનું અંતર ઓગળવા લાગ્યું. પાપીની પરીક્ષા પૂરી થઇ ગઇ. છાતી પરથી વેલો નીચો ઉતર્યો. રામને ઉઠાડયો. રામને અંગે લાગેલી રજ ખંખેરવા લાગ્યા.

" રામ ! બેટા આટલી વારમાં ?"

" ગુરૂને પ્રતાપે. "

" તારી શી મરજી છે ?"

" બીજી શી ? તમે મળ્યા પછી બીજી શી મરજી બાકી રહી ? હવે તો નજરથી અળગા ન થાજો ! હે બાળુડા ! સદાય સન્મુખ રેજો ! સન્મુખ જ રાખજો !

૧. તરૂવર ૨. શિખરો ૩. તિલક ૪. લલાટે ૫. દેહ ૬. વાડીમાં પાણી વાળનાર.

કાયાના ઘડનારા મારી એ નજરૂંમાં રે’ ને!
[1]દેઇના માલમી મારી મીટચું’માં રે’ ને!
નજરૂમાં રો રે પંથના નાયક જી!

[2]આ રે મારગડે આવતાં ને જાતાં
લખ ચોરાસીના ઓડા જી;
બાળુડો મળે તો દેઇનાં દાણ રે ચૂકવીએ
જીવને છોડાવે જમ લઈ જાતાં જી!

બાંધી અંધારી જીવને એણી પેરે લોઢે,
સતગરૂ વન્યા એ કોણ છોડે જી!
બાળુડા વન્યા એ કોણ છોડે જી!

ધુમના ધણી તારી બેડલી સવાઈ
પાંચ ઋષિની બેડી બૂડી જી.
[3]નરભેનાં નાંગળ નાખો હે ગરનારી વેલા!
સતની બેડીનાં સત પૂરો જી.

બાળ કારણીએ બિલ્લી હોળીમાં હોમાણા
અગનીમાંથી લઇ ઉગાર્યા જી.
હરચંદ કારણીએ નીર જ ભરિયાં
એક નરે રે ત્રણ ઓધાર્યા જી.

પાંડવું કારણીએ લીધા દશ અવતાર
[4]પીયાડે પડતા ઓધાર્યા જી.

---

૧. હે મારી દેહ–નૌકાના નાવિક! તમે મારી નજરમાં રહેજો!

૨. દેહ–નૌકાને લઇ આ રસ્તે આવતાં લક્ષ ચોરાસીની ચોકીઓ આડી આવે છે. જમડારૂપી ચોકીદારોને દાણ ચૂકવવાનું તમે આવો તો જ બની શકે.

૩. ‘નિર્ભયતા’ નાં લંગર નાખીને મારી દેહ–નૌકાને બચાવો.

૪. પાતાળે (નરકમાં)

વેલનાથ ચરણે બોલ્યા રે રામૈયો
સતના મારગ સામાં ડગલાં જી.

તે દિવસથી રામડો મસ્તીમાં આવી ગયો. ભક્તિના અજર પ્યાલા એણે પચાવી લીધા. નિરંતર એના મ્હોંમાંથી મસ્તીનાં પદ રેલવા લાગ્યાં:

કાચી કેણે ઘડેલ મોરી કયા રે !
[1]ઘટડામાં [2]લોવા, ઘટડામાં એરણ,
ઘટડામાં ઘાટ ઘડાયા રે–કાચી૦

ઘટડામાં ચાંદો, ઘટડામાં સૂરજ,
ઘટડામાં નવ લખ તારા રે–કાચી૦

ઘટડામાં વાડી, ઘટડામાં માલણ
ઘટડામાં સીંચણહારા રે–કાચી૦

ઘટડામાં તાળાં, ઘટડામાં કુંચીયું
ઘટડામાં ખોલણહારા રે–કાચી૦

વેલનાથ ચરણે બોલ્યા રામૈયો ગુરૂ
ઈ રે શબદ છે સાચા રે–કાચી૦

જાણે ગુરૂની પ્રેરણા એને રોમે રોમે રમતી થઇ ગઇ:

આજ મારી કાયાનો ઘડનાર
આજ મારી રોમરાનો રમનાર
મળીયલ મને માતા રે મીણલનો ભરથાર.
નવ નવ ખંડમાં રે [3]નામચા તમારી બાપુ !
સૂબા નમે છડીદાર–મળીયલ૦

૧. હૃદયમાં ૨. લોઢું ૩. નામના

વેલા–વડ હેઠે બેસણું તમારાં બાવા
[1]સખરૂં તણો સરદાર–મળીયલ૦

ભૈરવ–જપ હેઠે ભોંયરાં તમારાં રે બાપુ !
ગરવો તમારો ગરાસ –મળીયલ૦

દામો–કુંડ તમારાં નાવણું રે બાપુ !
ભવેશર સરખી બજાર–મળીયલ૦

વેલનાથ ચરણે બોલ્યા રામૈયો, બાપુ !
આતમ તણા હે ઓધાર–મળીયલ૦

ગુરૂને એણે ભૈરવ–જપના પહાડ પર રમનારો કહી બિરદાવ્યો. પાતાળમાં વાસુકી સાથે ખેલનાર કૃષ્ણાવતાર કહ્યો :

ગિરનારી ભેરવનો રમનારો !
ગિરનારી વાસંગીનો રમનારો !

અદ્ધર તખત ને અમર ગાદી
ગગન મંડળ દરસાણો રે–ગિરનારી૦

[2]સરભંગીના ખેલ કોઇને નાવે કળ્યામાં
વેલો રમે ચોધારો રે–ગિરનારી૦

જળમાં પેસીને કાળી નાગને નાથ્યો રે
બાંધ્યો કમળ કેરો ભારો રે–ગિરનારી૦

ચારે તે ખેલ બાવે મૂઠીમાં રાખ્યા
રમે બાવનસું બાળો રે–ગિરનારી૦

વેલનાથ ચરણે બોલ્યા રામૈયો ધણી
તેજમાં તેજ સમાણો રે–ગિરનારી૦

---

૧. શિખરો. ૨. સર્વ પંથનો.

બેઠલ [1]બોરીયામાં આવી
ગરનારી! બેઠલ બોરીયામાં આવી.

આપે તે રૂપ જાણી રોઝનું લીધું,
રામડાની બંદૂક ભંગાણી—ગરનારી૦

શાદૂળા સિંહને તમે વશ રે કીધો
ઉપર વાળી અસવારી—ગરનારી૦

[2]ધુંધળીમલે ધંધ જગાડયો ધણી
પાટણ નાખ્યાં રે પલટાવી—ગરનારી૦

ભવેશ્વરમાં દાતણ વાવ્યાં ગરૂ
શોભા વાવેલ બહુ સારી—ગરનારી૦

ભેરવ જપ હેઠે આપ બીરાજેલ
સોનમેં સમાતું બંધાવી—ગરનારી૦

વેલનાથ ચરણે બોલ્યા રામૈયો ધણી
શિખરૂમાં સૂરતા ઠેરાણી—ગરનારી૦

રામને સૂઝી ગયું કે આ ગુરૂ કોઇ અસલી સમયના ગેબી સિદ્ધ છેઃ રોગીના રોગ ટાળે છે. પોતાના સાત વીરડામાં પુણ્ય ગંગા વહાવે છે. ને કશા નૈવેદ્યના કામી નથી; કેવળ ભાવના જ ભોગી છેઃ

આ તો છે આગુનો ગેબી, એ જૂનો છે જોગી.
એ બાવા! આબુ રે શિખરનું બેસણું
સધ ચોરાસીમાં વાસ,

૧. 'બોરીયો' નામે ગિરનારનો ગાળો છે.
૨. પ્રેહપાટણ (ઢાંક) ને 'પટ્ટણ સો દટ્ટણ' કરનાર મનાતા કાળી સંત ધુંધળીનાથના અવતાર તરીકે વેલો મનાય છે.

નતનાં રોગીલાં વેલાને પાયે પડે
દરદી આવે રે દુવાર—આ તો૦

એ વાલા! અકળ અવિનાશી સામા મળિયા
દલમાં [1]લે લાગી;
[2]ગપત ગંગા ગરૂને વીરડે રે આવે
વેલો ભાવ રે તણુ ભોગી—આ તો૦

એ વેલા! શૂરા હોય તે સન્મુખ લડે
કાયર જાય ભાગી;
*આવાગમણુ‌ં મારો વેલો નાથ ટાળે
પડતી મેલો પોથી—આ તો૦

એ વાલા! સમજી સમજી ધારણુ‌ં એ બાંધો
એનો ગરથ લીયોને ગોતી;
વેલનાથ ચરણે રામ બાવો બોલીયા
ઉગાર્યો+લોધી—આ તો૦

પોતાના જીવતરને આંગણે જાણે બાળુડો જોગી નવ નવે રૂપે પધાર્યાઃ રામ આનંદમાં નાચી ઉઠયોઃ

બાળૂડો પધાર્યા રે બાઈયુ‌ં મારે આંગણે હો જી!
આજ મારે હૈયે હરખ ન માય
આજ મારે અંગડે ઉલટ ન માય—બાળૂડો૦

પગે ને પીરોજી રે ગરનારીને મોજડી હો જી!
હાલે છે કાંઇ ચટકતી રૂડી ચાલ—બાળૂડો૦

કેડયે ને કંટારાં રે ગરનારીને વાંકડાં રે જી
ગળે છે કાંઇ ગેંડા તણી રે રૂડી ઢાલ—બાળૂડો૦

---

૧. લગની ૨. ગુપ્ત ગંગા * સંસારમાં ફરી આવાગમન. + શિકારી.

બાંયે ને બાજુબંધ રે ગરનારીને બેરખા રે જી !
હાથે છે કાંઇ દસે આંગળીએ વેઢ—બાળૂડા૦
માથે ને મેવાડાં રે ગરનારીને મોળીયાં રે જી !
ખંભે છે કાંઇ ખાંતીલા રૂડા ખેસ—બાળૂડા૦
વેલાનો આ ચેલો રે રામ બાવો બોલીઆ રે જી !
ધણી મારા ! ઓળે આવ્યાને ઉગાર—બાળૂડા૦

૭

ગિરનારના શિખરોમાં કોઇ સાધુએ શબ્દ સંભળાવ્યો કે "જય વેલનાથ ! જય ગરનારી વેલનાથ !"

જોગીઓની જમાત 'જય વેલનાથ !' શબ્દનો આહાલેક સાંભળીને ઉશ્કેરાઇ ઉઠી. બોલનારને ઝાલ્યો: પૂછ્યું "આ ગર-વાના ટુંક પર કોનો જય ગાઓ છો ?"

"ગરનારી વેલનાથનો."

"વેલનાથ કોણ ? નવ નાથમાં દસમો કયારે ઉમેરાણો :"

"કોળીને દેહે, ઘરસંસારીને રૂપે, જુનાગઢને કાળવે દરવાજે વલનાથ વસે છે."

કોળીનો દેહ : ઘરસંસારી : અને વસ્તીમાં વાસ : એટલું સાંભળીને ગુરૂ દત્તના શિખર પર રોષની ઝાળો પ્રગટ થઇ. આજ્ઞા થઇ કે "જાઓ ખાખીઓ ! એની પરીક્ષા કરો.'નાથ'નો દાવો જૂઠો હોય તો ચીપીઆ લગાવીને આંહી હાજર કરો !,'

જમદૂત જેવા ખાખીઓ છૂટયા. કાળવે દરવાજે સોનરખ નદીને કિનારે વેલો બાવો ઘરબારીને વેશે રહે છે. ઘરમાં બે સ્ત્રીઓ છે. સંસારીનો ધર્મ સાચવીને રહે છે. જળમાં પોયણા જેવું એનું નિર્લેપ જીવતર છે.

ખાખીઓએ જઇને ધમકી માંડી : તું વેલનાથ ? તું ઓરનો ભોગવનારો નવ નાથની કોટિએ પહોંચી ગયો ? તું તો દુનિયાને છેતરી રહ્યો છે."

"અરે ભાઇ!" વેલો બોલ્યો. "હું કાંઇ નથી જાણતો. હું તો નાથે ય નથી, નાથના પગની રજમાત્ર પણ નથી. હું મારાથી થાય તેવી પ્રભુની ટેલ કરૂં છું. મને શીદ સંતાપો છો ?"

"નાહ, તું ઢોંગી છે, ચાલ તને ગુરૂ દત્ત બોલાવે છે."

વેલો ચાલ્યો. પાછળ ઓછાયા શી બે અર્ધાંગનાઓ પણ ચાલી. ખાખીઓ વેલાને ચીપીઆ ચોડતા આવે છે. બન્ને સ્ત્રીઓ આડા દેહ દેતી આવે છે.

કહેવાય છે કે ગિરનાર–દરવાજે એક વાણીઆના જુવાન પુત્રનું શબ નીકળ્યું. વેલા બાવાએ એના ખોળીઆમાં જીવ પાછો આણ્યો. અને પછી પોતાને વસ્તી સંતાપી સંતાપી તપસ્વી–જીવનમાં ભંગ પાડશે એમ બ્હીક લાગવાથી બાવાજી ભાગી નીકળ્યા. આગળ પોતે, પાછળ બન્ને સ્ત્રીઓ, ચીપીઆ-વાળા ખાખી બાવાઓ અને ડાહ્યુ વાણીયાનું ટોળું : એમ દોટાદોટ થઇ રહી. જગત પોતાને આમ સદાય સંતાપ્યા કરે એ કરતાં જમીનમાં સમાઇ જવાનું જોગીએ પસંદ કર્યું. દોડીને એણે ગિરનારનાં શિખરની દિશા સાંધી. ભેરવ–જપના ઉંચા અને ભયંકર ટુંક પાસે એને માટે ધરતી માતાએ મારગ કર્યો. પોતે એમાં જીવતા સમાણા. પાછળ મીણલ મા પણ ઉતરી ગયાં. ત્યાં શિલાનું ઢાંકણ દેવાઇ ગયું. બહાર જસો મા એકલાં જરા છેટાં રહી ગયાં. પોતાના નાથને ગોતવા લાગ્યાં :

"બાવાજી ! ક્યાં છો ! ક્યાં સંતાણા !"

એવા પોકાર કર્યો. ત્યાં તો શિલાની ચીરાડમાંથી બહાર રહી ગયેલો મીણલમાની ચુંદડીનો છેડો એણે દીઠો. શિલા ઉપર બેસીને એણે કલ્પાંતનું ભજન આદર્યું :

[1]અમસું ગરનારી !
અંતર કર્યો વાલે !
અંતર કર્યો રે !
પડદા–પોસંગી વેલો રમવા ગીયો.

એ....રમવા ગીયો રે
ખાવંદ જાતો રીયો રે !
ભોળવીને ભૂલવાડી ગીયો–અમસું૦

[2]હો....સગડ હોય તો ધણીના
સગડ કઢાવું રે
સગડ કઢાવું રે
ત્રણે ભુવનમાંથી બાળૂડાને લાવું–અમસું૦

[3]હો....થડ રે વાઢીને ધણી
પીછાં દઈ ગીયો રે
પીછાં દઈ ગીયો રે
રસ પવનમાં ગેબી રમવા ગીયો–અમસું૦

હો....મથણાં મથી
દીનાનાથને બોલાવું રે
નાથને બોલાવું રે
ત્રણે ભુવનમાંથી બાલૂડાને લાવું–અમસું૦

૧. હે ગિરનારી ! તમે મારી સાથે અંતરાય પાડી. પરદે–પોશ વેલો બાવો રમવા ચાલ્યો ગયો. મને ભોળવીને ભૂલથાપ દઈ ગયો.

૨. પૃથ્વી પર એનાં પગલાં પડયાં હોય, તો તો હું એનું પગેરૂં કઢાવીને ત્રણે લોકમાથી એને શોધી કાઢું. પરંતુ એ તો અદૃશ્ય થઈ ગયો.

૩. જાણે કે ઝાડનું થડ વાઢીને મારા હાથમાં પાંદડાં દઇ ગયો. એ ગેબી ગુરૂ ગેબમાં રમવા ગયા.

*હો....જ્ઞાનની ગોળી ને
પરમનો રવાયો રે
મેરૂનો રવાયો રે
નખ શિખ નેતરાં લઉં તાણી—અમસું૦

હો....વેલનાથ ચરણે
બોલ્યાં રે જસો મા
બોલ્યાં રે જસો મા
અખંડ ચૂડો મારે વેલનાથ ધણી—અમસું૦

આખરે શિલા ફરી વાર ઉઘડી. અને સતી અંદર સમાણાં.

રાત પડી: અધરાત ભાંગી: કહે છે કે વેલનાથ બહાર નીકળ્યા. સન્મુખ જ ભૈરવ-જપનું આભ-અડતું સીધું કાળું શિખર ઉભું હતું. એથી યે ઉપર ગેબમાં તારલા ટમટમતા હતા. જાણે અમરધામના દીવડા દેખાતા હતા.

એ સીધા શિખર પર બાવોજી એમ ને એમ ચડયા. ભાંગતી કાળીઘોર અબોલ રાતે ખડાંગ! ખડાંગ! ખડાંગ! એમ બાવાજીની ખડાઓ (ચાખડીઓ) બોલતી ગઇ, અને ચીકણા ગારામાં પગલાં પડે તેમ એ કાળમીંઢ પત્થરમાં ખડાઓનાં પગલાં પડતાં ગયાં. આવી લોક-કલ્પના છે.

જોગીરાજ ભેરવનાં ટુંક ઉપર દરશાણો: કેવો દરશાણો? જાણે એનાં પગલાંના ભારથી ગિરનાર કડાકા લેવા લાગ્યો: કવિ કહે કે "ઓ અબધૂત! ધીરે ધીરે પગલાં માંડ. નહિ તો ગરવો [ગિરનાર] ખડેડી પડશે:

વેલા બાવા તું હળવો હળવો હાલ્ય જો!
ગરવાને માથે રે રૂખડીઓ ઝળંબીયો.

* જ્ઞાનની

જેમ ઝળુંબે મોરલી માથે નાગ જો.
(એમ) ગરવાને માથે રે રૂખડીયો ઝળુંબીયો.

જેમ ઝળુંબે કૂવાને માથે કોસ જો.
(એમ) ગરવાને માથે રે રૂખડીયો ઝળુંબીયો.

જેમ ઝળુંબે બેટાને માથે બાપ જો,
(એમ) ગરવાને માથે રે રૂખડીયો ઝળુંબીયો.

જેમ ઝળુંબે નરને માથે નાર જો,
(એમ) ગરવાને માથે રે રૂખડીયો ઝળુંબીયો.

જેમ ઝળુંબે ધરતીને માથે આભ જો,
(એમ) ગરવાને માથે રે રૂખડીયો ઝળુંબીયો.

૮

રામૈયાને ખબર પડી કે ગુરૂ તો ભૈરવ-જપ પર રમવા ગયો. વિરહઘેલડી કોઇ અબળાની માફક એ પોતાના 'ગરવા દેવ'ને ગોતવા લાગ્યો. કોઇ ભોમૈયો ! કોઇ મારગ બતાવે ! એવા સાદ દેતો એ ગિરનારમાં ભમે છેઃ

કોઇને ભોમૈયો રે બેની ! ગરવા દેવનો રે જી !
બેની ! અમને ભૂલ્યાં વતાવો ·વાટ–કોઇને૦

કેટલી તે ખડકી રે,
કેટલાં પરનાળ જડયાં રે જી,
જડયા તે જડયાં કોઇ
તાળાં કુંચી ને કમાડ–કોઇને૦

સમદર ને હાં જોયાં રે
ઘણાં જોયાં સાયરાં રે જી !

જોયાં તે જોયાં કાંઇ
ઉંડેરાં નીર અપાર–કોઇને૦

ચોરા ને આ જોયાં રે
ઘણાં જોયાં ચોવટાં રે જી !
જોઇ તે જોઇ કાંઇ
અવળી બવળી બજાર–કોઇને૦

મંદિર ને આ જોયાં રે
જોયાં બીજાં માળીયાં રે જી !
જોયા તે જોયા કાંઇ
ઉંચેરા મોલ અપાર–કોઇને૦

વેલાનો આ ચેલો રે
રામો બાવો બોલીયા રે જી
ધણી મારા !
ઓળે આવ્યાને ઉગાર–કોઇને૦

ઘણો ઘણો શોધ્યો. પણ ક્યાંયે ભાળ નથી મળતી. એના વિલાપ ચાલુ જ રહ્યા :

વનરામાં વાયા મારે વાય
બાળુડા ! વનરામાં વાયા મારે વાય છે;
હો....અમે કેના લેશું રે હવે ઓથ
ગરનારી ! કયે રે એંધાણે આવ્યા ઓળખું !
[1]દયા [2]ઠાકરશી ભેળા લાવ્ય
બાળુડા ! દયા ઠાકરશી ભેળા લાવ્ય રે !
હો ભેળા માતા [3]મીણલ ને [4]મુંજલ હોય
ગરનારી ! એવે એંધાણે આવ્યા ઓળખો–વનરામાં૦

૧. ૨. વેલાના દીકરા. ૩. ૪. એની સ્ત્રીઓ

આગુના અગવા લાગ્ય
બાળુડા ! આગુના અગવા લાગ્ય રે;
હો તારાં ભગવાં નિશાણુ ભેળાં લાગ્ય
ગરનારી ! એવે એંધાણે આવ્યા ઓળખો—વનરામાં૦

ગરવાહુંદાં યે તારાં ગામ
બાળુડા ! ગરવાહુંદાં યે તારાં ગામ રે;
હો તારો થાને ને થોકે વાસ
ગરનારી ! ઇ રે એંધાણે આવ્યા ઓળખો—વનરામાં૦

વેલાનો ચેલો રામ ગાય
બાળુડા ! વેલાનો ચેલો રામ ગાય છે;
હો ધણી ! શરણે આવ્યાને ઉગાર
ગરનારી ! ઇ રે એંધાણે આવ્યા ઓળખો !

કલ્પનાના વિહાર છોડીને થોડીવાર રામૈયો જાણે કે જીવનના તત્ત્વજ્ઞાન ઉપર ઉતરે છે. કાયા રૂપી શહેરનો વેપાર કરતાં જાણે કે પોતાને આવડતું નથી. મનુષ્યાવતાર જેવી મહામૂલી વસ્તુ મોહ રૂપી રેતીમાં વેરાઇ જાય છે :

દયા રે કરો ને ગરૂ મેરૂં કરો
મારા રૂદયા હે ભીતર જાણો વેલા ધણી !

મનખા જેવડું મહા પદારથ
વેળુમાં રે વેરાણું વેલા રે ધણી !

ચારે કોરથી વેપારી આવ્યા
(ઇ તો) વેપાર કરી નવ જાણે વેલા ધણી !

આ રે શે'રમાં બડી બડી વસ્તુ
ગાંઠે ન મળે નાણું વેલા ધણી !

ચારે કોરથી સળગાવી દેશે
(ઇ તો) સઘળું શે'ર લૂંટાણું વેલા ધણી

વેલનાથ ચરણે બોલ્યા રામૈયો
ઓળે આવ્યાને ઉગારો વેલા ધણી !

હે ગિરનારના વાઘેલા ! ઓ વાઘનાથના શિષ્ય ! તમે વહેલા આવજો ! હું તો પાપી જ છું. મારામાં પલટો આવે તેવું નથી. પણ તમે આવીને મારી પ્રકૃતિ ફેરવો !

ગરવાના વેઘેલ,
વાઘનાથના પરમોહેલ રે !
હાકે વેલા આવજો રે !

અગનિના અંગારા રે
આ અગનિના અંગારા રે
ઘીમાં લઇને ઘુંટીયા રે જી !
કોયલા કાંઇ કેદિ ન ઉજળા હોય–ગરવાના૦

દૂધે ને વળી દહીંએ રે (૨)
સીંચ્યો કડવો લીંબડો રે જી !
લીંબડીઓ કાંઈ કેદિ ન મીઠડો થાય–ગરવાના૦

ખીરૂં ને વળી ખાંડું રે (૨)
પાયેલ [1]વશીયલ નાગને રે જી !
નાગણીસું કાંઇ કેદિ ન [2]નિરવિષ થાય–ગરવાના૦

૧ વિષભર્યો. ૨ વિષ વિનાની

વેલાને તો ચરણે રે
સરભંગીને ચરણે રે
રામો બાવો બોલીયા રે જી !
લેજો લેજો સેવક તણી રે સંભાળ–ગરવાના૦

નાનાં બાળને રમાડી રીઝાવીને કેમ જાણે ઓચીંતી માતા ચાલી નીકળી હોય ! એવી લાગણીથી રામ રડે છે :

સેજું પલંગ માથે પોઢતાં
બાળૂડા ! સેજું પલંગ માથે પોઢતાં;
એવાં પથરે પોઢાડયાં નાનાં બાળ ગીરનારી !

મારી વસમી વેળાના !
મારી દોયલી વેળાના ગીરનારી !

ભૂખ તરસ ઘણી ભોગવી
બાળૂડા! ભૂખ તરસ ઘણી ભોગવી;
મેં તો ઘણા ભોગવ્યા અપવાસ ગીરનારી !

અમર પીયાલા તારા હાથમાં
બાળૂડા ! અમર પીયાલા તારા હાથમાં;
આજ વિષની ઝોળી શીદ પાવ ગીરનારી !

અમર વેલો જ્યારે આવશે
બાળૂડા ! અમર વેલો જ્યારે આવશે;
એવાં પીંગલે પોઢાડે નાનાં બાળ ગીરનારી !

વેલાને ચરણે બોલ્યા રામ
બાળૂડા ! વેલાને ચરણે બોલ્યા રામ છે;
આજ પડિયાં છે મારે તારાં કામ ગીરનારી !

મારી વસમી વેળાના !
મારી દોયલી વેળાના ગીરનારી !

હે ગુરૂ ! તું તો મારી રોમરાઇમાં રમી રહ્યો છે. તું તો મુજ સ્વરૂપી ખોખરી છીપનું સાચું મોતી છે. તું તો મારી જીવન–નગરીનો અશ્વારોહી ચોકીદાર છે, મહાજન વેપારી છે. તું વિના આ જીવન રઝળી પડયું છેઃ

હાલો મારી રોમરાના રમનારા
બાપુ ! મારી કાયાનાં ઘડનારા રે
ગીરનારી વેલૈયો છે.

એવા ચાર ચાર મતવાલા રે
બાળપણુમાં ભોગવ્યા હો જી !

મારી નાટુકલી નગરીમાં રે
ગીરનારી ઘોડો ફેરવે હોજી !–હાલો૦

એવા ચાર ચાર મતવાલા રે
જુવાનીમાં ભોગવ્યા હો જી !

હાલો મારી ખોખરી છીપના મોતી રે !
મોતી હજી નાવીયા હો જી–હાલો૦

એવા એવા ચાર મતવાલા રે
બુઢાપણુમાં ભોગવ્યા હો જી.

હાલો મારી નાટુકલી નગરીના
માજન હવે ઉછળ્યા હો જી–હાલો૦

ગુરૂ વેલાનો ચેલો રે
રામો બાવો બોલીયા હોજી !
અરે દાદા ! અમે સેવક ને તમે મારા રામ
રામ ! વેલા આવજો હો જી—હાલો૦

પછી તો રામે ભયાનક સમયનાં આગમ સંભળાવવા માંડયાં. પણ એમાં કાંઇ સ્પષ્ટ વાત નથી:

લીલૂડાં રે વન ગરવા તણાં એ જી
હે વેલા ! તળીએ તમારો વાંસ હાં !
પીર રે [1]પછમ કેરો રાજીયો રે જી !

દળમાં જોઉં રે ગરનારી તારી વાટ હાં !
અવચળ જોઉં રે વેલૈયા તારી વાટ હા–પીર રે૦

[2]ઓતર થકી રે દળ આવશે હો જી
ગઢ ઢેલડી મેલાણુ હાં–પીર રે૦

કાષ્ટના ઘોડા જ્યારે ઘોડશે રે જી
ગઢ જૂનાની બજાર હાં–પીર રે૦

[3]હરણાં હાટડીયુંમાં બેસશે એ જી,
એનાં માજન કરશે મૂલ હાં–પીર રે૦

દળમાં જોઉં રે નેજાળા ! તારી વાટ હાં !
અવચળ જોઉં રે ગરનારી ! તારી વાટ હાં !
પીર રે૦

૧. પશ્ચિમ ૨. ઉત્તરેથી સૈન્ય આવશે ને દિલ્હીને ગઢે મુકામ કરશે ૩. 'હરણાં હાટડીયુંમાં બેસશે'=ગામ ઉજ્જડ થશે (લોકોક્તિ).

ભેળી ભવાની ગઢ ભેળશે રે જી,
તારી વસતુ સંભાળ મોરા વીર હાં–પીર રે૦

ભીડયું પડે ને ગુરૂ સાંભરે જી,
અરે વેલો આવ્યા વાર બે વાર હાં–પીર રે૦

વેલનાથ ચરણે રામો બોલીયા રે જી,
અરે બાળૂડો મળીયા અંગો રે અંગ હાં–
પીર રે૦

છેવટે રામૈયાએ બીજું આગમ ભાખ્યું: જાણે પશ્ચિમ દિશામાંથી કોઇ અવતારી પુરૂષ આવશે અને દિલ્હી (ઢેલડી) ગઢ પર ઉતારા કરશે. તે કાળે મહાયોદ્ધા જાગશે: ગિરનાર ધણેણશે:

ગરવો ધણેણ્યો વાજાં વાગશે હો જી.

વાગે અનહદ તૂર
વાગે ત્રાંબાળુ તૂર રે
ગરવો ધણેણ્યો વાજાં વાગશે હો જી.

સતીયું સંદેશા તમને મોકલે રે જી;
વેલા! સૂતા હો તો જાગ!
ઓલીયા! સૂતા હો તો જાગ રે
એવા એવા સૂતા નરને જગાડજો હો જી!

ગરવે નેજા ઝળેળ્યા
ગરવે નેજા ઝળેળ્યા રે
આવ્યા ૧કળુને હવે ઓળખો રે જી!

૧. કલિયુગ

પછમ દશાએ સાથબો આવશે એ જી
ગરવે [1]હુકાળ્યું મચાવે
ગરવે હુકાળ્યું મચાવે રે
તેર તેર મણના [2]તીરડા ચાલશે એ જી !

મણ ત્રીસની કમાન
મણ ત્રીસની કમાન
એવા એવા જોધા દળમાં જાગશે એ જી !

ગઢ ગરવેથી ગેબી જાગશે એ જી
ગઢ ઢેલડીએ મેલાણુ
ગઢ ઢેલડીએ મેલાણુ
જો જો રે તમાશા રવિ ઉગતે એ જી !

એક એક નર સૂતો ગઢની પ્રોળમાં એ જી !
જાણે [3]નવહથો જોધ
જાણે નવહથો જોધ રે
એવા એવા સૂતા નરને જગાડજો એ જી !

તખત તરવેણીના તીરમાં એ જી
ધમણ્યું ધમે છે લૂવાર
ધમણ્યું ધમે છે લૂવાર રે
અવચળ અવિનાશી એનાં રાજ છે રે જી !

વેલનાથ ચરણે રામ બોલીયા રે જી
જુગ પંચોરો આવે
જુગ પંચોરો આવે
જુગના પતિ હવે જાગજો એ જી !

૧. હાહાકાર ૨. તીર ૩. નવ હાથ ઉંચો.

વેલાને ચરણે રામો બોલીયા રે જી
ગુરૂ દરસુંનો દાતાર
ગુરૂ મુગતીનો આધાર રે
જુગના સ્વામી રે હવે જાગજો એ જી !

પોતે જાણે ગુરૂજીના ધર્મ–સૈન્યનો શૂરો લડવૈયો બન્યો છેઃ

નેજા રે ઝળક્યા ગરૂના નામના
ગગને ગડેડયાં નિશાણ;
સૂરા સામા રણવટ સાંચર્યા
ઉગંતે રવિ ભાણ;
વીરા મારા ! કાયરના રણમાં કેમ રહીએ,
કરીએ સૂરાના રણમાં સંગ્રામ !

ચલગત પેરી મારા શામની રે
રથ સધનાં રે રેણુ;
રેણુ ઉતારી રાણે રાજીએ
એનાં અવચળ વંકડાં વેણુ–વીરા મારા૦

ઓથારી નર ઉઠિયા એનાં
ઉંઘ ભેળી રે ઉંઘ;
મનડાં માયામાં એનાં મોહી રીયાં
ભલી એની ખીડાણી બુંબ–વીરા મારા૦

માનવી જાણે નર મરી ગયા
એણે અમર ધર્યો અવતાર;
નૂરી જનનાં રે ગામ હોશે
રઘુપુરી માંહે વાસ–વીરા મારા૦

અમરાપુરીનો ગઢ ભેળતાં
 સહુને હોશે હાણુ;
મોટા મુનિવરે મન જીતીયાં
 જીત્યાં અમરાપુરીના ધામ–વીરા મારા૦

અલખ નરને કોણે ન લખ્યો
 અણુલખ્યો અવતાર;
[1]ટાંક લઈને કોણે ન તોળ્યો
 અણુતોળ્યો એનો ભાર–વીરા મારા૦

આ કળજુગને કૂડીએ
 પેરી બગાડયો ભેખ;
આંધળે વાટું પકડીયું ને
 દીઠા વણુનો રે દેશ–વીરા મારા૦

[2]નીર નવાણે ને ધરમ ઠેકાણે
 વાવળીયા વહી જાય;
વેલનાથ–ચરણે રામ બોલ્યા
 સતે સત રે થપાય–વીરા મારા૦

પોતાના ગુરૂજીનો મહિમા ગાય છે. ગુરૂને પ્રભુપદ આપી દે છે. પ્રભુ ને ગુરૂ એકાકાર થઇ જતા દેખાય છે. પોતે જાણે પોઢેલી સુંદરી છે ને ગુરૂ રૂપી સાયબો દુશ્મનોને કાપવા માટે અખંડ જાગૃત રહી એની રક્ષા કરે છેઃ

---

૧ તોલાં ત્રાજવાં

૨ 'નીર નવાણે ને ધરમ ઠેકાણે' એ કહેવત થઇ પડેલ છે. ભાવ એ છે કે હવે તો ધર્મ કોઇ કોઇ ઠેકાણે જ રહ્યો છે,

એવા રમતીયાળ ગરૂજી હમારા
  આકાશી [3]પિયાળ ચૌદ લોકમાં રમી રીયા જી !

જરાક પાણી બાળા પરષોતમના હાથમાં
એવાં સાત સમદર ને આકાશીનાં નીર
  ગરનારીની તુંબડીને તળે સમાણું જી–એવા૦
  બાળુડાની તુંબડીને તળે સમાણું જી–એવા૦

સંસારીનાં સોગઠાં બાળુડાના હાથમાં
  એવા દાવ ખેલે છે ગીરનારી વેલનાથ–એવા૦

હું રે સૂતી મારો સાયબો જાગે જી
  એવા વેરી દશમનને કાપેવા........હા–એવા૦

ઓહંગ સોહંગ મારો સત ગરૂ જાણે
  કાળે વરી દુશ્મનની વાટ–એવા૦

સરગની નિશાણી સાયબો કેને રે બતાવે
  ત્રણે ભવનનાં તાળાં તમારે હાથ–એવા૦

ગતિ ને મતિ મારા ગરૂજીની ગાંઠે જી
  ગરૂજીના ગુંજામાં છે ગરનાર હાં–એવા૦

વેલનાથ ચરણે બોલ્યા રામૈયા
  દાસ રે રામયાને ચરણોમાં રાખ–એવા૦

---

૩ પાતાળ

ઓળંબજો રે કોઇ ઓળખાવજો !
બાળા જોગીને કોઇ બોલાવજો !

આ કળજુગની દોરી વેલે લીધી હાથ
દોરીમાં બોલે દીનોનાથ.

મેરૂ શિખર ને ગગન ધામ
તીયાં વસે છે વેલૈયો નાથ.

દીઠી કરી અણદીઠી નવ થાય
ઇ રે કાયાનો ગઢ કેમ લેવાય !

અવળી ગુલાંટે જે નર જાય
ઇ કાયાનો ગઢ એમ જીતાય.

વેલા તે સોટે પૂગ્યા રામ
જ્યાં હતા ધણીના વિશરામ.

ધરમધણી બાવે સાખીઆ પૂર્યા
તે દિ' વેલૈયો ચતરાયા થીયા.

વેલાને ચરણે બોલ્યા રામ
તમારી સરીખાં મારે કામ.

ગિરનારી વેલાના ઉતારા કોઇ 'સમદર બેટ'માં હોવાનું રામૈયે ગાયું. કયો એ બેટ, તેની ખબર પડતી નથી. પણ રામૈયો મસ્તીએ ચડયો. એની સન્મુખ ગુરૂજીનું સુંદર તપસ્વી સ્વરૂપ રમવા લાગ્યું:

ગરનારીના ઉતારા રે
ભાઇ ! વેલાના ઉતારા રે
સમદર બેટમાં રે જી !

ટાઢા એવા ટુકડા રે બાલુડાને જમવા રે જી;
જો જો એની જમ્યા તણી ચતુરાઇ—ગરનારીના૦

ફાટલ એવાં વસ્તર રે બાળુડાને પેરવા રે જી;
જો જો એની પેર્યા તણી ચતુરાઈ—ગરનારીના૦

સૂળીને તો માથે રે બાળુડાના સાથરા રે જી;
જો જો એની પોઢયા તણી ચતુરાઇ—ગરનારીના૦

વેલાને તો ચરણે રે રામો બાવો બોલીયા રે જી;
દેજો ! દેજો ! પીરૂંના ચરણુંમાં વાસ—ગરનારીના૦

ગરનારી ! ગરવો શણુગાર રે
જૂના જોગી ! ગરવો શણુગાર રે
જૂનાણું જોયાની મારે હામ છે.

મરઘી–કુંડ કાંઠે ઉભી જોગણી રે
બાળુડા ! મરઘી કુંડ કાંઠે ઉભી જોગણી રે
જોગણી કરે લલકાર રે—જૂનાણું૦

ચડવા ઘોડો પીરને હંસલો
બાળુડા ! ચડવા ઘોડો પીરને હંસલો
ખળકે તીર ને કમાન રે—જૂનાણું૦

વેલાનો ચેલો રામ બોલીયા રે
બાળુડા! વેલાનો ચેલો રામ બોલીયા રે
આવ્યા શરણે ઉગાર રે—જૂનાણું૦

આ પ્રભાતીયું નારણ માંડળીઆ નામના કોઇ કણબીએ રચ્યું છેઃ

જાગોને ગરવાના રે રાજા!
જાગોને ગરનારી રાજા!
તમ જાગે પરભાત ભયા.

દામો રે કુંડ ગરૂ! વાડી તમારી
ટાઢાં રે જળ એ કરિયાંઃ
દામા કુંડમાં નાવાં ધોવાં
પંડનાં પ્રાછત દૂર થીયાં—જાગોને૦

ભવનાથજીમાં મેળો ભરાણો
કુળ તેત્રીસ દેવ જોવા મળ્યા;
ભવનાથજીમાં રે ભજન કરતાં
લખ ચોરાશીના ફેરા ટળ્યા—જાગોને૦

ઉંચું રે દેવળ માતા અંબાનું કહીએ
નીચા વાઘેશરીના મોલ રે;
વેદીઆ નર ત્યાં વેદ જ વાંચે
મુનિવર તારૂં ધ્યાન ધરે—જાગોને૦

તાલ પખાજ વેલા! જંતર વાગે
ઝાલરીએ ઝણુકાર ભયો;
વેલનાથ ચરણે ગાય નારણ માંડળીઓ
શરણે આવીને તમારે રીયો—જાગોને૦

મૈયારી ગામના ગરાસીઆ રાણીંગ મેર પણ વેલાના દાસ બન્યા. એણે ભજન આદર્યાં:

રાણીંગદાસ સરભંગી સાબના ચેલા.
રાણીંગદાસ ગિરનારી સાબના ચેલા.

મેલી મયારી ને મેલી રે મમતા
હુવા ગરાસીઆ ઘેલા–રાણીંગદાસ૦

ગરવેથી ગેબી જોર બજાવે ને
પાયા પિયાલા લઈ પૂરા–રાણીંગદાસ૦

પીયા પિયાલા મગન ભયા મન
છૂટી સેનામાં ગજ ગેલા–રાણીંગદાસ૦

શબદે મારે ને શબદે જીવાડે ધણી
શબદ સૂકાને કરે લીલા–રાણીંગદાસ૦

વેલનાથ ચરણે બોલ્યા રાણીંગદાસ
માતા મીણાં ને પિતા વેલા–રાણીંગદાસ૦

ભૈરવ–જપના શિખરની નજીક સાત વીરડા છે. એ વીરડા વેલા બાવાના કહેવાય છે. દર વર્ષે મહા શિવરાત્રિના મેળા વખતે એક વેલા બાવાના વંશ માંહેલો માણસ ને એક સેંજળીઆ કણબીનો કુટુંબી એ વીરડા પર જાય છે. પાંદડાનો કુચો વાળી ચોળી વીરડા સાફ કરે છે. લોબાનનો ધૂપ પેટાવે છે. પછી એકતારાના સૂર સાથે આરાધ ઉપાડે છે કેઃ

આવો તો આનંદ થાય
નાવો તો પત જાય રે :
ગરવા વાળા નાથ વેલા !
આ રે અવસર આવજો !

અનહદ વાજાં વાગીયાં સ્વામી !
　જોઉં તમારી વાટ રે;
હું સુવાગણ સુંદરી
　મારે તમારો વિશવાસ રે—આવો તો૦

કાયામાં *કાળીંગો વ્યાપ્યો
　થોડે થોડે ખાય રે :
ભવસાગરમાં બેડી બૂડતાં
　બાવે પકડેલ બાંય રે—આવો તો૦

[1]સામસામાં નિશાન ઘુરે ધણી !
　ઘાયે પડઘાયે જાગ રે;
ખડગ ખાંડું હાથ લીધું
　ભાગ્યો કાળીંગો જાય રે—આવો તો૦

વેલનાથ તમારા હાથમાં
　બાજીગરના ખેલ રે;
વેલા ચરણે બોલ્યા રામૈયો
　ફેર [2]મનખ્યો લાવ્ય રે—આવો૦

કહે છે કે પૂર્વે આ ગીત ગવાતું ત્યારે સહુ માણસો દેખે તેમ પત્થરોમાંથી પાણીનાં ઝરણ આવતાં અને વીરડા જળે ભરાતા.

એ પરથી તો વરસ મપાતું. વીરડા છલી જાય તો સોળ આના વરસ : ને અધૂરા રહે તો તે પ્રમાણે.

વરસની એંધાણી જોવા માટે ઘણા ઘણા કણબીઓ ત્યાં જતા. નજરે જોનારા આ વાતની સાખ પૂરે છે.

---

* કળિયુગ ૧. વેલાને ખડગ લઇ કલિની સાથે લડતો કલ્પેલ છે.
૨. મનુષ્યાવતાર.

એક વધુ આગમ–ગીત નીચે મુજબનું મળ્યું છે. એ ગીતમાં તો પરચાઓ પ્રત્યે તિરસ્કાર જ દર્શાવ્યો છેઃ

વેળા ધણી! વચન સુણાવ રે!
આગમ વેળાની કરૂં વિનતિ.

[1]બાળૂડા! બાળૂડા! મુવાં મૈયતને બોલાવશે
એને હથેળીમાં પરમેશ્વર દેખાડે રે
એવા પાખંડી નર જાગશે!

[2]બાળૂડા! બાળૂડા! જળને માથે આસન વાળશે;
એનાં અદ્ધર પોતીઆં સૂકાય રે–એવા૦

[3]બાળૂડા! બાળૂડા! બગલાંની વાંસે બાળા ધોડશે,
એક નર ને ઘણી નાર રે–એવા૦

બાળૂડા! બાળૂડા! ઘોડામુખા નર તો જાગશે,
એની વાણીમાં સમજે નહિ કોઇ રે–એવા૦

---

૧. એ બાળૂડા યોગી! ભવિષ્યમાં તો એવા પાખંડીઓ જાગશે કે જે મુવેલાં મનુષ્યોને બોલતાં કરીને અંધશ્રદ્ધાળુઓને એવી ભ્રમણા ઉપજાવશે કે જાણે તેઓ પ્રભુની શક્તિ ધરાવે છે.

૨. એ પાખંડીઓ પાણી પર આસન વાળીને મેલી વિદ્યાને બળે પોતાનાં વસ્ત્રો અદ્ધર સૂકાતાં બતાવશે.

૩. એવા ઉપરથી ચોકખાં દેખાતા પાખંડીઓની પાછળ ભોળાં લોકો દોડશે. એક એક પુરૂષને ઘણી સ્ત્રીઓ વળગશે.

વેલનાથ ચરણે રામો બોલીઆ રે જી
ઈ છે આગમનાં એંધાણ રે
આગમ વેળાની કરૂં વિનતિ.

---

વેલા બાવાને 'બાળુડો' 'ગરનારી' 'ગરવાના રાજા' ને 'સરભંગી' એવાં બિરદ અપાતાં: સરભંગી એટલે સર્વ પંથનો; કોઇ એકાદ સંપ્રદાયનો નહિ.

રામ બાવાએ આવાં ત્રણસો ભજનો રચ્યા કહેવાય છે. કેટલાએકમાં શબ્દની વિકૃતિ એટલી બધી થઈ ગઇ છે કે અર્થ સૂઝતો નથી.

વેલા ભગતની સમાધી સૌરાષ્ટ્રમાં ખાખરીયા સ્ટેશન પાસે ખડખડ ગામમાં છે. જગ્યા સાદી છે. દેવમંદિર જેવું કશું નથી. બીજી જગ્યા ગિરનારની તળેટીમાં ભવેશ્વર પાસે છે.

એની ચોથી પાંચમી પેઢીનાં કુટુંબો ખડખડમાં વસે છે. એ લોકો સૌરાષ્ટ્રના ઘણા કોળીઓ પાસેથી કાંઇક લાગો ઉઘરાવીને નભે છે.

પાંચ
પ્રાણવંત જીવન ચરિત્રો

દેશબંધુ
૧-૦-૦

નરવીર લાલાજી
૦-૧૦-૦

રાષ્ટ્રવીર શિવરાજ
૦-૧૦-૦

ઝંડાધારી
૦-૧૦-૦

સત્યવીર શ્રદ્ધાનંદ
૦-૮-૦

દરેક પુસ્તકના
સળંગ કપડાના સુંદર પૂંઠાના
ચાર આના વધારે.

સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિર
રાણપુર-(કાઠિયાવાડ)